## પ્રકરણઃ૧

# ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિ

સાહિત્ય એ સમાજનો આયનો છે.સાહિત્યને આપણે એના સમય તેમજ સમાજસંદર્ભથી છૂટુ પાડીને એનુ વાચન કરી શકતા નથી.સાહિત્યનો વિષય સમગ્ર માનવજાત છે અને આ વિષયને પોતાની લેખનકળાથી સાહિત્યમાં આલેખનાર સર્જક સમાજનો રહેવાશી છે.સાહિત્યિક મીમાંસાની પરિભાષામાં એને'ક્રાંતદૃષ્ટા'કહેવામાં આવ્યો છે.તો વિવેચકોએ સર્જક એ કોઇ યુગનું સંતાન હોય છે અને એ યુગના પ્રભાવોથી અલિપ્ત નથી રહી શકતો એમ કહ્યુ છે.ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાંથી પસાર થતા આપણે જોઇ શકીએ છીએ કે સર્જક એના તત્કાલીન યુગપરિબળોને પોતાની સાહિત્યિક રચનાઓમાં ઝીલે છે.જેમકે'સુધારકયુગ'નું નામકરણ જ એ સમયના સાહિત્યકારોએ સમયની માંગને અનુસરી સમાજમાં સુધારાની પ્રવૃતિને વેગ આપવા સમાજના પ્રશ્નોને પોતાના સાહિત્યમાં સ્થાન આપ્યુ.'ગાંધીયુગ'માં ગાંધીજીના વિચારોનો પ્રભાવ સાહિત્યકારો પર રહ્યો.અસ્પૃશ્યતા નિવારણના એમના વિચારોથી પ્રભાવિત સાહિત્યકારોએ દલિત સમાજજીવનનું આલેખન સહાનુભૂતિપૂર્વક પોતાની રચનાઓમાં કર્યુ.આમ સાહિત્યનો સર્જક પોતાના સમાજજીવનથી જોડાયેલો હોય છે.તેમ છતાં ભારતીય ઉપખંડની જે મૂળભૂત સમસ્યા છે કહો કે ભારતીય સંસ્કૃતિનું એક અંગ છે તે જાતિવાદ પ્રત્યે ગુજરાતી સાહિત્યના સર્જકોએ આંખ આડા કાન કર્યા હતાં અને એ સ્વભાવિક પણ હતું કારણકે ગુજરાતી સાહિત્ય પર ત્રણ ટકા બ્રાહ્મણોનું અસ્તિત્વ હતું.સમાજનો બહુજન વર્ગ શિક્ષણથી વંચિત હતો.સમાજમાં જ તેમનું સ્થાન છેવાડાનું હતું પછી સાહિત્યમાં તેમને સ્થાન કઇ રીતે હોય શકે?ગોવર્ધનરામ ત્રિપાઠી ગુજરાતી સાહિત્યની મહાનવલ'સરસ્વતીચંદ્ર'લખે છે.નવલકથાનો ઉદેશ્ય હતો'કલ્યાણરાજ્યની સ્થાપના'નો પણ આ કલ્યાણરાજ્યમાં હજારો વર્ષથી જે સમાજને ઉત્પીડિત કરવામાં આવ્યો,જેમની સાથે અમાનવીય વ્યવહાર થયો એ સમાજનું દલિત પાત્ર જ ગેરહાજર છે.શું કલ્યાણરાજ્ય માત્ર સવર્ણ સમાજ માટે જ સ્થાપિત કરવાનું છે?સમાજનો બહોળો વર્ગ ક્યાં?જોકે આગળ કહ્યું એમ ગાંધીયુગમાં ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયેલા કેટલાક સાહિત્યકારોએ દલિત સમાજજીવનનું આલેખન પોતાની સાહિત્યિક રચનાઓમાં સહાનુભૂતિપુર્વક કર્યુ હતું.રમણલાલ.વ.દેસાઇ,રામનારાયણ પાઠક,ઝવેરચંદ મેઘાણી,ઉમાશંકર જોશી,સુંદરમ વગેરે સવર્ણ સમાજમાંથી આવતા લેખકો પાસેથી દલિત સમાજજીવનને આલેખતી રચનાઓ મળે છે.જોકે આવી રચનાઓ વાંચી કેટલાક સવર્ણ માનસિકતાથી પીડાતા કલાવાદીઓ પોતાનો રોષ પણ ઠાલવે છે.રામનારાયણની પ્રખ્યાત વાર્તા'ખેમી'વાચીને રસીકલાલ પરીખ જણાવે છે કે"દાંપત્યજીવનનું ચિત્ર આલેખવા સર્જકને ઠેઠ ઢેડવાળે જવાની શી જરુર હતી?"તો પન્નાલાલ પટેલની'મળેલા જીવ'વાંચીને અર્વાચીનયુગના મહાકવિ ન્હાનાલાલ 'ગરમ પાણીના બંબા'માં પધરાવી દેવાની વાત કરે છે.

આમ આ ઉદાહરણો દ્વારા જોઇ શકીએ છીએ કે સમાજમાં જે જાતિના લોકોનું કોઇ અસ્તિત્વ નહોતું જેમની સાથે અસ્પૃશ્યતા-આભડછેટ રાખવમાં આવતી હતી એ સમાજનું અસ્તિત્વ સાહિત્યમાં કઇ રીતે હોઇ શકે?ગુજરાતી ભાષાના આદિકવિ તરીકે જેમને ઓળખાવવામાં આવ્યા છે તે નરસિંહ મહેતા હરિજનવાસમાં ભજન કરવા જાય છે તો તેમને નાગરી નાતમાંથી નાતબહાર મુકવામાં આવે છે.જેમણે પણ

પહેલ કરી તેમને જાતિવાદી માનસિકતાવાળા લોકોએ હેરાન કર્યા.સમાજ પરિવર્તન માટે લડનારા અને જાતિવાદ જેવા ભયંકર રોગ વિરુદ્ધ અવાજ ઉઠાવનારા પણ સમયે સમયે મળતા રહ્યા.ઓગણીસમી સદીમાં મહારાષ્ટ્રમાં જોતિબા ફૂલે અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફૂલેએ શુદ્ર અને અતિશુદ્ર સમાજના ઉદ્ધાર માટે સામાજિક અને શૈક્ષણિક પ્રવૃતિઓનો પ્રારંભ કર્યો.તેમણે'ગુલામગીરી'પુસ્તક લખીને શુદ્ર-અતિશુદ્ર વર્ગના લોકોને હિન્દુ ધર્મની કહો કે બ્રાહ્મણવાદી ધર્મની માનસિક ગુલામીની ઝંઝીરોમાંથી મુક્ત થવાની વાત કરી.કોઇ પણ ધાર્મિક ગ્રંથ એ ઈશ્વરનું સર્જન નથી એમ તેમણે પુસ્તક લખીને સિદ્ધ કરી આપ્યુ.શુદ્રોની હાલત માટે તેમણે શિક્ષણના અભાવને જવાબદાર ઠેરવ્યુ.માળી સમાજમાં જન્મેલા જોતિરાવ ફુલેએ આ રીતે સમગ્ર સમાજનો રોષ વેઠીને શુદ્રોના ઉદ્ધારની કામગીરી કરી.આ ઉપરાંત તેમણે'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી. તેમના પત્નીને પ્રથમ જાતે શિક્ષિત કર્યા અને એ પછી સ્ત્રીઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા શરુ કરી.આ બન્ને દંપતિએ પોતાનું સમગ્ર જીવન દબાયેલા-કચડાયેલા,શોષિત-પીડિત,દીન-હીન લોકોને તેમના થતાં શોષણમાંથી મુક્ત કરવામાં તથા અવિદ્યાના કારણે તેમના જીવનમાં ફેલાયેલા અંધકારને દૂર કરવામાં સમર્પિત કરી દીધુ હતું.સાવિત્રીબાઇ જ્યારે તેમના દ્વારા ખોલવામાં આવેલી કન્યાશાળામાં ભણાવવા માટે જતા ત્યારે શુદ્ર-અતિશુદ્ર અને નારી શિક્ષાના વિરોધીઓ તેમના પર પત્થર અને છાણ ફેંકતા હતા.અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનની જ્યોત પ્રજ્વલીત કરનાર સાવિત્રીબાઈ ફુલેનો એક જ મૂળ મંત્ર હતો સૌને શિક્ષણનો અધિકાર મળે.તેમણે એ સમયમાં વિધવાવિવાહની શરુઆત કરી.૨૯મી જુન ૧૮૫૩માં'બાળહત્યા નિષેધગૃહ'ની સ્થાપના કરી જેમાં વિધવાઓ પોતાના બાળકને જન્મ આપી શકતી હતી.અને જો બાળકને પોતાની સાથે ન રાખી શકે એમ હોય તો તે ત્યાં છોડીને પણ જઈ શકતી હતી.તેમણે કહ્યુ હતું કે

"માત્ર એક જ શત્રુ છે આપણો
સાથે મળીને કરીશું એને બહાર
તેના સીવાય આપણો બીજો કોઇ દુશ્મન નથી
બતાવું છું એ શત્રુનું નામ
સાંભળો ધ્યાનથી એ શત્રુનું નામ
તે છે અવિદ્યારુપી અજ્ઞાન"

છત્રપતિ શાહુજી મહારાજે પોતાના રાજ્યમાં અંત્યજ શાળાઓ ખોલી અને અનામત પ્રથા લાગુ કરી.એ જ રીતે વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવે પોતાના રાજ્યમાં શુદ્રો અને અતિશુદ્રો માટે અંત્યજ શાળાઓ ખોલી શિક્ષણ આપવાની પહેલ કરી.ત્યારબાદ દલિતોના મસીહા ડૉ.બાબાસાહેબ આંબેડકરનું દલિતોના ઉદ્ધારમાં મહત્વનું યોગદાન બની રહે છે.સમગ્ર ભારતના શૈક્ષણિક ઈતિહાસમાં આજ સુધી સૌથી વધુ શિક્ષિત વ્યક્તિ તરીકે તેમનું સ્થાન અકબંધ છે.જેમને'જ્ઞાનના પ્રતીક'તરીકે ઓળખવામાં આવે છે.દલિત સમાજજીવનમાંથી આગળ આવનાર ડૉ.બાબાસાહેબને જીવનભર ઘણાં જાતિવાદી

અપમાનોનો સામનો કરવો પડયો હતો.પોતે આટલા બધા શિક્ષિત હોવા છતાય જો આવો અમાનવીય વ્યવહાર થતો હોય તો પછી અભણ અને અશિક્ષિત એવા પોતાના સમાજના અન્ય લોકો સાથે કેવો વ્યવહાર થતો હશે એમ વિચારી પોતાની સમગ્ર શક્તિ દલિતોદ્ધારની કામગીરીમાં લગાવી દે છે.ડૉ.બાબાસાહેબની ગૌરવપૂર્ણ સામાજિક ચેતના પરંપરાગત જીવનમૂલ્યો સામે વિદ્રોહ સમાન છે.તેમનુ સ્વતંત્ર ચિંતન,તત્વદર્શન,માનવતાવાદી કરુણા દલિતવર્ગને સમાજમાં માનવતાનો હક્ક અપાવે છે.'શુદ્ર કોણ અને કેવી રીતે?','જાતિભેદનો ઉચ્છેદ','ભારતમાં જાતિઓ','બુદ્ધ અને તેમનો ધમ્મ'જેવા પુસ્તકો લખી દલિત સમાજમાં આત્મસન્માનની ભાવના પ્રસરાવે છે.આ પુસ્તકો દ્વારા રજૂ થયેલા તેમના વિચારો આગળ જતાં દલિતસાહિત્યના પ્રેરણાસ્ત્રોત બને છે.ડૉ.બાબાસાહેબ આંબેડકરે દલિતોના હિતોની વિરુદ્ધ નિયમો ફરમાવનાર'મનુસ્મૃતિ'ગ્રંથની જાહેમાં હોળી કરી,હિન્દુ ધર્મની વિષમ સમાજરચના અને મૂળભૂત બ્રાહ્મણવાદી વિચારધારા પ્રતિ વિરોધ પ્રગટ કર્યો.મહાડના ચવદાર તળાવમાંથી પાણી પીને આંદોલન કરી અસ્પૃશ્યતા વિરુદ્ધ સંઘર્ષ કર્યો.ત્યારબાદ નાસિકના કાલારામ મંદિરમાં પ્રવેશ કરી દલિતોમાં સ્વમાનની ભાવના જાગૃત કરી.ઇ.સ.૧૯૨૦માં તેમણે'મૂકનાયક'નામનું સામયિક શરુ કર્યુ અને એ રીતે દલિતોના ઉદ્ધાર માટે સામયિકોનો આશરો લીધો.તેમણે'બહિષ્કૃત હિતકારિણી સભા'ની પણ સ્થાપના કરી હતી.આ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે કોલ્હાપુરના શાહુજી મહારાજ દ્વારા આર્થિક પીઠબળ મળતું હતુ.ઇ.સ.૧૯૪૨માં ડૉ.બાબાસાહેબ આંબેડકર દ્વારા નાગપુરમાં'ઑલ ઇન્ડિયા શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશન'ની સ્થાપના કરવામાં આવી.રાજકીય મંચ ઉપર સંગઠિત થવાની હાકલ કરતો દલિતોને'શિક્ષિત બનો,સંગઠિત રહો અને સંઘર્ષ કરો'નો જીવનમંત્ર આપ્યો.દલિતવર્ગને શિક્ષિત કરવા તેમણે એપ્રિલ ૧૯૪૫માં'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના કરી અને તેના દ્વારા ઇ.સ.૧૯૪૬માં મુંબઇમાં સિદ્ધાર્થ કૉલેજનો પ્રારંભ કરવામાં આવ્યો.ભારતની બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકરે સ્વતંત્રતા,સમાનતા અને બંધુતા પર વિશેષ ભાર મુક્યો.દલિતો માટે સરકારી નોકરી અને શિક્ષણમાં અનામતની જોગવાઇ કરી આપી.

મરાઠીમાં દલિત સાહિત્યનો ઉદ્ભવઃ

જોતિબા ફુલે,શાહુજી મહારાજ,ડૉ.બાબાસાહેબ આંબેડકર જેવા દલિત નેતાઓના વિચારોનો સીધો લાભ મહારાષ્ટ્રને મળ્યો.મહારાષ્ટ્રમાં દલિતોની એક સભાને સંબોધતા કહ્યું હતું કે"તમે તમારા સાહિત્ય સર્જન દ્વારા ઉદાત્ત જીવનમૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરો.તમારા વિચારો સંકુચિત કે સીમિત ન રાખતાં તેમને ઉદાર અને ઉદાત્ત બનાવો.તમારી વાણીને ચાર દીવાલોમાંથી મૂક્ત કરો.તમારી કલમનો પ્રકાશ તમારાં જ આંગણામાં મર્યાદિત ન રાખતાં ગામેગામનાં ગહન અંધારા દૂર કરવા ચોમેર ફેલાવો.તમારે ભૂલવું ન જોઇએ કે આપણા આ દેશમાં ઉપેક્ષિતોનું,દલિતોનું અને દીન-દુઃખિયારાઓનું એક અલગ વિશ્વ છે.તેમનું દુઃખ, તેમની વ્યથા સમજો અને સાહિત્ય દ્વારા તેમનું જીવન ઉન્નત બનાવવા તમે તમારી સર્જનશક્તિ સમર્પિત કરો.ખરી માનવતા એમાં જ છે."[૧] દલિત આંદોલનના આ પ્રણેતાઓના વિવિધ કાર્યોથી મરાઠી દલિત સમાજ પ્રથમ જાગૃત થયો.આ મહાનુભવોના વિવિધ પ્રયત્નોથી દલિત સમાજ શિક્ષણ મેળવતો થયો.ઔરંગાબાદમાં સ્થપાયેલી મિલિંદ મહાવિદ્યાલયમાં દલિત યુવકો શિક્ષણ

મેળવતા થયા.શિક્ષિત બનેલી દલિતોની આ પ્રથમ પેઢી દ્વારા સર્જાયેલા સાહિત્યમાં આક્રોશનું પ્રમાણ વધુ હતું.એ પછી સાહિત્યિક સ્વરુપોમાં પોતાની વેદનાઓને અભિવ્યક્તિ આપી.મિલિંદ મહાવિદ્યાલયના એ સમયના પ્રિંસિપાલ ડૉ.મ.ના.વાનખેડેએ દલિત સર્જકોને પ્રોત્સાહન પુરુ પાડવા માટે ઇ.સ.૧૯૩૭માં 'મિલિંદ સાહિત્ય સભા'ની સ્થાપના કરી અને એની અંતર્ગત'અસ્મિતા'પત્રિકાનો પ્રારંભ કર્યો.ઇ.સ.૧૯૬૬માં'સિદ્ધાર્થ સાહિત્ય સંઘ'નામની સાહિત્ય સંસ્થાની સ્થાપના કરવામાં આવી.આ સંસ્થાની સ્થાપનાથી દલિતસાહિત્યની કૃતિઓના સર્જન અને પ્રકાશનમાં ગતિ આવી.બીજી માર્ચ ૧૯૫૮ના રોજ'મહારાષ્ટ્ર દલિત સાહિત્ય સંઘે'દલિત સર્જકોનું પ્રથમ સંમેલન યોજ્યુ.આ સંમેલનમાં ભાગ લેનારા મોટાભાગના સર્જકો રિપબ્લિકન પાર્ટી સાથે જોડાયેલા હતા.ડૉ.આંબેડકરના મૃત્યુ પછી કેટલાક વિવાદોને લીધે રિપબ્લિકન પાર્ટીમાં તિરાડ પડતા તે બે ભાગમાં વહેચાઇ ગઇ.તો દલિત સાહિત્ય સંઘના પણ'મહારાષ્ટ્ર બૌદ્ધ પરિષદ'અને'મહારાષ્ટ્ર બૌદ્ધ સાહિત્ય સભા'એમ બે ટુકડા થઇ ગયા.આ બન્ને સાહિત્યિક સંસ્થાઓએ દલિત સાહિત્યના નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

અમેરિકન નિગ્રો લેખકોએ ઇ.સ.૧૯૬૬માં'બ્લેક પેંથર'ની સ્થાપના કરી હતી.તેમાંથી પ્રેરણા લઇને મહારાષ્ટ્રમાં ઇ.સ.૧૯૭૨માં'દલિત પેંથર'ની સ્થાપના કરવામાં આવી હતી.'દલિત પેંથર'આંબેડકરના વિચારોને અનુસરતું યુવા સંગઠન હતું.આ સંગઠનની સ્થાપનાથી મરાઠી દલિત સાહિત્યના નિર્માણમાં વેગ આવ્યો.આમ,ઇ.સ.૧૯૬૦થી મરાઠીમાં દલિતસાહિત્ય એક આંદોલનરુપે ઉદભવ્યુ હતું.ડૉ.બાબાસાહેબના પરિનિર્વાણ પછી તેમની માનવતાવાદી વિચારધારા દલિતસાહિત્યરુપે મરાઠીમાં નામદેવ ઢસાળના'ગોળપીઠા',વામન નિંબાડકરના', 'ગાવકુસાબહારચી કવિતા',યશવંત મનોહરના'ઉત્પાનગુફા',કેશવ મેશ્રામના 'ઉત્ખનન',પ્રકાશ જાધવના'દસ્તખત'વગેરે કાવ્યસંગ્રહો દ્વારા દલિત કવિતા મંચ રચાય છે.આ કવિતાઓમાં સ્વકીય અનુભૂતિનો રણકાર વિદ્રોહ પરંપરા નિષેધ,સંઘર્ષ,યથાર્થ વેદના નિરુપણ,અસ્મિતા ખોજ,ક્રાંતિની મહાગર્જના જોવા મળે છે.ત્યારબાદ દલિતચેતનાના આ સૂરો વાર્તા,નવલકથા,નાટક,આત્મકથા જેવા સ્વરુપોમાં પણ આલેખાય છે.

ગુજરાતીમાં દલિતસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસઃ

મરાઠીમાં ઉદ્ભવેલા દલિતસાહિત્યનો પ્રભાવ અન્ય ભારતીય ભાષાઓના સાહિત્ય પર પણ પડ્યો.મરાઠી દલિતસાહિત્યનાં આંદોલનનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ ગુજરાતી ભાષા પર પડ્યો.આ સીવાય સ્થાનિક કક્ષાએ ગુજરાતમાં થયેલા કેટલાક આંદોલનોએ પણ પ્રેરણા પુરી પાડી હતી. ગુજરાતી દલિત સાહિત્યના પ્રેરક પરિબળ તરીકે ઇ.સ.૧૯૮૧ અને ઇ.સ.૧૯૮૫નું વર્ષ એટલા માટે મહત્ત્વનું બની રહે છે કે આ સમયે અનામત વિરોધી આંદોલનો થયા હતા.ઇં.સ.૧૯૮૧ના અનામત આંદોલને દલિત ચેતનાને સક્રિય કરી,એટલું જ નહીં આ આંદોલને દલિતોમાં એકતા લાવવાનું કામ કર્યુ.માનવીય અધિકાર માટે સંઘર્ષ કરનારા કર્મશીલોને એક જુટ કરવાનું કામ આ ઘટનાએ કર્યુ.એવી જ રીતે ઇ.સ.૧૯૮૫ના આંદોલને પણ દલિત સાહિત્યના સર્જન માટે મહત્વની ભૂમિકા પુરી પાડી.આ અનામત વિરોધી આંદોલન વિશે અને એના પડેલા પડઘાઓ વિશે વાત કરતા જાણિતા દલિત સાહિત્યકાર હરીશ મંગલમ જણાવે છે"ઇ.સ.૧૯૮૧ અને ઇ.સ.૧૯૮૫માં સમગ્ર ગુજરાતમાં આપણને અનામત આંદોલનના નામે એક

આયોજિત યુદ્ધનો કહો કે સામંતી મનોવૃત્તિના વરવા રુપનો ભયંકર જાત અનુભવ થયો.ચોમેર જાતિવાદનું ઝેર પ્રસર્યુ અને જે કામ થતાં વર્ષોના વર્ષ લાગત તે કામ થયું દલિતોમાં એકતા આણવાનું.ગુજરાતની સામાજિક-રાજકીય પરિસ્થિતિઓએ ઐતહાસિક કરવટ લીધી.કહેવાતી ઉચ્ચ જાતિ પ્રત્યેનો દલિતોનો રહ્યો-સહ્યો વિશ્વાસ પણ ડગી ગયો.કચડાયેલા વર્ગના કલ્યાણ અર્થે બંધારણના સમાવિષ્ટ આદર્શો અને ભાવના પર કુઠારાઘાત થયો.આ ઘટના માનવીય ઈતિહાસમાં કાળો ડાઘ બનીને વિસ્તરી રહી.આ હળહળતા અન્યાય સામે યુવાન દલિત સાહિત્યકારોનો વિદ્રોહ ભભૂકી ઉઠયો."[૨]તો ડો.વિદ્યુત જોષી પણ ગુજરાતી દલિત સાહિત્યના પ્રેરક પરિબળ તરીકે ઈ.સ.૧૯૮૧ અને ઈ.સ.૧૯૮૫ના અનામત આંદોલનને ગણાવે છે.તેઓ કહે છે કે"જેને પ્રચલિત ભાષામાં અનામત વિરોધી આંદોલનો કહેવામાં આવે છે તે ઈ.સ.૧૯૮૧ અને ઈ.સ.૧૯૮૫ના બે દલિત વિરોધી આંદોલનોએ ગુજરાતના દલિત સાહિત્યને ચાલના પૂરી પાડી છે."[3]

તો ભી.ન.વણકર પણ કહે છે કે"ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલનને કારણે દલિત જનતાની વેદનાને વાચા મળી."[૪]ગુજરાતી દલિત સાહિત્યના ઉદ્દભવ અંગે મોહન પરમાર જણાવે છે કે"આપણે ત્યાં ૧૯૮૧ના અનામત આંદોલન પછી દલિત સાહિત્યના સાચા પગરણ મંડાયા તે વખતે મિલો બંધ થવાથી એક બાજુ ગરીબીની વ્યથા અને બીજી બાજુ સામાજિક અસમાનતા સામે ઝઝૂમવાનું માથે પડતા દલિત જાગૃત બન્યા.દલિત સાહિત્યનો જન્મ અસ્પૃશ્યતા,સામાજિક અસમાનતા,ધર્માંધતા,અત્યાચારો વગેરે અનિષ્ટો સામે આક્રોશ વ્યક્ત કરવાના ભાગ રુપે થયો."[૫]તો અજીત ઠાકોર ગુજરાતીમાં થયેલા દલિત સાહિત્યના ઉદભવ અંગે જણાવતા કહે છે"આજની દલિત સર્જક ચેતના માનવદ્રોહી,રાષ્ટ્રદ્રોહી અને ધર્મદ્રોહી બ્રાહ્મણવાદી વર્ણવ્યવસ્થાના રહેંસી નાખતા કઠોર અનુભવમાંથી ઉદભવી છે."[૬]તો કાન્તિ માલસતર જણાવે છે કે"ગુજરાતના દલિત સર્જકોને ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રત્યક્ષ પ્રેરણા નથી મળી કે મરાઠી સાહિત્યનો પણ ખાસ લાભ નથી મળ્યો પણ ગુજરાતના અનામત વિરોધી આંદોલનના હડહડતા અન્યાય સામે દલિત શિક્ષિતોનો રોષ ભજન કે કથાને બદલે જ્વાળારુપે ફૂટયો ને આંદોલનના રુપે દલિત સાહિત્ય સર્જાવા માંડયું.દલિત મુક્તિ આંદોલન અને દલિત સાહિત્ય આંદોલન એકબીજાના પર્યાયના રુપમાં જન્મેલ આંદોલન છે.દલિત મુક્તિ આંદોલન સામાજિક સ્તર પર સક્રિય હતું,તેનાથી પ્રેરણા લઈને દલિત સાહિત્ય આંદોલન સાહિત્યિક ક્ષેત્રમાં નવી ચેતનાનો વિસ્તાર રચી રહ્યો હતો."[૭] આમ ગુજરાતીમાં ઉદ્દભવેલા દલિત સાહિત્યના પ્રેરક પરિબળો તરીકે ગુજરાતમાં બે બે વાર થયેલા અનામત વિરોધી આંદોલનો તો એ પછી થયેલા દલિતો ઉપરના અત્યાચારો છે.મરાઠી'દલિત પેંથર'થી પ્રભાવિત થઈને ગુજરાતીમાં ઈ.સ.૧૯૭૫માં ડૉ.રમેશચંદ્ર પરમાર'પેંથર'નામનું સામયિક કાઢે છે.સૂરજ'ના નવ અંકો પ્રકાશિત થયા હતા.'કાળો ત્યારબાદ ૧૪મી એપ્રિલ ૧૯૭૮ના રોજ રમેશચંદ્ર પરમારના તંત્રીપદે ગુજરાતી દલિત કવિતાનું પ્રથમ સામયિક'આક્રોશ'શરુ થાય છે.આ સામયિકના સંપાદકો નીરવ પટેલ,દલપત ચૌહાણ,પ્રવીણ ગઢવી અને યોગેશ દવે હતા. આ સામયિકના પ્રથમ અંકની સંપાદકીય નોંધમાં લખવામાં આવ્યુ હતું કે "દલિતોના દુઃખદર્દો, અપમાન, અન્યાય, અત્યાચાર, અનાચાર, તિરસ્કાર, ઘૃણા, જુગુપ્સા, વેઠવૈતરું, વસવાયાપણું, અસ્પૃશ્યતા, હિંસા, ગરીબી, નિરાશા, લાચારી, શોષણ, ભેદભાવ, ઓરમાયાપણું, પૂર્વાગ્રહ,લઘુતાગ્રંથિ, અને તેની સામે એમનું

ભોળપણ, સરળતા, સાલસપણું, દિલાવરી, સામાજિકતા, સ્વમાન, કૌશલ, સંસ્કાર અને અસ્મિતા એ સઘડાને વર્ષોથી ઝીલતાં વ્યક્ત થતું મૂક આક્રંદ એટલે દલિત કવિતા”[૮].‘આક્રોશ’ના કુલ ચાર અંકો પ્રગટ થયા હતા.તેમાં ઈ.સ.૧૯૮૧ના અનામતવિરોધી રમખાણોમાં પ્રગટ થયેલ અંકે ખળભળાટ મચાવી મુક્યો હતો. આ અંકમાં પ્રગટ થયેલી નીરવ પટેલની કવિતા‘જેતલપુર હત્યાકાંડ’ને લીધે કવિની ધરપકડ કરવામાં આવી.‘આક્રોશ’ની સાથોસાથ‘કાળો સૂરજ’પ્રગટયો. એના પ્રથમ અંકને ‘અસ્પૃશ્ય કવિતાપત્ર’એવુ નામ આપવામાં આવ્યુ.‘ધી લાલ દરવાજા પોએટ્રસ વર્કશોપ લિ’અમદાવાદ નામની અનૌપચારિક સાહિત્યિક સંસ્થા દ્વારા‘કાળો સૂરજ’મુખ્યત્વે કવિતાપત્ર હોવા છતા તેમાં ગદ્ય પણ પ્રકાશિત થવા માંડયુ હતુ.૧૪મી એપ્રિલ ૧૯૮૪થી તે‘દલિત સાહિત્ય સંઘ ગુજરાત’ના મુખપત્ર તરીકે પ્રકાશિત થવા માંડયુ અને દલિતસાહિત્ય ઋતુપત્ર બન્યુ.ઈ.સ ૧૯૮૯માં દલિતસાહિત્યનું પ્રથમ વાર્ષિક‘સર્વનામ’(સંપાદકઃ નીરવ પટેલ,ચંદુ મહેરિયા)પ્રકાશિત થયુ હતુ.ગુજરાતમાં દલિતસાહિત્યનુ પ્રથમ કવિતાપત્ર‘આક્રોશ’(૧૯૭૮)પ્રકાશિત થયું એના બે દાયકા પછી ૨૯મી જૂન ૧૯૯૭ના રોજ‘ગુજરાત દલિતસાહિત્ય અકાદમી’ની સ્થાપના થઇ હતી.માર્ચ ૧૯૯૮થી તેના મુખપત્ર તરીકે‘હયાતી’ત્રૈમાસિકનો આરંભ થયો. તે આજ સુધી કાર્યરત છે.દલિતસાહિત્યના વિકાસ-વિસ્તારમાં‘ગુજરાત દલિતસાહિત્ય અકાદમી’નો સિંહફાળો રહ્યો છે.‘હયાતી’ત્રૈમાસિકના હાલના તંત્રી હરીશ મંગલમ્ છે.કવિતા,વાર્તા,નવલકથા અને સમાજચિંતન જેવા લેખો તેમાં પ્રગટ થતા રહે છે.અને એ રીતે દલિતસાહિત્યને જીવંત રાખવામાં પ્રાણવાયુ સમુ કામ કરે છે.ગુજરાતી દલિત કવિતા એવા નામકરણ સાથે સાહિત્યિક આંદોલનની શરુઆત થાય છે.દલિત સાહિત્ય કે દલિત કવિતા એવા વિશિષ્ટ નામાભિધાન પહેલા પણ દલિત સંવેદનાને વાચા આપતી શાબ્દિક રચનાઓ મળે છે જેમકે ઈ.સ.૧૯૫૬માં જ્યારે દલિતોના મસીહા બાબાસાહેબ પરિનિર્વાણ પામ્યા ત્યારે અભણ,અર્ધશિક્ષિત દલિત મીલકામદાર કવિઓએ શોકાંજલિની રચનાઓ કરી હતી અને ડૉ.રમેશચંદ્ર પરમારે તેમના‘અંજલિ’ગ્રંથ માટે ૧૬૬ જેટલા કવિઓની રચનાઓ શોધી કાઢી હતી.‘આક્રોશ’પછી ‘કાળો સૂરજ’, ‘સર્વનામ’, ‘સ્વમાન’, ‘સમાજમિત્ર’, ‘દિશા’, ‘દલિતમિત્ર’, ‘વાચા’, ‘હયાતી’, ‘દલિત અધિકાર’, ‘દલિત શક્તિ’જેવા અનેક દલિત સામયિકોમાં દલિત કવિતા પ્રગટ થતી રહે છે.આ બધા સામયિકોમાં વિશેષ છાપ છોડી જાય છે ઈન્દુકુમાર જાની સંપાદિત ‘નયા માર્ગ’.મરાઠી દલિત કવિતાને માટે એક વિશિષ્ટ પૃષ્ઠભૂમિ જેમ ‘અસ્મિતાદર્શ’સામયિકે પુરી પાડી હતી એમ ગુજરાતી દલિત સાહિત્યને વિશેષ સ્થાન આપનાર સામયિક હતું‘નયા માર્ગ’.ગુજરાતી દલિત વાર્તા વિશેનો વિશેષાંક ઈ.સ.૧૯૮૫માં ‘ચાંદની’નામના પાક્ષિકમાં પ્રસિદ્ધ થાય છે.એ દરમ્યાન આ જ પાક્ષિકમાં“દલિત સાહિત્ય હોવું જોઇએ કે નહીં?”એ સંદર્ભે લગભગ ચૌદ અંક સુધી ચર્ચાઓ ચાલે છે.દલિત સાહિત્યના અલગ ચોકઠાના વિરોધ અને તરફેણમાં ઘણી ઉગ્ર ચર્ચાઓ ચાલે છે.અંતે બધાએ દલિત સાહિત્યનો સ્વીકાર કર્યો.એ દરમ્યાન જોસેફ મૅકવાનના રેખાચિત્રો‘નયામાર્ગ’માં છપાય છે.ઈ.સ.૧૯૮૧માં પ્રથમ ‘દલિત કવિતા’કવિતા સંગ્રહ(સંપાદકઃગણપત પરમાર,મનીષી જાની)મળે છે.જોસેફ મૅકવાનનો રેખાચિત્ર સંગ્રહ‘વ્યથાના વીતક’ઈ.સ.૧૯૮૬માં મળે છે.તો નવલકથા‘આંગળિયાત’મળે છે.આ જ વર્ષે આપણને વાઘરી કોમના શિક્ષિત જીવાભાઈની કથા રજુ કરતી નવલકથા‘બદલાતી ક્ષિતિજ’બિનદલિત લેખક જયંત ગાડીત પાસેથી મળે છે.તો દલિત વાર્તાઓનું

પ્રથમ સંપાદન‘ગુજરાતી દલિત વાર્તા’નામે  સંપાદકોઃહરીશ મંગલમ,મોહન પરમાર પાસેથી મળે છે.આ રીતે ગુજરાતી દલિત સાહિત્યની એક નક્કર ભૂમિનું નિર્માણ થયુ.ગુજરાતી સાહિત્યના અનુઆધુનિકયુગના પ્રવાહોમાં દલિત સાહિત્યએ પોતાની એક વિશેષ ઓળખ ઊભી કરી.

## સંદર્ભ સૂચિઃ

૧.જ્યોતિકર પી.જી.આર્ષદષ્ટાઃડો.બાબાસાહેબ આંબેડકર,દ્વિતીય આવૃત્તિ,૧૯૯૮,પૃ.૧૭

૨.તાદર્થ્ય,નવેમ્બર,૧૯૮૮,પૃ.૩૧

૩.જોષી વિદ્યુતઃ સાહિત્ય અને સમાજ,પાર્શ્વ પ્રકાશન,પૃ.૮૦

૪. વણકર ભી.ન.પ્રત્યાયન,પૃ-૧૨૫

૫. ગુજરાતી સાહિત્યકોશ, ભાગ-૩,પૃ.૧૮૨

૬. ઠાકોર અજિત,જાડેજા રાજેન્દ્ર(સંપાદક)દલિત ગુજરાતી વાર્તા ૧૯૯૫

૭.ભારતીય દલિત આત્મકથા,ડો.કાન્તિ માલસતર,ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી,પૃ.૧૩૦-૧૩૧

૮.આક્રોશ,સંપાદકઃનીરવ પટેલ,પ્રવીણ ગઢવી અને અન્ય,૧૪મી એપ્રિલ,૧૯૭૯

**પ્રકરણ:૧.૧:**

## ગુજરાતી દલિત કવિતા

દલિત સાહિત્યની શરુઆતમાં આપણને કવિતા લેખન થયેલું જોવા મળે છે.સંવેદનાઓને લાઘવથી પણ સચોટતાપૂર્વક અભિવ્યક્ત કરવા માટે કવિતાનું સ્વરુપ હંમેશા સર્જકને આકર્ષતું રહ્યું છે.દલિત સાહિત્ય એવા ચોક્કસ નામાભિધાન સાથે જ્યારે દલિત કવિતા લખવા માંડી ત્યારે એની શરુઆતમાં કોઈ વ્યક્તિગત કાવ્યસંગ્રહ મળતા નથી.એને સ્થાને દલિત કવિતાના સંપાદનો મળે છે.દલપત ચૌહાણ ગુજરાતી દલિત કવિતા સંદર્ભે જણાવે છે "ગુજરાતી સાહિત્યમાં દલિત કવિતાનું અવતરણ સીમાચિન્હરુપ છે અને ગુજરાતી સાહિત્યમાં નવું બનવાનો અણસાર'આર્તનાદ' (૧૯૭૪)માં છપાયેલ દલિત કવિતાના કોલમથી આવે છે.દલિત કવિતાની શરુઆત ઘણાં વહેલાં થયેલ હોવા છતાં તેનું મહત્વનું વળાંક બિન્દુ ૧૯૮૧ અને અનામતિયું હુલ્લડ બને છે.અને આઠ,નવ અને દસમાં દાયકાની દડમજલમાં દલિત કવિતા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે છે.આઠમાં અને નવમાં દાયકામાં કેટલાક કવિઓની કવિતામાં દલિત કવિતાનાં સૌંદર્યની વિશિષ્ટતા-સૌંદર્યબોધ અને મિજાજ ઉપસી આવે છે.અને આ સમયમાં દલપત ચૌહાણ,સાહિલ પરમાર,હરીશ મંગલમ,શંકર પેન્ટર,રાજુ સોલંકી અને નીરવ પટેલ દલિત કવિતાની ધૂરાનું વહન કરે છે.દલિત કવિતાના મુખપત્ર'આક્રોશ'(૧૯૭૮ એપ્રિલ,સંપાદકઃ દલપત ચૌહાણ,પ્રવીણ ગઢવી,નીરવ પટેલ,યોગેશ દવે)ના પ્રથમ અંકની સંપાદકીય નોંધમાં લખવામાં આવ્યું કે "દલિતોના દુઃખદર્દો, અપમાન, અન્યાય, અત્યાચાર, તિરષ્કાર, ઘૃણા, જુગુપ્સા, વૈઠ વૈતરું, વસવાયાપણું, અસ્પૃશ્યતા, હિંસા, ગરીબી, નિરાશા, લાચારી, શોષણ, ભેદભાવ, ઓરમાયાપણું,પૂર્વાગ્રહ,લઘુતાગ્રંથિ,અને તેની સામે એમનું ભોળપણ, સરળતા, સાલસપણું, દિલાવરી, સામાજિકતા,સ્વમાન,કૌશલ,સંસ્કાર અને અસ્મિતા એ સઘળાને વર્ષોથી જીલતાં વ્યક્ત થતું મૂક આક્રંદ"એટલે દલિત કવિતા"[૧].ડૉ.પથિક પરમાર આ સમયગાળાની દલિત કવિતા વિશે વાત કરતા જણાવે છે"આ સમયગાળામાં એક બાજુથી પ્રતીક,કલ્પન,પુરાકલ્પનની પ્રચુરતાવાળી રુપલીલાની કલાવાદી કવિતાઓ સર્જાય છે તો બીજીબાજુથી દલિતયુગનો આરંભ કરતી દલિત ચેતનાની જીવનવાદી કવિતાઓ સર્જાવા માંડે છે.આવી કવિતાઓને પ્રગટ કરનારા દલિત સામયિકો શરુ થાય છે.ઈ.સ.૧૯૭૨માં 'આર્તનાદ', ઈ.સ.૧૯૭૩માં'દલિતબંધુ',ઈ.સ.૧૯૭૮માં'આક્રોશ'અને ઈ.સ.૧૯૭૯માં'કાળો સૂરજ'જેવા નિયત અનિયતકાલીન સામયિકોમાં દલપત ચૌહાણ,પ્રવીણ ગઢવી,નીરવ પટેલ જેવા અગ્રેસર કવિઓની વિદ્રોહી ભાવની આક્રોશયુક્ત કવિતાઓ સૌનું ધ્યાન ખેંચે છે"[૨] નવમાં દાયકામાં દલિત કવિતાના મહત્વપૂર્ણ સંપાદનો મળે છે.જેમાં ગણપત પરમાર અને મનીષી જાની સંપાદિત'દલિત કવિતા'(૧૯૮૧)મળે છે.આ સંપાદનમાં ૩૯ જેટલી રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.સંપાદકીયમાં નોંધવામાં આવ્યુ છે કે "દલિત કવિતા એ દલિત ચળવળનો એક ભાગ છે. દલિત કવિતા એ ઘટનાવિધાનની કવિતા છે,રુપવિધાનની ઓછી.જીવાતા જીવનની સંવેદનાનું બયાન...આવું સચ્ચાઈપૂર્વકનું અને વાસ્તવિક સર્જન છે.આ સંગ્રહની રચનાઓ વિશે નોંધતા હરીશ મંગલમ જણાવે છે"દલિત કવિતામાંની સમગ્ર રચનાઓનું અવલોકન કરતા માલૂમ પડયુ છે કે,'દલિત કવિતા'સંચયનું

સંપાદન વધુ ઉદાર લાગે છે.ઘણી નબળી કૃતિઓ સંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવી ન હોત તો સરવાળે ખોટ નહોતી.પણ,આ પ્રથમ કિરણ સ્પર્શથી આપણે સહુ ધન્ય થઇ ગયા જે માટે પ્રા.ગણપત પરમાર ને મનીષી જાની અભિનંદનને પાત્ર ઠર્યા.એટલે દલિત કવિતાને આપણે ઉમળકાથી આવકાર્યુ એટલું જ નહી,બલ્કે,રચનાઓને વિવેચી જનસમૂહ સુધી પહોચાડવામાં સૌ કવિમિત્રોએ સજ્જતા ને સતર્કતા દાખવ્યાં.દલિત સાહિત્યના સત્યને પ્રસારવાનો બહોળો અવકાશ મળ્યો.તો સામે પક્ષે દલિત સાહિત્યનો વિરોધ થયો.શિરીષ પંચાલે એનો સણસણતો પ્રત્યુતર વાળ્યો,"...જો દલિત સાહિત્યની રચનાઓ અણઘડ છે તો કહેવાતા ઉજળિયાતોની રચનાઓ અણઘડ નથી હોતી એવું કોણે કહ્યું?પણ જાતિ,સત્તા,હોદ્દાની રુએ ઘણું બધું કૃત્રિમ,અણઘડ સાહિત્ય ઉત્તમ સાહિત્યમાં ખપી જતું હોય તો પછી દલિત સાહિત્યમાંથી પણ જે આશાસ્પદ,સંતોષકારક નમૂનાઓ મળી આવતા હોય તેમનો સ્વીકાર કરવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ.ઓછામાં ઓછુ અહી અનુભૂતિની સચ્ચાઇ,પ્રામાણિકતા તો છે જ અને એમાંથી ધીમે ધીમે કળાત્મકતા પાંગર્યા વિના ન રહે.અમેરિકન સાહિત્યમાં વૈવિધ્ય અને સામર્થ્ય પાછળ એક કારણ એ આપવામાં આવે છે કે એના સર્જકો ભારતીય સર્જકોની જેમ સમાજના કોઈ એક ચોક્કસ સ્તરમાંથી આવવાને બદલે સમાજના બહોળા વર્ગમાંથી આવશે ત્યારે વધું સમૃદ્ધ થશે અને ત્યારે કદાચ સાહિત્ય આમ વર્ગ વચ્ચે સજાર્યલી ખાઈ પણ દૂર થશે"[3]વસંત પુરાણી સંપાદિત'માણસ'ઈ.સ.૧૯૮૨ મળે છે.ચંદુ મહેરિયા અને બાલકૃષ્ણ આનંદ સંપાદિત 'વિસ્ફોટ'ઈ.સ.૧૯૮૪માં મળે છે.આ સંપાદનમાં ૬૪ જેટલી કાવ્ય રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ સંપાદન ગ્રંથની પ્રસ્તાવનામાં દીપક મહેતા જણાવે છે"આજના ભારતીય જીવનમાં દલિત સમાજનું અસ્તિત્વ નકારી શકાય તેમ નથી.આજનું દલિત સાહિત્ય સમાજ સાથે અવિનાભાવથી જોડાયેલું છે.એટલે એને દલિત સંજ્ઞા અપાય તેમાં કશું ખોટું નથી.....દલિત સાહિત્ય એ કોઈ વર્ણ કે વર્ગનું સાહિત્ય નથી.દુનિયામાં જ્યાં ક્યાંય દલિત-પીડિત-શોષિત-ક્ષુધાર્ત સમાજ હોય તેની સાથે ચૈતસિક અને ભાવાત્મક ઐક્ય નિપજાવી શકે તે દલિત સાહિત્ય"[૪]ચંદુ મહેરિયા સંપાદિત 'અસ્મિતા'ઈ.સ.૧૯૮૪માં મળે છે.આ સંપાદનમાં ૩૫ જેટલા કવિઓની ૭૧ જેટલી કાવ્યરચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ સંપાદન ગ્રંથની પ્રસ્તાવનામાં જોસેફ મૅકવાન નોંધે છે"આ સંગ્રહમાં કુલ ૩૫ કવિઓની કલમે ૭૧ કવિતાઓનો ફાલ ઉતર્યો છે.જે ૭૧ કુળ તારવવાની આશા બંધાવે છે.ચંદુ મહેરિયાએ વશમી વેદના,સામાજિક અન્યાય-અત્યાચાર,અંગે ઊંબાડિયા ચાંપતો આક્રોશ,ધરમને ઘમરોડતો વ્યંગ,લોકશાહીના લીરા કરતો કટાક્ષ,ગાંધીકથ્યા મૂલ્યનું નિકળતું ધનોત-પનોત,આઘે આઘે નેજવે થતી આશા જેવા સાત જેટલા વિભાગોમાં આ સંગ્રહને વહેચ્યો છે."[૫]તો હરીશ મંગલમ આ સમયે પ્રકાશિત થયેલા દલિત કાવ્યસંચયો વિશે જણાવતા કહે છે"આ સંચયોમાંથી પસાર થતાં દલિત કવિતા સર્જનનો ગ્રાફ મળી રહે છે.શરુઆતથી મુખર ને પ્રમાણમાં વાચાળ બનીને અટકી જતી રચનાઓ અહીં ઓછી નજરે પડશે.કશુંક કરીને ચોખ્ખું જળ પ્રાપ્ત થયાનો સંતોષ આ તબક્કે થયા વગર રહેશે નહિ.દલિત કવિતાની શરુઆત,કશુંક ધડાધડ કે ધમાધમ કરીને ભાગી જવાનું જાણે ના હોય,તેવી ભાસતી હતી.ખુલ્લંખુલ્લો બળાપો,આક્રોશ કે બિનજરુરી ગાળોનું પ્રયોજન,વગેરેથી કશું ના કરી શક્યા તો કંઈ નહિ પણ અભિવ્યક્તિ તો રજૂ કરીને!જેવો લુખ્ખો ભાવ પામ્યાથી શું વળે?એવી પરિસ્થિતિને વટાવીને

હવે,કાવ્યત્વ સુધીની દલિત કવિતાની ખેપ સમજવી ખૂબ જ રસપ્રદ રહી છે."[6]આ ઉપરાંત રાજુ સોલંકી સંપાદિત'સંકલન ગીત'(૧૯૮૫),મહેશચંદ્ર પંડયા સંપાદિત 'આનંદધારા',રમેશચંદ્ર પરમાર સંપાદિત'અંજલિ'(૧૯૮૭),હરીશ મંગલમ અને રાજુ સોલંકી સંપાદિત'મિલ છૂટયાની વેળા'તેમજ જયેન્દ્ર શેખડીવાળા સંપાદિત'શ્રમિક સૂર'(૧૯૯૦) જેવા સંપાદનો મળે છે.

ત્યારબાદ એક પછી એક વ્યક્તિગત કાવ્યસંગ્રહો પણ દલિત કવિઓ પાસેથી મળે છે.જેમની રચનાઓ દલિત સામયિકોમાં છપાતી હતી.સૌ પ્રથમ કે.બી.પંડયા પાસેથી'ચિનગારી'સંગ્રહ ઈ.સ.૧૯૮૨માં મળે છે.એ પછી દલપત ચૌહાણ પાસેથી'તો પછી'સંગ્રહ મળે છે.આ સંગ્રહની રચનાઓ વિશે નોંધતા હરીશ મંગલમ જણાવે છે કે"'તો પછી'(દલપત ચૌહાણ)ની દલિત કવિતાઓ-દલિત Identity નો લય બની રહી છે.આ કવિની કાવ્ય પરત્વેની નિષ્ઠા સ્પષ્ટપણે વરતાય આવે છે.પ્રતિબદ્ધતાની સાથે સાથે કાવ્યના ઓજારોને સંયમથી ખપમાં લેતાં કવિને ફાવ્યું છે ને કવિતાને ભાવ્યુ છે."[7]તેમની પાસેથી બીજો કાવ્યસંગ્રહ 'ક્યાં છે સૂરજ?'ઈ.સ.૨૦૦૦માં મળે છે.તેમની કવિતામાં સામાજિક,સાંસ્કૃતિક ચેતનાની અભિવ્યક્તિ,પ્રાચીન પાત્રોનો અનુઆધુનિક સંદર્ભે વિનિયોગ,પાત્રોના મનોસંચલનોમાં અનુઆધુનિકતા અને નવદર્શન રજુ થયેલું જોવા મળે છે.એ પછી બબલદાસ.બી.ચાવડા પાસેથી'અત્યાચારો થવા દો'(૧૯૮૪)કાવ્યસંગ્રહ મળે છે.એમની કવિતામાં આક્રોશ અને કટાક્ષનું તત્વ જોવા મળે છે.'અત્યાચારો થવા દો','ગાંડો હાથી','મુક્તિ માટે મુક્કો જોઈએ','માનવતા મરી પરવારી' તેમની ધ્યાન દોરતી કવિતાઓ છે.તો'ઢને કંઈ નંઈ ઢ'તેમની વિશિષ્ટ દલિત કવિતા છે.તેમની પાસેથી બીજો કાવ્યસંગ્રહ'બત્તીના અજવાળે'(૧૯૯૧)મળે છે.હરીશ મંગલમ જણાવે છે કે"'અત્યાચારો થવા દો'અને'બત્તીના અજવાળે'માંની મોટાભાગની રચનાઓ બની રહી છે.સામાજિક પ્રતિબદ્ધતા ભારોભાર નિરુપાઈ છે,અન્યાયો અને અત્યાચારોને કાવ્યમાં વણી લઈને અભિવ્યક્તિ સાધવાનું કવિને ઝાઝું ફાવ્યું જણાતું નથી.જોકે,એમની કવિતાઓની સમીક્ષા કરતાં મધુકાંત કલ્પિતે વિવેચ્યું છે કે,એની સમસ્યાઓ,મૂંઝવણો અને મથામણો અહીં ભિન્ન ભિન્ન તંતુઓથી જોડાઈને કવિતા બનવા ધારે છે.પણ કવિતા નામે નજાકત સુંદરી અહી ઉત્સાહી ભાવાવેશ અને તીવ્રતમ આવેગની થપાડથી છંછેડાઈ,રિસાઈ,મોં ફેરવી અવળી ફરી ઊભી છે.કાવ્યોચિત ભાવસંકલન,અનિયમિત સંવેગને કારણે સ્થિર સંવેદન પ્રગટાવવાને બદલે વૈધાનિક ઘોંઘાટ કરે છે."[8]

ગુજરાતી દલિત કવિતામાં લોકઢાળની પંક્તિઓનો વિશિષ્ટ રીતે પ્રયોગ કરી જાણનાર એવા લોકદૂલારે શંકર પેન્ટર પાસેથી બે કાવ્યસંગ્રહો મળે છે'બૂંગિયો વાગે'(૧૯૮૪)અને'દાતેડાનો દેવતા'(૧૯૮૯).શંકર પેન્ટરની કવિતા સંદર્ભે જણાવતા પથિક પરમાર નોંધે છે કે"દલિત કવિતાના આરંભે તેમણે લોકપ્રિય દલિત ગીતો આપેલા.આ કવિના ગીતો એમના બુલંદ અવાજે સાંભળવા એ અનોખો લહાવો છે.'કાળિયો ઢોલી','તોડ ચપણિયા ચાનાં'એમના સુપ્રસિદ્ધ ગીતો છે.તેમની કવિતામાં તળગામડાનાં દલિતજીવનની હૃદયદ્રાવક કારમી વેદનાનો ચિતાર જોવા મળે છે."[9]તેમના આ કાવ્યોમાં ઉત્તર ગુજરાતની દલિત બોલી, ભજન,લોકગીત,ભવાઈમાં ગવાતા ગીતોનો લય,ઢાળ અને ઘટનાવિધાનોથી ભરપૂર લોકભોગ્ય કવિતાઓ મળે છે.તો દલિતજીવનની કારમી વેદનાઓનો અનુભવ

પણ તેમની કાવ્યરચનાઓ વાચતા થાય છે.તેમના બીજા કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં જિતેન્દ્ર.અ.દવે નોંધે છે"શંકર પેન્ટરની કસાયેલી કલમમાંથી પ્રગટતાં કાવ્યો લોહીના લયમાંથી જન્મે છે.આજે જે સ્થિતિમાંથી દલિત સમાજ ગુજરી રહ્યો છે અને જે સંઘર્ષનો સામનો કરી રહ્યો છે,તેનું વાસ્તવિક,યથાતથ ચિત્ર શંકરભાઈની 'દાતેડાના દેવતા'ની કવિતામાં પ્રત્યક્ષ થાય છે.આ કાવ્યોમાંથી શબ્દના જે અંગારા ઝબૂકે છે તે કેટલાકને દઝાડે,પણ મને તો એ સ્ફુલ્લિંગ સમા શબ્દો,અગ્નિથી શુદ્ધ અને પવિત્ર બની આવતા જણાય છે.માટે જ મહેનતકશ આ પ્રજાનું વિત્ત મને એમાં જણાય છે."[૧૦]

સાહિલ પરમાર પાસેથી ત્રણ કાવ્યસંગ્રહો મળે છે'વ્યથાપચીસી'(૧૯૮૪)'એક રકાબી ફૂટી'અને 'મથામણ'.તેમની કવિતાઓમાં શોષણ,ચિંતા,વિષાદ,અભાવ,આભડછેટ,બેરોજગારી,સ્ત્રીઓ પરના અત્યાચાર,ભૂખમરો,બેહાલી,ગરીબી,સામંતશાહી સમાજ સામેનો આક્રોશ વ્યક્ત થયેલો જોવા મળે છે.'તોણવા માટે નૈ આવવાના','રોટલાની મંડાઈ મ્હોકાણ','મિલ છૂટયાની વેળા'તેમની વિશિષ્ટ રચનાઓ છે.સાહિલ પરમારની કવિતા વિશે વાત કરતા દલપત ચૌહાણ નોંધે છે કે"સાહિલની કવિતામાં જુસ્સો છે,ગુસ્સો છે.લય અને તાલ છે.સામાજિક પ્રતિબદ્ધતા અને સમાજને સુદૃઢ કરી બદલવાની નેમ છે.શ્લિલ-અશ્લિલની પરંપરાને તોડી લાગ્યુ તે લખ્યું એમાં અડફેટે ઈશ્વર ચઢે તોય પરવા નથી.સાથે સદીઓથી સદી ગયેલી મજબુરીને વળગેલી વેદનાઓને,વિદ્રોહના ઉત્કટ સૂરથી સચોટતા સાથે સચ્ચાઈ બક્ષે છે"[૧૧]તો હરીશ મંગલમ એમની કવિતા વિશે જણાવતા કહે છે'વ્યથા પચ્ચીસી'ની મોટાભાગની કવિતાઓ પ્રબળ આવેગમાં તાણી જાય છે.ભારોભાર વેદનાની સાથે સાથે હિન્દુ સમાજવ્યવસ્થા પર ધાર્યા ઘા કર્યા છે.સત્યની ઝાંખી કરાવતી આ રચનાઓ ભલભલાનાં કાળજાં કંપાવી દે તેવી છે.મિથનો ઉપયોગ કરીને થયેલા અત્યાચારો પ્રતિનો કવિનો રોષ કવિ કર્મમાં સુપેરે વ્યક્ત થવા પામ્યો છે."[૧૨]'એક રકાબી ફૂટી'સંગ્રહની પ્રસ્તાવનામાં ગીતા શાહ લખે છે"સ્ત્રીઓને બાળી મૂકવાના કે આત્મહત્યા તરફ પ્રેરવાના હજારો બનાવો વિશે વાચ્યું છે...'એક રકાબી ફૂટી'કાવ્ય વાચનાર આવા અત્યાચારના મૂક સાક્ષી નહી બની રહે અને સ્ત્રી ગમે તે સંજોગોમાં સ્વમાનભેર સ્વાવલંબનથી જીવી શકે તેવા મનોવલણોના નિર્માણ,પ્રસાર માટે મથશે એવી આશા રાખું છું...કવિતાના માધ્યમમાં જે નાટયાત્મકતા સાહિલે આણી છે તે નોંધપાત્ર છે."[૧૩]તેમની પાસેથી ત્રીજો કાવ્યસંગ્રહ 'મથામણ' મળે છે.આ સંગ્રહની કવિતા વિશે નોંધતા હર્ષદ ત્રિવેદી કહે છે"'વ્યથાપચ્ચીસી'માં સીધો ને સરળ આક્રોશ પ્રગટ થતો હતો પરંતુ એમાં ઉમેરાયું છે એ લાલિત્ય,કવિની સમભાવપૂર્ણ બનતી જતી દૃષ્ટિ,આર્દ્રતા અને મનુષ્યની ઊર્ધ્વ ગતિની વાંછના.દલિત કવિતાની પરંપરાના મૂખ્ય લક્ષણો-વલણોને આ કાવ્યો ચૂસ્ત રીતે વળગી રહેવા છતાં પ્રેમની વિશિષ્ટ-વિલક્ષણ અનુભૂતિ-અભિવ્યક્તિને કારણે જુદી ઓળખની પણ સ્થાપના કરે છે."[૧૪]

આટલા જુલ્મો અને અત્યાચાર વેઠીને પણ દલિતો જીવિત છે એ જ વાત બહું મોટી છે પરંતુ તેની પીડા અસહ્ય છે.આ વેદનાની ઓળખનું શબ્દરુપ દલિતોથી કોશો દૂર હતું તેથી'મશાલ'(૧૯૮૭)કાવ્યસંગ્રહના કવિ રાજુ સોલંકી એક અલગ વાત સાથે પોતાની કાવ્યરચનાઓ લઈને આવે છે.તેમની'બે પગે ચાલવું એ જ મોટી વાત હતી', 'બોલો બબાસાહેબની જય', 'માફ કરજે દોસ્ત રઘલા'જેવી રચનાઓમાં તેઓ દલિતોને બાબાસાહેબ પ્રત્યેની અંધભક્તિમાંથી અંધાનુકરણમાંથી

બહાર નીકળવાની અને વૈચારિક અનુયાયી બનવાની વાત કરે છે.તેમની રચનાઓ વિશે નોંધતા હરીશ મંગલમ જણાવે છે "'મશાલ'(રાજુ સોલંકી)માંની કાવ્યરચનાઓ મોટેભાગે બધી જ અછાંદસ છે.કવિ પોતાના સમાજને પણ લાલબત્તી ધરતાં સહેજે સંકોચ અનુભવતા નથી.એ જ એમની એમની સચ્ચાઇનું પ્રમાણ ઊડીને આંખે વડગે તેવું છે.જે સમાજ પોતાની નબળાઇઓને છાવરે છે અથવા તો એના પ્રતિ અંગુલિનિર્દેશ નથી કરતો તે સમાજ કદી પ્રગતિ કરતો નથી.આંબેડકરની જન્મજ્યંતિએ ઘણાં સરઘસો,રેલીઓ નીકળે છે.બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને સમજવા,પામવા કે અમલમાં મુકવાને બદલે દલિતસમાજ જે મૂર્તિપૂજક બની ગયો છે,અંધશ્રદ્ધાના પ્રવાહમાં ટોળાંધ બની ગયો છે,એનું આબેહૂબ નિદર્શન કવિએ'બોલો બબાસાહેબની જય'માં નાટયાત્મક ઉપાડથી કર્યુ છે"[૧૫]"મશાલની રચનાઓ સમગ્ર દલિત સાહિત્યમાં નવ્ય અભિવ્યક્તિ લઇને પ્રવેશે છે.ચિંતનભારથી રચના સીધી સપાટ લાગે,પરંતુ વિચાર સ્વરુપ નિદર્શન,ચૈતસિક ઊંડાણ,નક્કર વ્યાપકતા વગેરે દલિત કાવ્યવિશ્વમાં અભિવ્યક્તિની નવી તરાહ સાથે આવે છે."

જન્મે અદલિત એવા સ્ત્રી કવયિત્રી સરુપ ધ્રુવ પાસેથી'સળગતી હવાઓ'(૧૯૮૬)અને'સાબરમતી પુછે છે'(૧૯૮૬)એમ બે કાવ્યસંગ્રહ મળે છે.તેમના વિશે ધીરુભાઇ ઠાકર જણાવે છે કે"સરુપ ધ્રુવની કવિતા એ રીતે સો ટકા સમાજાભિમુખ છે.તે ધર્મ,દેવ કે દેશને સ્થાને માણસને કેંદ્રમાં સ્થાપવા મથતી સો ટચની પ્રતિબદ્ધ દલિત કવિતા આપે છે...સળગતી હવાઓમાંની કવિતા સમાજ અને સાહિત્યની આવી રહેલી આવતી કાલનો નિર્દેશ કરે છે.દલિતોનો વિદ્રોહ,શોષિતોનો આક્રોશ અને ક્રાંતિકારીઓની પ્રતિબદ્ધતા સરુપ ધ્રુવની કવિતાઓમાં જોવા મળે છે."[૧૬]

ગણેશ સિંધવ પાસેથી દલિત કવિતાઓનો એક સંગ્રહ'વિષાદિતા'મળે છે.પથિક પરમાર તેમની કવિતા સંદર્ભે નોંધે છે"છેવાડાના વ્યથાગ્રસ્ત દરિદ્રના અંતરમાં ડોકિયું કરી એમના આંતરમનની વાતને ઉચકીને આગળ મૂકનારા આ કવિ ક્યારેક પોતાની જાતનું પણ પોસ્ટમોર્ટમ કરે છે.વ્યવસાયે શિક્ષક રહી ચૂકેલા આ કવિ પાસેથી ગીતો પણ મળે છે.પરંતુ એમની સ્વાનુભૂતિ અછાંદસ કવિતામાં જ વધુ પ્રવાહી સ્વરુપે વિહરે છે."[૧૭]

જીવણ ઠાકોર પાસેથી દલિત કવિતાનો સંગ્રહ'આંગળાના આંસુ'(૧૯૯૦)મળે છે. મિલ કામદાર તરીકે તેમને અનુભવેલા મિલ મજુરોના પ્રશ્નોને, તેમની વેદના અને સંવેદનાઓને આ કવિએ પોતાની રચનાઓ દ્વારા વાચા આપી છે.પથિક પરમાર તેમની કવિતાના વિશેષો વિશે વાત કરતા જણાવે છે "...ગીત-ગઝલ સ્વરુપની રચનાઓ કરતાં અછાંદસ રચનાઓમાં તેમની કવિત્વ શક્તિ વધુ નીખરે છે.ગઝલના છંદ કે ગીતના લયની એમને બહુ ગતાગમ નથી.એવી સ્વરુપાભાસી રચનાઓ કરતાં છંદોલય વિહીન ગદ્ય રચનાઓમાંથી એમના સર્જક કર્તૃત્વનો હિસાબ મળે છે.આ કવિએ જીવનમાં જે કંગાલિયતપણું અનુભવ્યું છે તેની પીડાગ્રસ્ત અનુભૂતિને શબ્દસ્થ કરવા મથામણ કરી છે.બંધ પડી ગયેલી મિલોના બેકાર કામદારોમાંના એક એવા આ કવિ શ્રમિકોની વેદનાને વાચા આપે છે."[૧૮]

'હયાતી'ત્રૈમાસિકના તંત્રી હરીશ મંગલમ પાસેથી'પ્રકંપ'(૧૯૯૧)કાવ્યસંગ્રહ મળે છે.તેમની કવિતાઓમાં ઉત્તર ગુજરાતના તળની લોકભાષા,લ્હેકા અને તેમાંથી ઉપજતી વ્યંજનાઓની સાથે ઈશ્વર સામેનો આક્રોશ,માનવીય ગૌરવને હણતી અસ્પૃશ્યતા સામેનો વિદ્રોહ,વિષાદ અને છિન્નભિન્નતા જોવા મળે છે.આ કવિના કાવ્યસંગ્રહની સમીક્ષા કરતા ઉશનસ લખે છે"કવિના પ્રથમ કાવ્યસંગ્રહ'પ્રકંપ'ના સંવેદન કંપોની ગ્રાફકથા છે જે એકંદરે એમને જાગૃત ભાષાકર્મવાળા,દલિત સંવેદનાની એકંદરે કલાકીય અભિવ્યક્તિવાળા,સાહિત્ય-પદાર્થની ઓળખવાળા એવા આશાસ્પદ કવિ તરીકે સ્થાપે છે.એ ભલે છંદોવિધાનમાં ન ગયા,પણ એમણે જે સાહિત્ય સમજ કેળવી છે,સજ્જતા મેળવી છે તે અછાંદસમાંય(ને ગીતોમાંય)એમને એક સશક્ત કલમ તરીકે ઉપસાવે છે."[૧૯]

'ભૂંસાતા માણસને ઘૂંટુ છું'(૧૯૯૨)અને'ઉઘાડ જેવો ઉઘડતો માણસ'(૨૦૦૦)એમ બે કાવ્યસંગ્રહો બિપીન ગોહેલ પાસેથી મળે છે.પથિક પરમાર જણાવે છે"જેમનું જીવન જ વિવિધ પ્રકારના કષ્ટદાયી પરિશ્રમી વ્યવસાયોમાં વીત્યુ છે એવા કવિ બિપીન ગોહેલ પાસેથી દલિત કવિતાના બે સંગ્રહો મળે છે.તેમાં તેઓ નીજી સંવેદનાને સમૂહ સંવેદના રુપે પ્રસ્તુત કરે છે.તેમની પ્રતિબદ્ધતા સામાજિક પરિવર્તનની છે.તેઓ સડી ગયેલા જૂના રીતરસમો સામે બંડ પોકારે છે.નિરર્થક રુઢ રિવાજોની ચુસ્તતા સામે તેમની કલમ માથું ઉંચકે છે.તેઓ છાંદસ કે લયબદ્ધ કવિતાને બદલે અછાંદસ કવિતાના સ્વરુપને જ પોતાની સ્વાનુભૂતિની અભિવ્યક્તિનું માધ્યમ બનાવે છે."[૨૦] 'થોડા દ્રોણાચાર્યોને', 'કહેવાતા ઉજળિયાતોને', 'હું માણસ નહોતો' જેવી રચનાઓમાં સમાજ-સંસ્કૃતિ સામેનો પ્રકોપ-આક્રોશ વ્યક્ત થયેલો છે.

ભી.ન.વણકર પાસેથી બે કાવ્યસંગ્રહો મળે છે.જેમાં'ઓવરબ્રિજ'કાવ્યસંગ્રહની બધી જ રચનાઓ દલિત પ્રતિબદ્ધતાને વરેલી છે.તેમની કવિતામાં દલિતજીવનને સ્પર્શતા માનવીય પ્રશ્નો,સમસ્યાઓ-મૂંઝવણો,અનુભવો,નવધારણાઓ,વિદ્રોહ તેમજ ધર્મના નકારની ભાવના આલેખાયેલી જોવા મળે છે.તેમની કવિતાઓ સંદર્ભે દલપત ચૌહાણ જણાવે છે કે "કવિની અછાંદસ/ટૂંકી/નાની કવિતાઓમાં જે તાકાત/ભાવવિશ્વ/હોબાળો/વિડંબના/નકાર અને નવીન દિશા તરફ જવાની આશાના તંતુ બંધાયેલા છે તે તેમને અન્ય કવિઓથી જુદા તારવી આપે છે"[૨૧]

દલિત કવિતામાં ગઝલક્ષેત્રે સારું પ્રદાન કરનાર એ.કે.ડોડિયા પાસેથી ત્રણ કાવ્યસંગ્રહ મળે છે'ઝંખનામાં સૂર્ય'(૨૦૦૪), 'મસીહા'(૨૦૦૩) અને 'સૂર્યોન્મુખ'(૧૯૯૯).તેમની ગઝલોમાં દલિત સંવેદનાની સાથોસાથ સમકાલીન સમયની વિષમતાઓ પણ જોવા મળે છે.તેમના સંદર્ભે પથિક પરમાર જણાવે છે "દલિત કવિતાના ત્રણ સંગ્રહો આપનાર એ.કે.ડોડિયાની મૂખ્ય પ્રતિભા ગઝલકાર તરીકેની છે.તેમની ગઝલો કાવ્યત્વથી ભરપૂર છે.તેમાં જેમ વિદ્રોહી ભાવસૃષ્ટિ છે તેમ યાતનાની ગમગીની પણ છે.ગઝલના વિવિધ છંદોને સફાઈપૂર્વક પ્રયોજવાની તેમને ફાવટ છે. છંદ,કાફિયા અને રદીફની વિવિધતા સાથે તેઓ પીડિત સમુદાયના ચિત્કારને મર્મસ્પર્શી અભિવ્યક્તિ બક્ષે છે."[૨૨]તો 'ઝંખનામાં સૂર્ય'ના ટાઇટલ ફ્લેપ પર નારાયણ કરંદીકર નોંધે છે"એ.કે.ડોડિયાની કવિતા દલિત,પીડિત,શોષિત,વંચિત સમાજ અને નારી જગતના આંતરમનને વાચા આપીને નવું જ ભાવજગત સર્જે છે.કવિની લયચેતના અને

ભાવચેતના શબ્દને વધારે ખમીરવંતો અને દમદાર બનાવે છે.એટલે શબ્દ ક્યાંય ઊણો ઊતરતો નથી."[૨૩]તો મધુકાન્ત કલ્પિત 'ઝંખનામાં સૂર્ય'ના કવિકર્મને આવલોકતા નોંધે છે"આધુનિક રસબોધ કરાવતી ગુજારતી ગઝલથી કંઇક ભિન્ન રીતે,વિશેષ તો સામાજિક સંદર્ભોમાં નાજુક,બારીક મનોસંચલનો કલાત્મક સામગ્રીથી પુરસ્કૃત થયા છે."[૨૪]

'પગેરું'(૨૦૦૩)કાવ્યસંગ્રહ અરવિંદ વેગડા પાસેથી મળે છે.તેમની કાવ્યરચનાઓના વિષયવસ્તુમાં મિલ મજુર, ખેતમજુર, મંદિર,માણસ, અનામતિયા હુલ્લડ પછીનો કરફ્યુ વગેરે આલેખાયેલા જોવા મળે છે.'પગેરું'સંગ્રહના ટાઈટલ સ્કેપમાં હરીશ મંગલમે નોંધ્યું છે કે "તેમની કવિતાનો મૂખ્ય સૂર દલિત-પીડિત-શોષિતને થતા અમાનુષી અન્યાયો સામેનો વિરોધ-વિદ્રોહ છે.તેમની રચનાઓમાં સૂક્ષ્મ સંવેદનો ઝિલાયા છે.કવિતાના માધ્યમથી જે કહેવાનું છે તે સહજતાથી અભિવ્યક્તિ પામે છે."[૨૫] તો સંગ્રહની પ્રસ્તાવનામાં દલપત ચૌહાણ નોંધે છે"કવિ પ્રથમ ગીતથી જ સમરસ થઇ જવાની માંડણી કરે છે.આખા માનવસમાજમાં ભળી જવું છે,મળી જવું છે,હેત વરસાવવું છે.તે માટે તે ડગલું માંડે છે પણ દાઝી જાય છે.ફૂલ થઈને ખીલે ત્યાં જ ડાળખી તૂટી જાય છે."[૨૬]

કાંતિલાલ મકવાણા 'કાતિલ'ની કવિતામાં સમાજજીવનની વરવી વાસ્તવિકતાનું ચિત્ર આલેખાયેલું જોવા મળે છે.'સત રે બોલો નહિતર મત બોલો'(૧૯૯૯)અને 'કાતિલ કવિતા'એમ બે કાવ્યસંગ્રહો તેમની પાસેથી મળે છે.'હીરાલાલની ચાલી','ગટર ઊભરાણી','સત રે બોલો નહીતર મત બોલો' જેવી રચનાઓમાં ગ્રામ્યજીવનની સાથોસાથ શહેરી પરિવેશ જોવા મળે છે.તેમની કવિતા વિશે જણાવતા પથિક પરમાર કહે છે"દલિત કવિતાના બે સંગ્રહો આપનાર આ કવિનાં ગીતો નોંધપાત્ર છે.દલિત સ્ત્રી-પુરુષોના મુખમાં મુકાયેલાં તેમના ગીતો નીત નવા વિષયોને સ્પર્શે છે.'ગટર ઉભરાણી','કાગળ વીણતી કન્યાનું ગીત','ગળામાં રઈ ગયું ગાણું','હીરાલાલની ચાલી','સત રે બોલો નહિતર મત બોલો','શ્રી કૃષ્ણનો છેલ્લો સંદેશ'વગેરે કાવ્યોમાં એમની કટાક્ષયુક્ત કાવ્યબાની હૈયા સોંસરવી ઉતરી જાય એવી છે.દલિત સમાજની ભીતરી વિરુપ વાસ્તવિકતાને તેઓ મર્માળી ભાષામાં વિવિધ લઢણોથી અભિવ્યક્ત કરે છે.તેમાં પાત્રોની પંડપીડા જીવંત બની રહે છે.દલિત ગીતકવિ તરીકે તેઓ વિષયાભિવ્યક્તિની દૃષ્ટિએ નોખા તરી આવે છે.તેમના ગીતો ઘણાં કાતિલ છે,જે તેમના ઉપનામને સાર્થક કરે છે."[૨૭]

કે.કે.વૈષ્ણવ પાસેથી'આંખ'કાવ્યસંગ્રહ મળે છે.તેમની રચનાઓમાં જાતિવાદ,વર્ણવાદ,વર્ગવાદ,ધર્મવાદ અને પ્રદેશવાદમાં સબડતી પ્રજાની વિકૃત મનોદશા આલેખાયેલી જોવા મળે છે.પથિક પરમાર તેમની કવિતા વિશે નોંધે છે"હિન્દી વિષયના પ્રોફેસર કે.કે.વૈષ્ણવ પાસેથી અછાંદસ દલિત કવિતાનો એક સંગ્રહ મળે છે,તેમાં દલિત સમાજની સમસ્યાઓને તેના ઉકેલ સાથે ઉજાગર કરવાનો પ્રયત્ન પ્રશંસનીય છે.વિવિધ પ્રકારના વાદોની સંકીર્ણતા અને એ નિમિત્તે ઉદભવેલી વિકૃત મનોવૃતિને વિષય બનાવીને તેઓ છળકપટ,અત્યાચાર અને અન્યાયની વાતો કરે છે."[૨૮]

જુનાગઢના વતની નિલેશ કાથડ પાસેથી 'અગ્નિકણ'કાવ્યસંગ્રહ મળે છે.'અગ્નિકણ'ની પ્રસ્તાવનામાં શ્યામ સાધુ નોંધે છે"શબ્દની અસ્પૃશ્યતાની વ્યંજના જ્યાં જ્યાં ભાવકને સ્પર્શે છે ત્યાં ત્યાં આ સંગ્રહની કવિતાઓ સાદ્યંત દલિત કવિતાઓની છડી પોકારે છે.અર્થાત દલિત વેદનાઓને વાચા

આપતી જણાય છે.કિન્તુ કવિની કવિતા વ્યંજના એમના સૌંદર્યની અંગત મિલકત બને છે ત્યારે પાસાદાર,રમ્ય લલિત કવિતાઓ બની ભાવકને મંત્રમુગ્ધ અને રોમાંચિત કરે છે”[૨૯]તેમની પાસેથી ગઝલ,હઝલ,મુક્તક અને અછાંદસ એમ કાવ્યના વિવિધ સ્વરુપોમાં દલિત રચનાઓ મળે છે. સૌરાષ્ટ્રના જુનાગઢ પ્રદેશના વતની અને હાલમાં બેન્કમાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતા પ્રતિબદ્ધ દલિત કવિ નિલેશ કાથડનો આ બીજો કાવ્યસંગ્રહ છે. આ પહેલા તેમની પાસેથી ‘અગ્નિકણ ’(૧૯૯૯)નામનો કાવ્યસંગ્રહ દલિતસાહિત્યને મળ્યો હતો.‘પીડાની ટપાલ’કાવ્યસંગ્રહની રચનાઓનો પ્રધાન સૂર હજારો વર્ષથી સામાજિક,આર્થિક,રાજકીય,સાંસ્કૃતિક એમ સર્વ રીતે શોષાતી-પીડાતી આવી છે એ દલિત વર્ગની સંવેદનાનો છે.પીડાની ટપાલમાં કુલ ૮૭ જેટલા કાવ્યોનો સંચય કરવામાં આવ્યો છે. જેમાં દલિતોની સામાજિક,આર્થિક,સાંસ્કૃતિક અવદશાને વિષય બનાવતી રચનાઓની સાથે સાંપ્રત સામાજિક,રાજકીય પરિસ્થિતિને વિષય બનાવતી રચનાઓનો પણ સમાવેશ થાય છે. દલિત સમાજ માટે જીવન આજે પણ પીડાના પર્યાયરૂપ છે. આજેય દલિત વર્ગ સાથે આભડછેટભર્યું વર્તન કરવામાં આવે છે. અનામતનાં નામે તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. સવર્ણોની પેલી જડ માનસિકતા હજુ પણ અકબંધ છે. બસમાં,ટ્રેનમાં મુસાફરી કરતા આજેય માણસને તેની જાતિ પુછવામાં આવે છે ત્યારે‘તમે કેવા છો?’એ પ્રશ્ન વીંછીના ડંખની જેમ કરડી પીડા આપે છે. આ પીડા માત્ર શારીરિક નથી માનસિક પણ છે. શારીરિક કરતાં માનસિક ત્રાસ વધારે પીડાજનક હોય છે. આ પીડાનું સ્વરૂપ પીડાની આ ટપાલમાં સર્જક લઈ આવ્યા છે.

ગુજરાતી દલિતા કવિતાના પ્રારંભથી જ જેમની રચનાઓ સામયિકોમાં છપાતી હતી એવા ગુજરાતી દલિત કવિતાક્ષેત્રે જેમનો આગવો મીજાજ છે તે નીરવ પટેલ પાસેથી‘બહિષ્કૃત ફૂલો’કાવ્યસંગ્રહ મળે છે.નીરવ પટેલ લગભગ બધા જ દલિત કવિઓમા, સૌથી ઓછુ લખનારા કવિ છે એમનું લક્ષ્ય સંખ્યા પર નથી.એમને હમેંશા પોતાની કાવ્યરચના કાચી લાગી છે.‘બહિષ્કૃત ફૂલો’ના એક લેખમાં મનીષી જાનીએ અને પાછલા પુંઠે હર્ષદ ત્રીવેદીએ આ વાત નોંધી છે.તો ‘દલિત કવિતાના વિશેષો’લેખમાં ડૉ.રાજેશ પંડયા કવિ તરીકે નીરવ પટેલની ઓળખ આપતા જણાવે છે“નીરવ પટેલ અનુભૂતિ-સંવેદનોને આગવું રુપ આપવા માટેની ભાષા અને રચનાપ્રયુક્તિઓ શોધવાની સતત મથામણ કરતા કવિ છે.છતાં પણ તેમને પુરો સંતોષ થતો નથી.માટે તો તેઓ પોતે જ,રિલ્કેનું એક વિધાન ટાંકીને‘બહિષ્કૃત ફૂલો’ના પ્રિય વાચકને કહે છે poem is ever finished,it is abandoned.આવો આગ્રહ રાખનાર દલિત કવિઓ ઝાઝા નથી.આને પરિણામે ત્રણ દાયકાના કાવ્યલેખનમાં ૬૨ જેટલા(જ)કાવ્યો બહિષ્કૃત ફૂલોમાં મળે છે.”[30]

પ્રવીણ ગઢવી જન્મે અદલિત હોવા છતાં તેમની કાવ્યરચનાઓમાં દલિતજીવનની સ્વાનુભૂતિ જોવા મળે છે.તેમની પાસેથી પાંચ કાવ્યસંગ્રહો મળે છે.‘બેયોનેટ’(૧૯૮૫)તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે.તેમની કવિતા સંદર્ભે હરીશ મંગલમ જણાવે છે“આઝાદીની અર્ધી સદી બાદ પણ આપણે છેવાડાના માનવીને,એની તનતોડ મહેનતના બદલામાં ખળાનો અર્ધો ભાગ આપી શક્યા છીએ?ના.પ્રવીણ ગઢવીના કાવ્યસંગ્રહો‘બૅયોનેટ’અને‘પડછાયો’ની કવિતાઓમાં ખળાના અર્ધા ભાગની માગણી અધિકારપૂર્વક આગળ રજૂ કરી છે.દલિત કવિતાઓમાં પ્રવીણ ગઢવી નોખા તરી આવે છે.મિથનો ઉપયોગ

સાધી ઐતિહાસિક વિષયવસ્તુઓને ખપમાં લઈ કાવ્યો સર્જે છે.જે ખુબ જ ઉપકારક નીવડે છે.ખાસ કરીને,જ્યારે એકવિધતા સર્જાય છે ત્યારે પુરાકલ્પનો દ્વારા દલિતોની વ્યથા ચિત્રિત કરે છે.તેમના કાવ્યોમાં વક્રતા અને વ્યંજના તીવ્રપણે જોવા મળે છે."[૩૧]

મહેશચંદ્ર પંડયા પાસેથી'માણસ પણ કરડે છે'નામનો કાવ્યસંગ્રહ મળે છે.શામત પરમાર પાસેથી 'જ્વાળામુખી'કાવ્યસંગ્રહ મળે છે.યશવંત વાઘેલા પાસેથી 'અમે અંધારે ઊગેલા પડછાયા'કાવ્યસંગ્રહ મળે છે.તેમની રચનાઓમાં હિન્દુ ધર્મની સ્મૃતિઓ,રામાયણ,મહાભારત તેમજ બાઈબલના ઈસુ મસીહા કેંદ્રમાં જોવા મળે છે.

ચંદ્રાબેન શ્રીમાળી પાસેથી'મિજાજ'(૨૦૦૧)અને'વલોણું'(૨૦૦૮)એમ બે કાવ્યસંગ્રહ મળે છે.તેમના વિશે જણાવતા પથિક પરમાર નોંધે છે"દલિત કવિતાના બે સંગ્રહો આપનાર ચંદ્રાબેન શ્રીમાળી પોતાની કવિતાઓમાં નારીની અને દલિત નારીની સમસ્યાઓને બળવાન અભિવ્યક્તિ અર્પે છે.સબડાતી,રિબાતી,શોષાતી,પીડાતી નારીની આંતરવ્યથાને પૂરા જુસ્સા સાથે રજૂ કરતા આ કવયિત્રી નારીવાદી વિચારધારાને અનુસરે છે.એક દલિત નારી તરીકે તેમણે જે કાળજું ચીરી નાખે તેવા આકરા અને કપરા અનુભવો કર્યા છે,તેનું નગદ બયાન તેમની કવિતાઓમાંથી મળે છે.તેમાં ગર્વિષ્ટ નારીની ખુમારી ભારોભાર પ્રગટે છે.લયાત્મક પદાવલિ પ્રયોજી ગદ્યાળુતા ટાળે તો સારી રચનાઓ નિપજી આવે તેવી શક્યતા રહેલી છે"[૩૨]

કિસન સોસા પાસેથી'અનૌરસ સૂર્ય'(૧૯૯૧)'અનાશ્રિત સૂર્ય'(૧૯૯૧)તેમજ હાલમાં જ પ્રકાશિત થયેલો'સૂર્યને કરફ્યુ શહેર સૂમસામ છે'એમ ત્રણ દલિત કાવ્યસંગ્રહ મળે છે.તેમની કવિતા સંદર્ભે જણાવતા પથિક પરમાર નોંધે છે"આધુનિક ગુજરાતી કવિતાક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર કિસન સોસા પાસેથી બિનદલિત કવિતાના જેટલા સંગ્રહો મળ્યા છે તેટલા દલિત કવિતાના મળ્યા નથી.દલિત કવિતાના બે સંગ્રહોમાં ગીત-ગઝલ પ્રકારની છંદોબદ્ધ અને લયબદ્ધ રચનાઓ આપનાર આ કવિ આધુનિક અને અનુઆધુનિક યુગની મુખ્ય કાવ્યધારાના કવિ તરીકે પ્રતિષ્ઠિત છે.તેમની દલિત કવિતાઓ કલાત્મક અને રસાત્મક છે.તેમનું અનુભવ જગત વિરાટ છે.પોતાના સંઘર્ષમય જીવનની નિજી અનુભૂતિને નાવીન્યપૂર્ણ અભિવ્યક્તિ બક્ષવામાં તેઓ સફળ રહ્યા છે."[33]આ કવિ વિશે જોસેફ મેકવાન નોંધે છે"વાસ્તવલક્ષી દૃષ્ટિ દાખવતી કિસનની ગઝલ અભિવ્યક્તિનો મિજાજ-સંપૂર્ણ માનવગૌરવના જતનની ખેવના સહિત જાળવે છે.એમાં સંવેદનની જિકર છે તો નકરા જીવનનું નક્કર દર્શન પણ છે.આ બધા તત્વોનો પ્રભાવ કિસનને નોખી માટીના નોખા ગઝલકાર તરીકે કંડારે છે."[૩૪]

કાનજી પરમાર પાસેથી દલિત કવિતાના બે સંગ્રહો મળે છે'સુવાસ' (૧૯૯૮)અને'ગુંજન' (૧૯૯૮).તો ધમ્મબંધુ પાગલબાબા પાસેથી'પ્રબુદ્ધ ભીમ ગુણગાન'(૧૯૯૧)કાવ્યસંગ્રહ મળે છે.ગુજરાતી દલિત ગીત કવિતાક્ષેત્રે પથિક પરમારનું આગવું નામ છે તેમની પાસેથી'બહિષ્કૃત' (૨003)કાવ્યસંગ્રહ મળે છે.મધુકાંત કલ્પિત પાસેથી 'કેશરિયા ટસરનું આકાશ', 'મધુકાંત કલ્પિત એક અફવા છે' ,'તરજુમો'જેવા કાવ્યસંગ્રહો મળે છે.ટીકેશ મકવાણા પાસેથી'જ્યોતિ બને જ્વાલા'કાવ્યસંગ્રહ મળે છે.આ સંગ્રહની પ્રસ્તાવનામાં રાજુ સોલંકી નોંધે છે "ટીકેશના એક એક કાવ્યના એક એક શબ્દમાં દલિત

જીવન પ્રત્યેની વફાદારી ડોકાય છે.દલિત સાહિત્યના પાંચ મુખ્ય લક્ષણો પ્રોગ્રેસીવ, રેડિકલ, રેશનલ,સેક્યુલર અને રિવોલ્યુશનરી ટીકેશ મકવાણાના કાવ્યોમાં અભિન્નપણે વણાયેલા છે...ટીકેશની રચનાઓમાં ધર્માંધતાના ઝેરથી છિન્નભિન્ન થયેલા દલિત જીવનની પીડાનો પારદર્શી આલેખ જોવા મળે છે.ચોટદાર વ્યંગ,સરળ અભિવ્યક્તિ અને આંબેડકરી વિચારધારાનો ત્રિવેણી સંગમ એટલે ટીકેશની કવિતા"[૩૫]

રમણ વાઘેલા પાસેથી'વાસ્યાં કમાડ હવે ખોલો'કાવ્યસંગ્રહ મળે છે.આ સંગ્રહની કવિતા સંદર્ભે જણાવતા ભી.ન.વણકર નોંધે છે"કવિમાં રહેલી માનવીય સંવેદના તેમની રચનાઓમાં વ્યક્ત થાય છે.ગીત,ગઝલ અને અછાંદસ રચનાઓમાં સાંકેતિક સંદર્ભો છે તેમ અર્થપૂર્ણ પ્રતીકો પણ છે.માનવીય વ્યથા અને વિટંબણાનો વિષાદ કવિની રચનાઓમાં સુપેરે અભિવ્યક્ત થાય છે.કવિના સ્વરમાં એક આગવી લયબદ્ધતા છે તેમ સામાજિક પ્રતિબદ્ધતા પણ છે તેથી રમણ વાઘેલાની કવિતામાં કલાનો આનંદ છે તેમ જીવનની વેદનાનો વિષાદ પણ છે."[૩૬]દાન વાઘેલા પાસેથી'જઠરાગ્નિ'કાવ્યસંગ્રહ મળે છે.ગીત,ગઝલ,સોનેટ અને અછાંદસ રચનાઓમાં હથોટી ધરાવતા દાન વાઘેલાના આ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં જાણીતા વાર્તા-નવલકથાકાર મોહન પરમાર નોંધે છે"મોટા ભાગની ગુજરાતી દલિત કાવ્યરચનાઓમાં આક્રોશ-વિદ્રોહ પ્રધાન સ્તરે વ્યક્ત થતાં ભળાય છે.ત્યારે દાન વાઘેલા મુખર થયા વિના આક્રોશ-વિદ્રોહને સૂક્ષ્મપણે વ્યક્ત કરતા હોવાથી એમની રચનાઓ સામે કશી ફરિયાદ કરવાની રહેતી નથી.આ બધી કાવ્યરચનાઓમાં ભાગ્યે જ સપાટી પરનું કે સ્થૂળ કહી શકાય તેવું કાવ્યજતન થયું છે.એમની કાવ્યરચનાઓમાં સૂર ધારદાર રીતે પ્રગટતો હોય,સંવેદનાત્મક આવેગો ભાવકને તરબતર પણ કરી મૂકે.એ અર્થમાં એમની દલિત કવિતા લલિત કવિતાની સ્પર્ધામાં સ્હેજેય ઊણી ઊતરતી નથી."[૩૭]

ગુજરાતી દલિત સાહિત્યમાં નારી વેદનાને ઉજાગર કરવામાં આંગળીને વેઢે ગણી શકાય એવી સ્ત્રી કવયિત્રીઓમાં પ્રિયંકા કલ્પિતનું નામ મોખરે મુકી શકાય.તેમની પાસેથી બે કાવ્યસંગ્રહ નામે'હાંસિયામાં હું'(૨૦૦૦) અને'ઘસરકો'(૨૦૧૧)મળે છે.જાણીતા કવિ દાન વાઘેલા'સ્વની વિશિષ્ટ શોધ એટલે હાંસિયામાં હું'લેખમાં નોંધે છે:"જીવાતી જિંદગીની વાસ્તવિકતા-જિજીવિષા-વિષમતા પરંપરાગત કે આગંતુક સાંપ્રત સમસ્યા સાથે નારી જીવનની વણકથી વેદનાઓ ઝીલતી આ સંગ્રહની કેટલીક રચનાઓ કેંદ્રભૂત બિંદુથી સિન્ધુ સુધીની કલ્પના તરફ અવશ્ય દોરી જાય છે.જેમાં આડંબરનો પર્દાફાશ,કુદરતી ક્રમની વિશેષતાઓ,આશાવાદ,માર્મિક હાસ્ય,અમૂર્ત કલ્પન કે રુઢ અર્થથી વિમુખ ભાવ,મિથથી પ્રલંબાતી સાંપ્રત પરિસ્થિતિ અને સ્ત્રી સહજ સપનાઓ,વિટંબણાઓ વગેરે સાથે જોડાયેલું કવયિત્રીનું આગવું ભાવવિશ્વ,પ્રથમ સંગ્રહ થી જ ખરેખર આવકાર દાયક છે."[૩૮]

અશોક ચાવડા પાસેથી 'ડાળખીથી સાવ છૂટાં'કાવ્યસંગ્રહ મળે છે.તેઓ પોતાની કવિતાને એક પીડાનું બીજી પીડામાં એકરુપ થવું એ રીતે ઓળખાવે છે.સંગ્રહની પ્રસ્તાવનામાં મનીષી જાની જણાવે છે કે"દલિત સાહિત્યના આરંભના સમયગાળાના પચીસ વરસ બાદ યુવા કવિ અશોક ચાવડાની કવિતાઓમાંથી પસાર થતાં વર્ણવ્યવસ્થા,અસ્પૃશ્યતા,શોષણ –દમન,ભેદભાવ અને નફરત જે આંખથી જોઇ શકાતા નથી,પણ અદૃશ્ય રીતેય વાણી-વર્તન-વ્યવહારમાં દેખાય છે તે સંકુલ રીતે ગઝલ-ગીત કે

ગદ્ય કવિતાના વિવિધ પ્રકારે વ્યક્ત થાય છે."[૩૯] તો નીરવ પટેલ નોંધે છે કે"ડાળખીથી સાવ છૂટાં પાડી દેવાયેલાં આ બહિષ્કૃત પર્ણોની વેદના આ કાવ્યસંગ્રહમાં અહીંતહીં સર્વત્ર વેરાયેલી છે.કવિ અશોક એના તેજાબી આંસુઓથી આપણને સૌને સળગાવતો રહેશે,અને ભીંજવતો પણ રહેશે એવી આશા-અપેક્ષાઓ અસ્થાને નથી.એની પ્રતિબદ્ધતા ઉત્તરોઉત્તર પાકી ને સાચી બનતી જશે,એની પ્રગતિશીલ માનવતાવાદી વિચારધારા ઉત્તરોઉત્તર પુખ્ત થશે,એનો કાવ્યકસબ ઉત્તરોઉત્તર ધારદાર થશે એવી મને શ્રદ્ધા બેસે છે."[૪૦]

આ ઉપરાંત જેમની કવિતાઓ હજી ગ્રંથસ્થ થઈ નથી એવા સર્જકોમાં મધુરાનંદ, ઉષા મકવાણા, જ્યંતિ ચૌહાણ, મનીષ પરમાર, કરસનદાસ લુહાર, નગીન પરમાર, સંજુ વાળા, શ્યામ સાધુ, રમણ વાઘેલા, ચંદુ મહેરિયા, બાલકૃષ્ણ આનંદ, પ્રીતેશ અમીન, જ્યંતિ.એન.ચૌહાણ, ડૉ.આનંદ સોંદરવા, લક્ષ્મણ પરમાર, જયંત પરમાર, હરજીવન દાફડા, પુરુષોત્તમ જાદવ, પ્રિયંકા ગાંધી, સામંત સોલંકી, દાન વાઘેલા, જેસંગભાઈ સોલંકી, કસ્તુરભાઇ શાહ, પ્રશાંત કેદાર, મીના કામલે, મહેન્દ્ર વાળા, મુકેશ બોરિચા, જયેશ સોલંકી, ઉમેશ સોલંકી, અપૂર્વ અમીન વગેરે પાસેથી દલિત જીવનની અનુભૂતિને અભિવ્યક્ત કરતી રચનાઓ મળે છે.

દલિત કવિતાની વિશેષતાઓ:

- દલિત કવિતામાં પ્રતીકરુપે સૂર્ય, પગ, અંધકાર, પડછાયો, રોટલી, ફૂલ, લાકડી, મશાલ, શાળ વગેરે આવે છે. જે તેની આગવી ઓળખ છે.તો પુરાકલ્પનનો વિનિયોગ દલિત કવિતામાં થયેલો જોવા મળે છે.અહી પુરાકલ્પન રુપે એકલવ્ય, શંબૂક, અહલ્યા, શકુંતલા, દુષ્યંત, કર્ણ, કૃષ્ણ, કબીર, જાબાલ, રામ, દ્રોણ, દુર્યોધન, વાલ્મીકિ, શૂર્પણખા, દુર્વાસા, ઈન્દ્ર, કીશા ગૌતમી જેવા પૌરાણીક પાત્રો આવે છે.
- દલિત કવિતામાં દલિત કવિઓએ એક અલગ ભાષાકર્મ કરેલું જોવા મળે છે.દલપત ચૌહાણ વણાટકામ કરતા દલિત વર્ગની ભાષાનું આલેખન પોતાની કવિતામાં કરે છે.
- દલપત ચૌહાણ,હરીશ મંગલમ,શંકર પેન્ટર જેવા સર્જકોની કવિતામાં ઉત્તર ગુજરાતની તળપદી ભાષા પ્રયોજાયેલી જોવા મળે છે.તો સાહિલ પરમારની કવિતાઓમાં લોકબોલીના લય-લઢણની સાથોસાથ વાસ્તવિક જગતનું ભાવસૌન્દર્ય,લયસૌન્દર્ય અને ભાષાસૌન્દર્ય જોવા મળે છે.
- વ્યંગ્યાત્મક ભાષા/તીવ્ર કટાક્ષ એ દલિત કવિતાની વિશેષતા છે.
- દલિત કવિતામાં ગીત રચનાઓ ગુજરાતી ગીતકવિતાથી એક અલગ સંદર્ભ રચે છે.દલિત ગીત રચનાઓમાં નારી જીવનની યાતનામય વાસ્તવિકતાનું આલેખન થયેલું જોવા મળે છે.ડૉ.રાજેશ પંડ્યા નોંધે છે કે"દલિત ગીત રચનાઓમાં દલિત નારીના કૌટુંબિક અને સામાજિક બંને પ્રકારના શોષણને વાચા મળી છે.મુખ્ય ધારાના ગીત કવિઓએ સ્ત્રીની મુગ્ધ ભાવસ્થિતિઓના રંગદર્શી ગીતો લખ્યા છે તેની સામે દલિત કાવ્યધારાના ગીત

કવિઓએ દલિત નારીના યાતનામય જીવન વિશે વાસ્તવલક્ષી ગીતો લખ્યાં.તેમાં ક્યાંય નારીસૌન્દર્ય કાલ્પનિક કે રંગદર્શી નથી."[૪૧]

- દલિત કવિતામાં નારીજીવનનું આલેખન પણ વિશિષ્ટ રીતે થયેલુ જોવા મળે છે.અહી નારીના અસ્તિત્વની સાથે દલિત સમાજની નારીનું તેમજ તેના જીવનની વિવિધ અવસ્થાઓનું આલેખન થયેલું જોવા મળે છે.કાંતિલાલ મકવાણા, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર, દલપત ચૌહાણ, યશવંત વાઘેલા, ચંદ્રાબેન શ્રીમાળી, સરુપ ધ્રુવ, કિસન સોસા, મધુકાન્ત કલ્પિત, પથિક પરમાર, પ્રિયંકા કલ્પિત જેવા કવિઓ પાસેથી દલિત નારીજીવનની પીડાને અભિવ્યક્ત કરતી રચનાઓ મળે છે.
- ગાંધીજીને વિષયવસ્તુ બનાવતી રચનાઓ પણ દલિત કવિતાની એક ઓળખ છે.આવી રચનાઓ આપણને પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, નીરવ પટેલ, હરીશ મંગલમ, કે.કે.વૈષ્ણવ, મંગળ પરમાર, વિજય મજાદરી, હિમ્મત ખાંટસૂરિયા, પૂનમચંદ્ર પરમાર, મહેશચંદ્ર પંડ્યા, જ્યંતી પરમાર, પથિક પરમાર જેવા સર્જકો પાસેથી મળે છે.
- દલિત કવિતામાં દલિતોની વ્યાવસાયિક પ્રવૃતિઓના શબ્દચિત્રો મળે છે.તો સમાજની સાંપ્રત ઘટનાઓનું આલેખન થયેલું જોવા મળે છે.દલિત હત્યાકાંડ, હિજરત, કોમવાદ, શોષણખોરી, વર્ગભેદ, બંધ મિલોની સમસ્યા, સફાઈકામ, ગરીબી, રથયાત્રા, છેતરપીંડી, નગર સંસ્કૃતિ, અત્યાચાર, બળાત્કાર જેવી ઘટનાઓનું આલેખન દલિતજીવનનાં પરિપ્રેક્ષ્યથી થયેલું છે.
- ગુજરાતી દલિત કવિતાને મુખ્ય પ્રવાહની કવિતાથી જુદી પાડતી લાક્ષણિકતાઓ જોઈએ તો દલિત કવિતામાં સાંપ્રત સમાજની વાસ્તવિકતાઓના આલેખનની સાથે અહી સાંસ્કૃતિક વિષમતાઓનો નકાર થયેલો જોવા મળે છે.માનવીય મૂલ્યોની સ્થાપના માટે સંસ્કૃતિની આડમાં છુપાયને બેઠેલી બદીઓ વિરુદ્ધ કરવામાં આવેલા અને થતા રહેતા સંઘર્ષોની અભિવ્યક્તિ થયેલી જોવા મળે છે.

## સંદર્ભ સૂચિઃ


૧.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૨,પૃ.૧૮

૨.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૦,પૃ.

૩.પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ.૨૦૦૧,પૃ.૭૩-૭૪

૪.વિસ્ફોટ,સંપાદકઃચંદુ મહેરિયા,બાલકૃષ્ણ આનંદ,પ્ર.આ.૧૯૮૪

૫.અસ્મિતા,સંપાદકઃચંદુ મહેરિયા,પ્ર.આ.૧૯૮૪

૬.પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૧,પૃ.૭૫-૭૬

૭.પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૧,પૃ.૭૮

૮.એજન

૯.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૦,પૃ.૨૪

૧૦.દાતેડાનો દેવતા,શંકર પેન્ટર,પ્ર.આ.૧૯૮૯,પ્રસ્તાવના

૧૧.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૨,પૃ.

૧૨.પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૧,પૃ.૭૭

૧૩.એક રકાબી ફૂટી,સાહિલ પરમાર,પ્રસ્તાવના,પ્ર.આ.૧૯૯૧

૧૪.મથામણ,સાહિલ પરમાર,પ્ર.આ.૨૦૦૪,પ્રસ્તાવના,પૃ.૧૫

૧૫.પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૧,પૃ.૭૯

૧૬.વિદિત,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,બીજી આવૃતિ.૧૯૯૫,પૃ.૩૮

૧૭.આધુનિકોત્તર સાહિત્ય,સંપાદકઃસુધા પંડયા,પ્રથમ આવૃતિ.૨૦૦૬,પૃ.૮૬

૧૮.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ.૨૦૧૦,પૃ.૨૭-૨૮

૧૯.એજન,પૃ.૨૯

૨૦.બુદ્ધિપ્રકાશ,સપ્ટેમ્બર ૧૯૯૨

૨૧.દલિત સાહિત્ય અકાદમી,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૩૪

૨૨.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ૧૯

૨૩.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૩૬

૨૪.ઝંખનામાં સૂર્ય,એ.કે.ડોડિયા,પ્રથમ આવૃતિ ૨૦૦૪,ટાઇટલ સ્કેપ

૨૫.પ્રત્યક્ષ,મધુકાન્ત કલ્પિત,પ્રથમ આવૃતિ ૨૦૦૮,પૃ.૬૯

૨૬.પગેરું,અરવિંદ વેગડા,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૩,પૃ.ટાઇટલ સ્કેપ

૨૭.એજન,પૃ.ટાઇટલ સ્કેપ

૨૮.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૩૮-૩૯

૨૯.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૫૪

૩૦.અગ્નિકણ,નિલેશ કાથડ,પ્રથમ આવૃતિ ૧૯૯૯,પ્રસ્તાવના

૩૧.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહેલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પૃ.૧૪

૩૨.પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૧,પૃ.૮૦-૮૧

૩૩.દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૪૦

૩૪. દલિત કવિતાના ચાર દાયકા,પથિક પરમાર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૪૦-૪૧

૩૫.હયાતી,સંપાદકઃહરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,જુન.૨૦૦૯,પૃ.૨૨

૩૬.જ્યોતિ બને જ્વાળા,ટિકેશ મકવાણા,પ્રથમ આવૃતિ ૧૯૯૯,પ્રસ્તાવના

૩૭.દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,માર્ચ-૫,૨૦૧૦,પૃ.૮

૩૮.જઠરાગ્નિ,દાન વાઘેલા,ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પ્રસ્તાવના

૩૯.દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,જુલાઇ-૨૦,૨૦૧૨,પૃ.૬

૪૦.ડાળખીથી સાવ છૂટાં,અશોક ચાવડા,રન્નાદે પ્રકાશન,બીજી આવૃતિ ૨૦૧૪,પૃ.૧૦

૪૧. ડાળખીથી સાવ છૂટાં,અશોક ચાવડા,રન્નાદે પ્રકાશન,બીજી આવૃતિ ૨૦૧૪,પૃ.૧૭

૪૨.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહેલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૩,પૃ.૧૪

## પ્રકરણઃ૧.૨

## ગુજરાતી દલિત વાર્તા

ગુજરાતી દલિત સાહિત્યની શરુઆત કવિતા લેખનથી થાય છે.કવિતાના માધ્યમ દ્વારા દલિત વેદના-સંવેદનાની અભિવ્યક્તિ દલિત સર્જકો પાસેથી મળી.પણ માત્ર કવિતાના સ્વરુપ પુરતી આ ચેતના સીમિત રહેતી નથી.વાર્તા સ્વરુપમાં પણ તે અભિવ્યક્તિ પામે છે.ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્ય એવા નામકરણ સાથે દલિત સમાજજીવનની પીડા-સંવેદના રજૂ થઇ એ પહેલા ગાંધીયુગમાં ગાંધીજીના પ્રભાવ હેઠળ દલિત સંવેદનાને સહાનુભૂતિપૂર્વક અભિવ્યક્ત કરતી વાર્તાઓ મેઘાણી, રા.વિ.પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ, પન્નાલાલ પટેલ, જયંત ખત્રી જેવા વાર્તાકારો પાસેથી મળે છે.આ વાર્તાકારોની વાર્તાઓમાં દલિત જગત એની પુરી સંકુલતા સાથે તો નથી રજુ થયુ તેમ છતા એની નોંધ લેવી જરુરી બની રહે છે.એમાં પણ રા.વિ.પાઠકની‘ખેમી’, ‘સૌભાગ્યવતી’, ‘સાચી વારતા’ જેવી વાર્તાઓ વિશેષ ધ્યાન ખેંચે છે.દલિત પરિવેશ, બોલી, રહેણી-કરણી, એમની રોજીંદી ક્રિયાઓ વગેરે એની પુરી પ્રતિબદ્ધતા સાથે વાર્તામાં‘દલિત સાહિત્ય’એવા નામકરણ પછી જ આલેખન પામે છે.

ગુજરાતી દલિત કવિતાની જેમ દલિત વાર્તા લેખનની શરુઆતમાં કોઇ વ્યક્તિગત વાર્તાસંગ્રહો નહી પણ વિવિધ દલિત સામયિકોમાં છપાયેલી વાર્તાઓના સંપાદનો મળે છે.કારણ કે વ્યક્તિગત ધોરણે એકથી વધારે વાર્તાઓ લઇને કોઇ સર્જક એકાએક આવતો નથી.કોઇ પણ પ્રવાહ એની શરુઆતમાં સામુહિક ધોરણે જ નિર્માણ પામતો હોય છે એમ જ ગુજરાતી દલિત વાર્તાનું છે.દલિત વાર્તા ઇ.સ.૧૯૮૫ની આસપાસ લખાવાની શરુઆત થાય છે અને ઇ.સ.૧૯૮૭માં વિષ્ણુ પંડયાના સંપાદન હેઠળ‘ચાંદની’ (પાક્ષિક,૭ ફેબ્રુઆરી,૧૯૮૭થી ૨૦ ફેબ્રઆરી ૧૯૮૭)નો‘દલિત સાહિત્ય અને દલિત ચેતના’વિશેષાંક પ્રગટ થાય છે.જેના પરિણામ સ્વરુપે સૌપ્રથમ રંગદ્વાર પ્રકાશન-અમદાવાદ દ્વારા ‘ગુજરાતી દલિત વાર્તાઓ’(ઇ.સ.૧૯૮૭)મોહન પરમાર અને હરીશ મંગલમના સંપાદન હેઠળ મળે છે.ત્યારબાદ ‘દલિત ગુજરાતી વાર્તા’-૧૯૯૫ સંપાદક-અજીત ઠાકોર, રાજેન્દ્રસિંહ જાડેજા, ‘પ્રતિનિધિ દલિત વાર્તા’(૧૯૯૭) સંપાદકઃહરીશ મંગલમ તેમજ‘વણબોટી વાર્તાઓ’(૨૦૦3)સંપાદકઃ દલપત ચૌહાણ અને‘દલિત વાર્તાસૃષ્ટિ’(૨૦૦૫) સંપાદકઃમોહન પરમાર જેવા વાર્તાસંગ્રહના સંપાદનો મળે છે.

સૌ પ્રથમ વ્યક્તિગત વાર્તાસંગ્રહ કે જેની તમામે તમામ વાર્તાઓ દલિત વિશ્વને પ્રગટ કરે છે તે સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવી પાસેથી‘અંતરવ્યથા’ઇ.સ.૧૯૯૬માં મળે છે.ગુજરાતી દલિત કવિતાક્ષેત્રે પણ તેમનું વિશેષ યોગદાન છે.આ સંગ્રહની વાર્તાઓમાં ‘મરદ કસુંબલ રંગ ચઢે’, ‘દ્રુપદી’, ‘સપાટું પહેરવાનું મન’, ‘જી સાહેબ’દલિત સંવેદનાને પ્રતિબદ્ધતાપૂર્વક આલેખે છે.તેમની પાસેથી પુરાકલ્પનનો વિનિયોગ કરતી ‘એકલવ્ય’અને ‘મત્સ્યગંધા’વાર્તાઓ મળે છે.તેમની ‘મરદ કસુંબલ રંગ ચઢે’વાર્તા વિશે ભરત મહેતા જણાવે છે "દલિત કિશોરી પરના બળાત્કારથી ડંખીલો બનેલો દુદોજી દરબારને મારીને મરી જાય એ ઉત્કટ ક્ષણનું તીવ્રતાપૂર્ણ આલેખન પ્રવીણ ગઢવીની ‘મરદ કસુંબલ રંગ ચઢે’માં જોવા મળે છે."[૧] તેમની પાસેથી આ ઉપરાંત‘છદ્મરુપ’અને‘આભડછેટના ઓછાયા’વાર્તાસંગ્રહો મળે છે.ડો.રાજેશ મકવાણા ‘આભડછેટના ઓછાયા’સંગ્રહની વાર્તાઓ સંદર્ભે જણાવતા નોંધે છે "લેખક

પ્રવીણ ગઢવીએ આ વાર્તાઓને જાણે પરકાયા પ્રવેશથી લખી હોય એવું વારંવાર લાગે છે.અનુભવનું અનુભૂતિમાં રુપાંતર વાર્તારુપ પામે છે.ટી.વી.ની સીરીયલ કે ક્લાસિક ફિલ્મના કથાપટ એવા કેટલાક ઉદાહરણો આ વાર્તારુપમાંથી મળી આવે એમ છે.સમાજમાં અસ્પૃશ્યતા-આભડછેટ આજે નવા-નવા રુપે અસ્તિત્વ ધરાવે છે.જીવંત છે.એના જુદા જુદા રુપ આ વાર્તામાં આલેખાયા છે.સવાયા દલિત લેખક તરીકે પ્રવીણ ગઢવીની આ વાર્તાઓ આધુનિક ગુજરાતી સાહિત્યમાં અનોખી જુદી ભૂમિકા લઈને નવો અવાજ ચેતના પ્રગટનારી છે."[૨]

ગુજરાતી દલિત સાહિત્યના દાદા જોસેફ મૅકવાન પાસેથી પાચેક વાર્તાસંગ્રહો મળે છે.જો કે એમની પાસેથી સંગ્રહની તમામે તમામ વાર્તાઓ દલિત સંવેદનાને અભિવ્યક્ત કરતી હોય એવો એક પણ વાર્તાસંગ્રહ મળતો નથી.તેમની દલિત વાર્તાઓમાં 'રોટલો નજરાઈ ગયો', 'મારું કોણ?', 'મનખા ધરમ', 'પન્નાભાભી', 'એક અનાથ પૂતળી'ની કથાનો સમાવેશ થાય છે.તેમની વાર્તાઓમાં અતિભાવુકતાનું તત્વ વધારે જોવા મળે છે.૨૧મી સદીના પ્રથમ દાયકામાં જેમની વાર્તાઓ અગાઉ સામયિકોમાં છપાય હતી અને વાર્તાસંપાદનોમાં સ્થાન પામી હતી એવા વાર્તાકારો પાસેથી વ્યક્તિગત વાર્તાસંગ્રહો મળે છે.જેમાં 'તલપ' (હરીશ મંગલમ), 'મૂંઝારો' (દલપત ચૌહાણ), 'પારખું' (દશરથ પરમાર), 'વિલોપન' (ભી.ન.વણકર), 'અદૃશ્ય દીવાલો' (માવજી મહેશ્વરી), 'જન્મદિવસ' (બી.કેશરશિવમ), 'લિસોટો' (અમૃત મકવાણા), 'નરક' (ધરમાભાઇ શ્રીમાળી) જેવા વાર્તાસંગ્રહો ૨૧મી સદીના પ્રથમ દાયકાની આસપાસ મળે છે.

'તલપ'વાર્તાસંગ્રહમાં ૧૪ વાર્તાઓ મળે છે જેમાં'ઝોળ', 'દાયણ', 'ઉટાંટિયો','દલો ઉર્ફે દલસિંહ' દલિત સમાજજીવન પ્રત્યેની પ્રતિબદ્ધતાની સાથે વાર્તાકળાની દ્રષ્ટિએ પણ ધ્યાન ખેચતી વાર્તાઓ છે.તો 'એબોર્શન'અને 'પ્રેમ એ જ સત્ય'માનસિક આઘાતને નિરુપતી વાર્તાઓ છે.તેમની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની બોલીનો વિશેષ સંદર્ભ જોવા મળે છે.

ઉચ્ચ કોટિના વાર્તાકાર મોહન પરમાર પાસેથી દલિત ચેતનાને અભિવ્યક્ત કરતી વાર્તાઓ તેમના વાર્તાસંગ્રહોમાંથી મળે છે.'નકલંક','કોહ','થળી','આંધુ','રઢ','ઘોડાર','ભ્રમણા'તેમની આ પ્રકારની વાર્તાઓ છે.તેમની દલિતચેતનાને અભિવ્યક્ત કરતી વાર્તાઓ દલિત સંદર્ભને પણ અતિક્રમી જઈ માનવીય સંદર્ભને અભિવ્યક્ત કરે છે.જે દલિત વાર્તાકાર તરીકે તેમની વિશેષતાને રજૂ કરે છે.

દશરથ પરમાર પાસેથી મળતા'પારખું'વાર્તાસંગ્રહમાં ૨૧ વાર્તાઓ મળે છે.સંગ્રહમાંની તમામ વાર્તાઓ દલિત સંવેદનાને પ્રગટ કરતી નથી.'રમત','પાટ','ચૂવા','ગીધાનુભૂતિ','સાંધણી'જેવી વાર્તાઓમાં દલિત સંવેદન પ્રતીકાત્મક રુપે આલેખાયેલું જોવા મળે છે.એમની વાર્તાઓ સંદર્ભે ડૉ.ભરત મહેતા જણાવે છે"રિવાજોની આરપાર થઈ માનવચિત્તની સંકુલતા નિરુપવાનું દશરથ પરમાર જેવા લેખકને ફાવે છે.એમની 'જાત','સાંધણી','પાટ'આવી વાર્તા છે"[3]તેમની પાસેથી બીજો વાર્તાસંગ્રહ'બે ઈમેઈલ અને સરગવો'મળે છે.તેમના પ્રથમ વાર્તાસંગ્રહની તમામે તમામ વાર્તાઓ વિશે પ્રતિભાવ આપતા ભરત મહેતા કહે છે"'પારખું'દશરથ પરમારનો પ્રથમ વાર્તાસંગ્રહ છે મર્યાદા પુરુષોત્તમ વાર્તાકાર પ્રતીત ન થાય એ સ્વાભાવિક છે.ગબ્બરની દિશામાં ગાડી ગબડાવી મૂકતી,પુરુષોત્તમને ભોગવતી પુષ્પા'પારખું'ના

અંતે અસ્વાભાવિક લાગે છે.જ્યારે પોતાના પતિને પડોશણ પાસે,પડોશણને પતિ પાસે ધકેલતી ઉકેલની વજી અસ્વાભાવિક લાગતી નથી.સોમી પ્રત્યે દીર્ઘ સહવાસને કારણે થયેલો ભાવ,જેઠાજીના નપુંસક હોવાનો સંદર્ભ,ભેમાની અવગણના અને એના કારણે સોમીના ચાલ્યા જવાની ઘટના ઊભી થતાં વજીનું કાર્ય અસ્વાભાવિક લાગતું નથી.ક્યાંક લાગણી ઘનતા ધારણ કરવાના બદલે વાર્તાને મેલોડ્રામેટિક બનાવી દે,ખેંચાણ જેવી વાર્તામાં આવો અનુભવ થાય છે.'આઠમું નોરતું'કે'સંતાપ'જેવી વાર્તા સામાન્ય ભાવક પણ પૂર્વાનુમાન કરી શકે એમ જ આગળ વધ્યા કરે છે.'ચુવા'કે 'રમત'જેવી વાર્તા દ્વારા મોહન પરમારના અનુગામી પ્રાપ્ત થયાનો અનુભવ થાય તો 'આઠમું નોરતું'કે' સંતાપ'જેવી વાર્તામાંથી પસાર થતાં એવો ફફડાટ થાય કે વાર્તાકાર નાસીર ઈસ્માઈલી,જયવદન પટેલની પંગતમાં ભળી જવાની ઉતાવળ ન કરી બેસે તો સારું.નપુંસક પુરુષની માફક જ બગાસાં હંમેશા લાંબાછેલ જ હોય,જાતિયવૃતિની ઉત્કટતા સૂચવવા ભેંસ-પાડાં વાર્તાએ વાર્તાએ રેંકતા હોય,કાયા ચીકણી માટીના લોંદા જેવી જ હોય-આવાં તૈયાર કરી મૂકેલાં ચોકઠાંનાં ભયસ્થાનો વાર્તાકારે નજરઅંદાજ કરવાં જેવા નથી;નહિતર વાર્તા વાંચતાં અકળાવનારી એકવિધતા ઊભી થશે.ક્યાંક વાર્તાક્ષણની ઉત્કટતા પ્રસ્તારના કારણે મોળી પડતી જણાય છે.જેમકે'અંધારું','ઊંઘ'કે'ગીધાનુભૂતિ'.માનવમનની અટપટી લીલાઓ આલેખવામાં સફળ થાય તો તો સોનામાં સુગંધ ભળે પણ એવી લીલાઓ પકડતાં આવડે તોય ઘણું.અનુભૂતિના વિવિધ પ્રદેશો લગી ફરી વળતી દશરથ પરમારની કલમ આવી ક્ષણો પકડી શકી છે અને એને આલેખવાની મથામણ કરી રહી છે એનું પારખું આ સંગ્રહમાંથી પસાર થતાં થાય છે."[૪]

દલપત ચૌહાણ પાસેથી'મૂંઝારો'વાર્તાસંગ્રહ મળે છે જેની તમામે તમામ વાર્તાઓ દલિત વિશ્વને આલેખે છે.તેમનો આ વાર્તાસંગ્રહ અન્યાયી વર્ણવ્યવસ્થા વિરુદ્ધ સામાજિક સમાનતાની ભાવનાને રજૂ કરે છે.ધાર્મિક પાખંડવાદને પણ રજૂ કરે છે.તેમની વાર્તાઓ સંદર્ભે ડૉ.ભરત મહેતા જણાવે છે કે"દલિત વાર્તા પરિઘ પરથી ફરતી ફરતી આંતર તરફ,કેન્દ્ર તરફ ફરી રહી છે.સમાજનો સાક્ષાત્કાર બીજા સમાજની સામે પોતીકો સમાજ મુકીને કરવાની વાતને બાજુ પર મુકીને પોતાના સમાજના સંવેદનોને જ ભીતરથી ઊંડા અનુભવડાવવાં દલપત ચૌહાણની'મૂંઝારો'આ પ્રકારની વાર્તા છે"[૫]તો'કાતોર'વાર્તામાં રુપપરિવર્તનનો પ્રયોગ કરી જરાય વાચાળ બન્યા વિના દલિતના મન પર થયેલા કારમા આઘાતને વાચા આપે છે.'ભૂખ' વાર્તામાં દલિત કથાનાયકની ખુમારી,સ્વમાન,પરોપકાર વૃતિને અભિવ્યક્ત કરે છે.તો'ચાલ્લો'વાર્તા સામંતી સમાજવ્યવસ્થાએ દલિત જીવનની સાથે કેવો અમાનવીય વ્યવહાર કર્યો છે તેનો વાચકને અનુભવ કરાવે છે.'ઘર'અને'ન્યાય'પણ તેમની આ પ્રકારની જ વાર્તાઓ છે.'દરબાર'વાર્તામાં લેખક એક દલિત શિક્ષક કેવી ચતુરાઈ સાથે ગામના ઉતાર દરબારના જાતિય અહમને તોડીને તેની સાથે મૈત્રીભર્યો સંબંધ વિકસીત કરે છે.તેનું વાર્તાકળાના ધોરણોની પૂર્તિ સાથે આલેખન કરે છે.તેમની પાસેથી બીજો વાર્તાસંગ્રહ'ડર'(૨૦૦૯)મળે છે.આ સંગ્રહની વાર્તાઓ આપણને દલિત સંવેદનાના અલગ વિશ્વમાં લઈ જાય છે.વિષયવસ્તુની દૃષ્ટિએ અહી માત્ર દલિત સમાજની સમસ્યા નિરુપિત ન થતા કોમી હુલ્લડોનો ભોગ બનેલા હિન્દુ-મુસ્લિમ પીડિતોની તેમજ સરહદે વસતાં દેશની રક્ષા કરતા સૈનિકોની વ્યથા-સંવેદનાને આલેખે છે.એ પછી'ભેલાણ'વાર્તાસંગ્રહ તેમની પાસેથી ઈ.સ ૨૦૧૩માં મળે છે.આ સંગ્રહમાં કુલ સોળ વાર્તાઓ છે.મુખ્યત્વે કરીને આ સંગ્રહની વાર્તાઓ અસ્તિત્વ માટે સંઘર્ષ કરતી દલિત પ્રજાની

પીડા,વેદના,અસ્પૃશ્યતા,અંધશ્રદ્ધા,વ્યસન અને પાત્રોના હૃદયની સંવેદનાને પ્રગટ કરતી રચનાઓ છે.દલપત ચૌહાણે આ વાર્તાસંગ્રહમાં દલિત પ્રતિબદ્ધતાપૂર્વક વાર્તાઓની રચના કરી છે.'રઘવાટ','ભ્રમણા','સાહેબની થેલી','સોનાનાં સિહાસનની વાર્તા','લાલ મણકો ખરતું સ્વપ્ન?'જેવી પાંચેક વાર્તાઓને બાદ કરતા દલિત સમસ્યાઓ વાર્તાના કેંદ્રમાં રહેવા પામી છે.ભી.ન.વણકર પાસેથી'વિલોપન'વાર્તાસંગ્રહ મળે છે.સંગ્રહની તમામ વાર્તાઓ દલિત સંવેદનાને અભિવ્યક્ત કરે છે.

'આવિષ્કાર', 'સાઇક્લોન', 'કાળીટીલી', 'પગ', 'ઓઝટવા', 'વંટોળ', 'ધારાવઈ', 'વિલોપન', 'ગોરુંચંદન'જેવી વાર્તાઓમાં દલિત સંવેદન પ્રભાવક રીતે અભિવ્યક્ત થયેલુ જોવા મળે છે.તેમની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતનો પરિવેશ આલેખાયેલો જોવા મળે છે.'નરક'વાર્તાસંગ્રહ ધરમાભાઇ શ્રીમાળી પાસેથી મળે છે.આ સંગ્રહની પણ તમામ વાર્તાઓ દલિત વાર્તાઓ છે.તેમની વિશેષ ધ્યાન ખેચતી વાર્તાઓ 'નરક','ભોગ','વરઘોડો','દાઝવું તે','કુંડ','સામૈયું'દલિત સંવેદના જગતના અને તેમાં પણ દલિતમાંય દલિત ભંગી સમાજની વેદનાઓને વાચા આપે છે.તેમની'ભવાઇ'વાર્તા દલિત પુરુષના સવર્ણ સ્ત્રી સાથેના સંબંધની વાતને પ્રસ્તુત કરે છે.સવર્ણ સ્ત્રીથી વાર્તાનો નાયક વીર માંગડાવાળો સામાજિક ભીંસથી ડરી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે તેમ છતાં દોષનો ટોપલો તેના માથા પર જ મુકાય છે.તેમની પાસેથી 'ઝાંખરું'વાર્તાસંગ્રહ મળે છે.તેમની આ સંગ્રહની વાર્તાઓ વિશે વાત કરતા પ્રવીણ ગઢવી નોંધે છે"ધરમાભાઇ શ્રીમાળી અન્ય દલિત વાર્તાકારો કરતાં હંમેશા થોડા ઉફરા ચાલે છે તેની પ્રતીતિ આ વાર્તાઓમાં પણ થયા વિના રહેતી નથી.અન્ય વાર્તાકારોમાં જાતિય શોષણ વિષયવસ્તુ તરીકે વારંવાર આવ્યા કરે છે.લોકબોલીનો અતિરેક પણ જોવા મળે છે.તેને કારણે દલિત વાર્તા સાધારણ વાચક સુધી પહોચી શકતી નથી.ધરમાભાઇ તેમની વાર્તાઓમાં લોકબોલીનો ખૂબ મર્યાદિત ઉપયોગ કરે છે.મેઘાણીની જેમ લોકભાષાની કેવળ ફ્લેવર આપીને સંયમ રાખે છે તેથી તેમની વાર્તાઓનું નિર્વહણ સરળ રીતે થાય છે."[૬]

'અદૃશ્ય દીવાલો'વાર્તાસંગ્રહ માવજી મહેશ્વરી પાસેથી મળે છે.આ સંગ્રહની વાર્તાઓમાંથી 'અદૃશ્ય દીવાલો','સેઇફ ડિસ્ટન્સ','ખટકો','શિરચ્છેદ','હોળી','શૂળ'જેવી વાર્તાઓ દલિત ચેતના સંદર્ભે મહત્વની છે.

ગુજરાતી દલિત વાર્તા સૌથી વધુ બી.કેશરશિવમ પાસેથી મળે છે.'જન્મદિવસ','રાતી રાયણની રતાશ','ડૉ.સીમા','મધપૂડો','શહીદ','માણકી'જેવા વાર્તાસંગ્રહો ઉપરાંત તેમની પાસેથી અગ્રંથસ્થ વાર્તાઓ મળે છે.જેમાંથી 'દુર્ગા','ભોરીંગ','રામલી','ઉકરડો','મંકોડા','જોગણી','કચરો','મડદું' જેવી વાર્તાઓમાં દલિત સંવેદન સારી રીતે આલેખાયેલું જોવા મળે છે.અમૃત મકવાણા પાસેથી'લિસોટો'વાર્તાસંગ્રહ મળે છે.જેમાં'રાતરાણી','શેકેલી બોટી','ભેલાણ','વેઠ','આંચકો'જેવી દલિત વાર્તાઓ મળે છે.સ્ત્રી દલિત વાર્તાકારોમાં ચંદ્રાબેન શ્રીમાળી પાસેથી દલિત નારીજીવનના વિશ્વને રજૂ કરતી વાર્તાઓ તેમના વાર્તાસંગ્રહો'ચણીબોર અને બીજી વાતો','ચકુનો વર','ચુડલા કરમ'માં મળે છે.તેમની વાર્તાઓમાં દલિત પરિવેશ,ખપમાં લીધેલી સામગ્રી, દલિત પીડિત સમસ્યાઓને સાંકળી લઇને કલ્પના અને વાસ્તવનો સૂમેળ કરી ભીતરી સંવેદન દલિતોની લાગણીઓ,પીડાઓ,શોષણ,તિરષ્કાર વગેરે

ભાવકને સ્પર્શી જાય એ રીતે આલેખ્યુ છે.તો જેમની પાસેથી દલિત વાર્તાઓ મળે છે પણ હજી સુધી ગ્રંથસ્થ થઇ નથી તેવા વાર્તાકારોમાં મધુકાન્ત કલ્પિત,યશવંત વાઘેલા,પથિક પરમાર,રમણ વાઘેલા,જસુમતી પરમાર,દિનેશ હડિયાલ,કાન્તિલાલ મકવાણા,દિનુ ભદ્રેસરિયા,રામ સોલંકી વગેરેનો સમાવેશ થાય છે.અદલિત વાર્તાકારો પાસેથી પણ દલિત વાર્તાઓ મળે છે.જેમાં માય ડીયર જયુ,રામચંદ્ર પટેલ,મણિલાલ.ન.પટેલ,હર્ષદ ત્રિવેદી,મફત ઓઝા,સુમંત રાવલ,જીવણ ઠાકોર,અનિલ વ્યાસ,યોગેશ જોશી,નાઝીર મન્સુરી,કેશુભાઇ દેસાઇ,ગુણવંત વ્યાસ,ભરત મહેતા વગેરેનો સમાવેશ થાય છે.

આમ,દલિત ગુજરાતી વાર્તાનો આ ઈતિહાસ તપાસતા ખ્યાલ આવે છે કે અનુઆધુનિક ગુજરાતી સાહિત્યક્ષેત્રે નોંધ લેવી પડે એવી વાર્તાઓનું સર્જન દલિત વાર્તાક્ષેત્રે થયેલું જોવા મળે છે.દલિત વાર્તામાં દલિત સમાજજીવનની એક અલગ ઓળખ તેના પરિવેશ,બોલી,રીતભાત વગેરેની વાસ્તવિકતા સાથે રજૂ થવા પામી છે.શિરીષ પંચાલ ગુજરાતી દલિત વાર્તા સંદર્ભે જણાવે છે કે"આ વાર્તાકારો ધીમે ધીમે કોઠાસૂઝથી ટૂંકીવાર્તાઓના પરિચયથી વધુ સારા પરિણામો આણશે.તળપદી ભાષા પરના પ્રભુત્વ ધરાવતા આ વાર્તાકારો ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવાના છે એમાં શંકા નથી.આખરે તો સાહિત્યની ભાષાને આવી શક્તિ દ્વારા કૌવત અને નવા પ્રાણ પ્રાપ્ત થશે"[૭]

## સંદર્ભ સૂચિઃ


૧. ગુજરાતી દલિત સાહિત્યનાં લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૭૫
૨. દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,મે-૨૦૧૭,પૃ.૬
૩. ગુજરાતી દલિત સાહિત્યનાં લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૭૫
૪. પ્રત્યક્ષ,સંપાદકઃ રમણ સોની,જાન્યુ-માર્ચ-૨૦૦૨,પૃ.૧૧
૫. ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહેલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૭૬
૬. દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,૦૧-૦૩-૨૦૧૩,પૃ.૭

## પ્રકરણઃ૧.૩ઃ

## ગુજરાતી દલિત નવલકથા

ગુજરાતી સાહિત્યમાં દલિત સમાજજીવનનું આલેખન ગાંધીયુગનાં સાહિત્યમાં ગાંધીજીની દલિતોદ્ધારની ભાવનાથી પ્રેરાયને થવા પામ્યું હતું.ર.વ.દેસાઈની'ગ્રામલક્ષ્મી', 'સોપાનની 'પ્રાયશ્ચિત', ગુણવંત આચાર્યની'કરાલ કાળ જાગે', સ્નેહરશ્મિની'અંતરપટ',ઈશ્વર પેટલીકરની'કલ્પવૃક્ષ'જેવી નવલકથાઓમાં દલિત જીવનનું આલેખન મુખ્ય વિષયવસ્તુ તરીકે નહી પણ ગૌણ ઘટનાઓ રુપે થવા પામ્યુ હતું.દલિત સમાજજીવનને મુખ્ય વિષયરુપે કૃતિના કેંદ્રમાં મુકાવું હજી બાકી હતું.આધુનિક સમયમાં એટલે કે સ્વતંત્ર ભારતમાં બંધારણીય વ્યવસ્થા લાગુ થતા અને બંધારણીય અધિકારો મળતા દલિત સમાજને શિક્ષણ મેળવવાનો અધિકાર મળે છે.શિક્ષણના પ્રભાવને લીધે શિક્ષિત થયેલા દલિતોએ સાહિત્યમાં સ્વજીવનને પ્રગટાવવાનો પ્રયત્ન કર્યો.દલિત સમાજનું ચિત્ર એ જ સમાજમાંથી આવતા સર્જક પાસેથી મળવા માંડ્યું.શરુઆતમાં કવિતા-વાર્તા જેવા સ્વરુપમાં દલિત સંવેદના આલેખાઈ.જ્યારે સમાજજીવનનું બૃહદ ચિત્ર જેમાં આલેખાતું હોય છે એ નવલકથા સ્વરુપમાં દલિત સમાજજીવનનો પ્રવેશ નવમાં દાયકામાં ઈ.સ.૧૯૮૬માં જૉસેફ મૅકવાન લિખિત 'આંગળિયાત'થી થાય છે.જો કે આ જ વર્ષે બિનદલિત સર્જક જયંત ગાડીત પાસેથી'બદલાતી ક્ષિતિજ'નવલકથા મળે છે.સૌથી વધુ ચર્ચામાં એ સમયે'આંગળિયાત'રહે છે અને દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષની શ્રેષ્ઠ નવલકથાનો પુરસ્કાર પણ મળે છે.નવલકથાની પ્રસ્તવાનમાં ધવલ મહેતા આ નવલકથાને'ગુજરાતીમાં સામાજિક વાસ્તવના ચોથા મોજા'તરીકે ઓળખાવે છે.આ નવલકથામાં પ્રથમવાર અસ્પૃશ્ય ગણાતી વણકર કોમના માનવી ટીહો અને મેઠી નાયક-નાયિકા તરીકે રજુ થયા છે.હરીશ મંગલમ જણાવે છે"ચરોતરની બોલીનો વિનિયોગ,કહેવતો,તળપદા શબ્દો,રુઢિપ્રયોગો,સ્થાનિક બોલીના લહેકા,વણકર જાતિના રીત રિવાજોના જીવંત નિરુપણથી નવલકથાની એક તળની લહેકની અનુભૂતિ થાય છે"[૧]તો સમાજશાસ્ત્રીય દ્દષ્ટિકોણથી'આંગળિયાત'ની તપાસ કરતાં ડો.રતિલાલ રોહિત નોંધે છે કે"પ્રતિબદ્ધ સાહિત્યકૃતિ તરીકે આંગળિયાતનું આગવું મૂલ્ય છે.ગુજરાતી સાહિત્યની સીમાચિન્હરુપ રુપ આ રચના કથનવર્ણન અને જનપદના વાસ્તવપૂર્ણ આલેખનને કારણે વિશેષ ધ્યાનાર્હ બની જાય છે,એવો જનસમુદાય જે મૂખ્યધારાથી અસ્પૃશ્ય હતો.આંગળિયાતની રુપસૃષ્ટિમાં આ સમાજના તાણાવાણા સૂક્ષ્મ રીતે કુશળતાથી ગુંથવામાં આવ્યા છે.જેની પ્રતીતિ સહૃદયને નિરંતર થતી રહે છે.સામાજિકતાનું નવું વિશ્વ આંગળિયાતમાં કલાત્મક રીતે ઉઘડે છે જે આજ સુધી અકબંધ હતું."[૨]તેમની પાસેથી બીજી નવલકથા'મારી પરણેતર'માં દલિત સમાજની નારીની કરુણતા આલેખાઈ છે.ગૌરીના વ્યક્તિગત સંઘર્ષની સાથે દલિત સમાજ પર થતાં જુલ્મ,અત્યાચાર,કાવાદાવા વગેરેનું પણ આલેખન થવા પામ્યું છે.આ સીવાય તેમની પાસેથી'લક્ષ્મણની અગ્નિ પરીક્ષા'અને 'મનખાની મીરાત','દરિયા','અમર ચાંદલો'નવલકથાઓ મળે છે.ચરોતરી પ્રદેશના ગામડાઓમાં રહેતા દલિત સમાજનું આલેખન તેમની નવલકથાઓમાં થયું છે.

દલિત સાહિત્યની ધારાને એક વિશિષ્ટ ઓળખ મળે એ માટે સતત જાગૃત રહી એની તરફેણ કરનારા સર્જકોમાં એક પ્રતિબદ્ધ દલિત સર્જક દલપત ચૌહાણ છે.તેમની પાસેથી ચાર નવલકથા મળે

છે.'મલક','ગીધ','ભળભાંખળું' અને'રાશવા સૂરજ'.પ્રથમ નવલકથા'મલક'ની વિશિષ્ટતા એ છે કે અહી નાયક તરીકે દલિત સમાજ છે.'સોરઠ તારા વહેતા પાણી'ની જેમ આ નવલકથામાં દલિત સમાજના સવર્ણ સમાજ સાથેના આર્થિક,સામાજિક અને જાતિય સંઘર્ષનું આલેખન વિવિધ પાત્રોની કરમકથનીની રજુઆત થવા પામી છે.આ નવલકથા આઝાદી પૂર્વેના ગામડાની વાતને રજુ કરે છે.ગામડું દલિતો માટે ક્યારેય રળિયામણું રહ્યું નથી ગામડાઓ તુટશે એની સાથે અસ્પૃશ્યતા જેવો રોગ પણ નાબુદ થશે એવી વાત ડૉ.બાબાસાહેબ આંબેડકરે કરી જ છે.અહી સમગ્ર દલિતવાસને રાત માથે લઈને હિજરત કરવાની ફરજ પડે છે.હરીશ મંગલમ આ નવલકથા વિશે જણાવે છે કે"દલપત ચૌહાણની નવલકથા'મલક'માં કોઈ ચોક્કસ એક પાત્રને બદલે આખો વણકરવાસ એના કેંદ્રમાં છે.સમય છે આઝાદી પૂર્વેનો.દલિત સમાજ અને બિનદલિત સમાજના રીતરિવાજો,વાણી,વર્તનો,સંબંધો લેખકે ઝીણવટથી વણી લીધા છે.અહી વણકર યુવક ભગો,હઠા ચૌધરીની જોબનવંતી વહુ સંતોક સાથે લગ્નેતર સંબંધથી જોડાય છે.અહી દલિત યુવક સાથે આવા સંબંધો માટે એક ઉજળિયાત કોમની સ્ત્રી પહેલ કરે છે,કહો કે પીછો કરે છે તેવું સહજ અને મૌલિક નિરુપણ અન્ય ચીલાચાલુ નિરુપણથી એકદમ અલગ અને નવીન પુરવાર થાય છે."[3]'ગીધ'માં મિયોર જાતિના ઈસા અને આંજણા કોમની દિવાળી વચ્ચેની કથા મુખ્ય ઘટનારુપે આલેખાઈ છે.સવર્ણ છોકરી દીવાળીની વાસનાનું લક્ષ્ય બનતો ઈસો સભાન હોવા છતાં દલિત હોવાને કારણે એના ભાગે જ વેઠવાનું આવે છે.લેખકે નવલકથામાં દલિત સમાજની સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ,બિનદલિત સમાજના વિવિધ પાત્રો અને પરિવેશનું આલેખન કર્યુ છે.'ગીધ'નવલકથા વિશે હરીશ મંગલમ જણાવે છે કે"દલપત ચૌહાણે'ગીધ'નવલકથામાં પણ ફ્લેશબેક રીતિનો ઉપયોગ કર્યો છે.દલિત ભલાના માનસમાં સ્મૃતિરુપે આખી નવલકથા ચાલે છે.ઉજળિયાત માવજીભાની દીકરી દિવાળીને ઈસો અને શનોજી સાથે શારીરિક સંબંધો બાંધવા માટે તલપાપડ દર્શાવી છે.દિવાળીની જુવાની વંસતની જેમ ખીલી ઊઠી છે.એટલે એને નાતજાતમાં કશું દેખાતુ નથી.અને આમેય કહેવાતો ઉજળિયાત વર્ગ તો અનુકૂળતા અને પ્રતિકૂળતા જોઈને જ અસ્પૃશ્યતાનું આચરણ કરે છે.કશોક લાભ ખાટવો હોય ત્યારે અસ્પૃશ્યતા નડતર રુપ બનતી નથી.પરંતુ ઈસો દલિત હોવાથી એ ભયાવહ પરિસ્થિતિમાં મુકાય છે.એને પૂરેપૂરી ખબર છે કે ભાંડો ફૂટી જાય તો આવી બાબતમાં એક દલિતની શી દશા થાય?પરંતુ બને છે કઈક વિચિત્ર અને નવલકથા વસ્તુ આવી પરિસ્થિતિમાં આગળ વધે છે.દિવાળી સાથે શરીર સુખ માણતાં શનોજી બાજરીના ખેતરમાં ઝડપાઈ જાય છે તે સમયે સંધ્યા હોઈ,વધતા જતાં અંધારાનો લાભ લઈ શનોજી છૂમંતર થઈ જાય છે.છીંડે ચઢે એ ચોર કહેવત મુજબ ઈસો ફસાય છે.ખૂબ માર પડે છે.માંડ માંડ બચે છે..છેવટે ઈસાની હત્યા થાય છે.ઈસાની લાસ પર તૂટી પડેલાઓને જોઈ ભલો બેભાન થઈ જાય છે.પેલાઓની જગ્યાએ ભલાને ગીધડા દેખાય થાય છે.ભલો ગીધડાને લાકડીથી ફટકારતાં ફટકારતાં બેભાન થઈ જાય છે ને એની સ્મૃતિમાં આ આખી ભૂતકાલીન બાબત સરકે છે."[4]તેમની પાસેથી ત્રીજી નવલકથા'ભળભાંખળું'માં પણ આઝાદી પૂર્વેના ત્રીજા-ચોથા દાયકાની કથા આલેખાઈ છે.ગાયકવાડી રાજ્યએ દલિતોને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી પણ ગામડાનો સવર્ણ વર્ગ શિક્ષણથી વંચિત રાખવા કાવતરા ગઢે છે.આ જ કથાના પાત્રોને લઈ અને એમાંથી જ કથાનો તાંતણો લઈ એના ઉત્તરાર્ધ રુપે તેમની પાસેથી ચોથી નવલકથા'રાશવા સૂરજ'મળે છે.સમય બદલાતા ધીરે ધીરે દલિત સમાજમાં પરિવર્તન આવ્યું

છે.શહેરનું આકર્ષણ તેને ગામ છોડવા પ્રેરણા આપી રહ્યું છે.દલિતોની બદલાયેલી સામાજિક-સાંસ્કૃતિક સ્થિતિનું દસ્તાવેજીકરણ આ નવલકથામાં થવા પામ્યું છે.

ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારામાં જેમની નામના અને પ્રતિષ્ઠા છે એવા સિદ્ધહસ્ત વાર્તાકાર મોહન પરમાર પાસેથી દલિત સમાજજીવનની સમસ્યાઓ અને એના આંતર-બાહ્ય સંઘર્ષોને આલેખતી'નેળિયું','પ્રિયતમા'અને'ડાયાપશાની વાડી'જેવી નવલકથાઓ મળે છે.'નેળિયું'નવલકથામાં પોતાની યાદદાસ્ત ગુમાવી બેઠેલો પણ શિક્ષિત એવો દલિત યુવક પટેલ દંપતિના ઘરે રહે છે.સમાજમાં વ્યાપ્ત વર્ણવ્યવસ્થાના પાયાના પ્રશ્નોને તે અવલોકે છે.નવલકથાને આ રીતે વૈચારિક ભૂમિકાએથી રજુ કરવાનો લેખકે પ્રયાસ કર્યો છે.આ નવલકથા વિશે દલપત ચૌહાણ નોંધે છે કે"હિન્દુ સમાજમાં જે ચઢઉતરની વ્યવસ્થા છે,તેના નિરુપણમાં લેખક ડચકાય છે.નેળિયાના પ્રતીક દ્વારા લેખક કથાને આંબવા પ્રયત્ન કરે છે પરંતુ પ્રતીકધર્મી શીર્ષકો રાખવાથી સાર્થકતા સાંપડતી નથી."[૫]તો વળી ભરત મહેતા કડવું સત્ય વદતા વિવેચે છે કે"પ્રણયકથાનું Obsession દલિત સમાજને સાક્ષાત થવા દેતો નથી.પ્લાસ્ટિકના ફૂલો આંબેડકરને અર્પિત કરાય?લેખક લોકપ્રિયતાના નેળિયામાં ફસાઈ ગયા છે.દલિત કથાનક અહીં બજારું લાગે છે...આરંભ અને અંત લેખક પાસે હતા પરંતુ કૃતિના મધ્યભાગની કોઈ આંતરસંગતતા નહી રચાતાં એક અસરકારક કથાનક કૃતક બની ગયું"[૬]'પ્રિયતમા'નવલકથામાં લેખકે દલિતની સામે સવર્ણસમાજને રજુ કરવાને બદલે દલિત સમાજની આંતરિક સામાજિક,આર્થિક અને રુઢિગત બાબતોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.આ નવલકથા વિશે બાબુ દાવલપુરા જણાવે છે"દલિત નવલકથાઓનાં સમુહમાં અલગ તરી આવતી આ છઠ્ઠી નવલકથામાં ગ્રામસમાજની સવર્ણ ઉજળિયાત/પછાત જ્ઞાતિઓ સાથેના દલિત જ્ઞાતિના જનસમુદાયનાં સંબંધો-સંઘર્ષો નહિ પણ વણકરોનાં પોતાના જ્ઞાતિ સમાજના આંતરિક કુસંપને કારણે સર્જાતી વિસંવાદિતા અને કૌટુંબિક વિટંબણાઓનું આલેખન કળાકીય સભાનતાપૂર્વક થયુ છે"[૭]તો હરીશ મંગલમ આ કૃતિ વિશે જણાવતા કહે છે"દલિત સમાજના રીતરસમો,બોલી,સમગ્ર જીવન અને વાસના માહોલનું સૂક્ષ્મદર્શન કરાવતી મોહન પરમારની'પ્રિયતમા'નવલકથા ભાગ-૧,૨માં વિસ્તરી છે.આ પરિવેશમૂલક નવલકથાનું દસ્તાવેજીકરણ સમાજશાસ્ત્રીઓ અને અજાણ સાહિત્યરસિકોને ઉપકારક નીવડશે.લગ્ન બાદ કરવામાં આવતું આણું,ખોળાભરણું અને જીયાણાનું નિરુપણ યથાતથ રીતે કેમેરામાં બદ્ધ થયુ છે.નિરક્ષર દલિતોનું જીવન દોહ્યલું હતું.આઝાદીના સમયગાળા પછી તરત જ દલિતો મિલોમાં જોતરાયા.શહેરમાં ચાલીઓમાં વસવાટ થયો.ગામડામાં વેઠ કરતી અને વળતરમાં ઓછી દાનજી મળતી તે દલિત પ્રજાના હાથમાં મિલોના ટૂંકા તો ટૂંકા પગાર,પરંતુ રોકડા રુપિયા મળવા માંડયા.તેથી એમના બાળકો ભણવા લાગ્યાં.ભણી ગણીને નોકરીએ વળગ્યાં.સંપન્ન થવા મથતા સમાજને કપાળે એક જબ્બર આંચકો લાગ્યો.એક પછી એક એમ બધી મિલો ટપોટપ બંધ પડવા માંડી.વળી પાછી બેકારી,બેહાલી જેવી પરિસ્થિતિઓએ ક્રુર પંજો ફેરવ્યો અને આર્થિક ભીંસ સર્જાઈ.આવા સાંપ્રત મહત્વના વિષયવસ્તુને લેખકે ખપમાં લીધું છે જે પ્રશંસનીય છે."[૮]તેમની ત્રીજી નવલકથા'ડાયા પશાની વાડી'માં પણ દલિત સમાજનો કોઈ સીધો વર્ગસંઘર્ષ નથી આલેખાયો પણ સામાજિક સમરસતાની વાત એક દલિત વડીલના પાત્ર દ્વારા થઈ છે.તેમની પાસેથી દલિત સમાજજીવનને આલેખતી ચોથી નવલકથા'સંકટ'મળે છે.આ નવલકથા વિશે જણાવતા રમણ વાઘેલા

નોંધે છે"અમદાવાદના વિવિધ વિસ્તારોમાં આવેલ ચાલીઓના જીવનનું સૂક્ષ્મતાપૂર્ણ આલેખન,કૌટુંબિક પરિવેશો,ટીનેજથી માંડી વયસ્ક વ્યક્તિઓના રેખાચિત્રો જેમાં સ્ત્રી-પુરુષોનો સમાવેશ,નશા જેવી બદીને કારણે થતો કલહ-કંકાશ,બેકારીની નાગચૂડમાંથી છટકવા સારું અસામાજિક તત્ત્વોનો લેવાતો આશરો આ બધાં જ અવસાદભર્યા ચિત્રો'સંકટ'માં આલેખાયા છે.નારણ મુખીની ચાલીમાં રહેતા માણસમાં રહેલી માણસાઈ પ્રત્યે અખૂટ શ્રદ્ધા ધરાવનાર શાંતિલાલ માસ્તર અને તેમના નિર્ણયોને સદૈવ ટેકો આપનાર તેમના પત્ની વાલીબેન,હિન્દુ જાગૃતિ સંગઠનમાં ભળેલો યુવાન રમેશ અને આ સંગઠનની ગતિવિધિઓથી દૂર રહેવા રમેશને ટોકતી તેની પત્ની હંસા,દારુનો અડ્ડો ચલાવતા મારવાડી જેઠમલને ખિસ્સામાં ચપ્પુ મુકવા મજબૂર કરતા સમજુ મહંમદભાઇ,કુસ્તી કરતા હાંડલાને ઠેકાણે પાડવા ફરીદાનો આશરો લેતી જેઠી,વિઠ્ઠલ ભગતના દીકરા પશાની વહુનું વળગણ દૂર કરવા આવેલા ભૂવા-જાગરિયાને ખરો તારણહાર તો દાદો આંબેડકર છે એવું સમજાવી ભૂવાને વિદાય કરતા રમેશની કારગત નીવડેલી કલા,મુસ્લિમોના કસબા અને ચાલીના લોકો વચ્ચે વાર-તહેવારે પારસ્પરિક હૃદયોનું મિલન,સવર્ણ શિક્ષકોની સ્પેશીયલ ખાણા માટેની તાલાવેલી,નર્મદા અને મહેશના સંસારની ગાડી પાટે લાવવા સારું મધ્યસ્થી બનતા શાંતિલાલ અને રમેશની સલૂકાઈ,હિન્દુના વિકાસ કરતાં માનવજાતનો ખ્યાલ અવ્વલ ગણાય એ શીખને રમેશના મગજમાં ઉતારવમાં સફળ થયેલા શાંતિલાલ,અરાજકતાભર્યા વાતાવરણમાંથી સહુને સ્વીકાર્ય માર્ગ ખોળી કાઢતાં શાંતિલાલ,કસબાના મુસ્લિમો અને ચાલીઓના દલિતો વચ્ચે પ્રવર્તતી શાંતિને અશાંતિમાં ફેરવવા પ્રયાસ કરતા અસામાજિક તત્વોની પીછેહઠ-આમ સંકટમાં મળતા વિવિધ પાત્રો અને પ્રસંગો સરવાળે નાયણા ડોહાની સાયુજ્ય-સૌહાર્દની અપેક્ષાને પાર પાડે છે,જેને મસમોટો સંતોષ અનુભવે છે નિવૃત માસ્તર શાંતિલાલ!"[૯]

હરીશ મંગલમ પાસેથી'તિરાડ'અને'ચોકી'એમ બે નવલકથાઓ મળે છે.'તિરાડ'તેમની દલિત નારીજીવનને લક્ષ કરતી નવલકથા છે.નારીના શોષણને નિમિત્તે તેમણે સવર્ણો દ્વારા દલિતોના થતા શોષણને પણ અભિવ્યક્ત કર્યુ છે.તો ગામડામાં જોવા મળતી ચોકીપ્રથાના પ્રસંગે વ્યક્તિવિશેષના ચરિત્રને રજુ કરતી નવલકથા'ચોકી'છે.વાસ્તવિકતાની ભોંય પર સર્જકે સવર્ણોના દલિતો પર થતા અત્યાચારને આ નવલકથામાં આલેખ્યા છે.દલિતોમાંય જેમનું સ્થાન નીચું છે એવા હરિજનોના વાસનો પરિવેશ આ નવલકથામાં રજુ થવા પામ્યો છે.બાબુ દાવલપુરા'તિરાડ'ની સમીક્ષા કરતા લખે છે કે"ઉત્તર ગુજરાતના જાનપદી આંચલના પરિવેશમાં શ્વસતી એક શ્રમજીવી નારીની વેદના-સંવેદનાને યથાર્થલક્ષી અભિગમપૂર્વક અને બિંદુએ સ્પર્શતી હરીશ મંગલમની કળાત્મક લઘુ નવલ છે.પૂજા પટેલના બે કુળદીપકો બળદેવ અને ભગા વચ્ચે જમીનના શેઢા અંગે દંગલ જામ્યું તે પ્રસંગ ખેતરમાં મજૂરીએ આવેલો દલિત સોમો તેમને મારામારી કરતા રોકવાના શુભ આશયથી વચ્ચે કુદી પડયો અને ક્રોધાવેશમાં શાનભાન ખોઈ બેઠેલા ભગાએ ઝનૂનપૂર્વક ઝીકેલા પાવડાના દસ્તાના પ્રહારે ઘવાઈને માંદગીના બિછાને પડયો,એ પ્રારંભિક ઘટના આ કથાની આધારશિલા છે."[૧૦]તેમની પાસેથી આત્મકથનાત્મક દલિત નવલકથા'અગનઝાળ'મળે છે.શબ્દસૃષ્ટિના'નવલકથા અને હું'વિશેષાંકમાં કેફિયત વર્ણવતા લેખક સ્વયં કહે છે:"આગામી મારી ત્રીજી નવલકથા એના કથાવસ્તુને લીધે જુદી તરી આવે છે.એમાં પ્રતિબદ્ધતાનો ટંકાર છે.વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતા સામેનો ખુલ્લો વિદ્રોહ છે...કથામાં પ્રગટીને

વિકસતો જતો નાયક અંતે વિદ્રોહી બને છે.એની અગનઝાળ બધે પ્રસરે છે.આમ'તિરાડ'અને'ચોકી'થી તદન અલગ ભાવ પ્રગટાવતી'અગનઝાળ'નવલકથા એ નવલકથા યાત્રામાં મારામાં થયેલું મોટું પરિવર્તન લેખાશે"[૧૧]તો રમણ વાઘેલા આ નવલકથાનો પરિચય આપતા જણાવે છે"ગ્રામ પરિવેશમાં આલેખાયેલી અગનઝાળ સરવાળે તો હીરાભાની કુટુંબકથાનો વિસ્તૃત ગ્રાફ છે.ગામડાગામમાં વસવાટ કરતા હીરાભા વણાટકામના નિષ્ણાંત તો છે જ,સાથોસાથ બહોળાં કુટુંબને એક તાંતણે બાંધી રાખવાની કોઠાસૂઝ ધરાવતા આગેડું છે.અસ્પૃશ્યતાને કારણે વેઠવી પડતી અસહ્ય યાતના-પીડાને ન સહી લેવાની,ન વેઠી લેવાની-પડકારનો સામનો કરવાની વૃતિ અને તીવ્રતા હીરાભાની વિશિષ્ટતા છે"[૧૨]

બી.કેશરશિવમ પાસેથી'શૂળ'તેમજ'મૂળ અને ધૂળ'અને'પત્ની'એમ ત્રણ નવલકથાઓ મળે છે.પ્રથમ નવલકથા દલિતોના શહેરી જીવનના પ્રશ્નોને આલેખે છે.અનામત વિરોધી આંદોલનની પૃષ્ઠભૂમિ પર આ નવલકથાની માંડણી થઇ છે.આ નવલકથાને રમણલાલ જોશી'દલિતોની વેદનાની એક હૃદયસ્પર્શી સંવેદનકથા'તરીકે ઓળખાવે છે.તેઓ જણાવે છે"શૂળ એટલે રસ્તે ચાલતા હોઇએ ત્યારે તીવ્ર કાંટો પગમાં પેસી જાય અને એથી જે દર્દ થાય તે.સમાજની જીવનયાત્રામાં  જે શૂળ હજી પણ ભોંકાઇ રહી છે એની આ કથા છે.દલિત સાહિત્યના ખાનામાં એ મૂકી દેવાની કથા હોત તો મને કદાચ એટલો રસ ન પડયો હોત.પણ સમાજના ભાગરુપે જે મોટા વર્ગને આ શૂળ ભોંકાઈ રહ્યુ છે તે જોઈ કથાલેખક શ્રી બી.કેશરશિવમને જે અપાર દુઃખ થાય છે એને કારણે આ કથા રસવાહક બની છે.એક સંવેદનશીલ વ્યક્તિ આ શોષણ,અત્યાચાર અને અન્યાય જોઈ અંદરથી હલી જાય છે એ કથાને હૃદયસ્પર્શી બનાવે છે"[૧૩]'મૂળ અને ધૂળ'નવલકથામાં દલિત સમાજને કનડતા આર્થિક,સામાજિક અને જાતિગત શોષણના પ્રશ્નોને હિન્દુ ધર્મના દંભ-પાખંડને કેંદ્રસ્થ કરી આલેખે છે.આ નવલકથા સંદર્ભે રમણ પાઠક'વાચસ્પતિ'જણાવે છે"વિવેકબુદ્ધિપૂત વિચારોની અસરકારક રજૂઆત આ નવલકથાનું જમાપાસું છે.મૂળ અને ધૂળ ગમવાનું બીજુ કારણ,તે દલિત સમાજ પ્રત્યેની  પ્રતિબદ્ધતા અને માણસ માટેની શ્રદ્ધા.ત્રીજુ કારણ તે એની કલાલક્ષિતા."[૧૪]

ગણેશ આચાર્ય પાસેથી દલિત નવલકથા'અસ્તિત્વ'(૨૦૦૦)મળે છે.જમીન માટેની લડત આ નવલકથાની કેંદ્રીય ઘટના છે.ડો.કેસર મકવાણા આ નવલકથા વિશે જણાવતા નોંધે છે"ગણેશ આચાર્ય કૃત'અસ્તિત્વ'આ ધારાની એક સામાન્ય કૃતિ છે.જમીન માટેની લડત એ કૃતિની કેંદ્રીય ઘટના છે.પિતાનું અધૂરું કાર્ય પૂરુ કરવામાં નાયકનો પોતીકો કોઈ કીમિયો કારગત નીવડતો નથી.અન્ય ઉમદા પાત્રોની મદદથી એ કામ સિદ્ધ થાય છે.જાણે સંઘર્ષ વિનાનું પરિણામ પ્રાપ્ત થાય છે.તેથી કથાનક પણ સાવ ફિક્કુ લાગે છે.ગુજરાતની બહાર-બિહાર સુધી ભૌગોલિક સીમાડા ઓળંગતી આ કૃતિમાં ભાષા અને રચનારીતિ ઈત્યાદિ વાનાં પણ સામાન્ય સ્તરના જ છે."[૧૫]

સ્ત્રી લેખિકાઓમાં દક્ષા દામોદરા પાસેથી'શોષ'અને'સાવિત્રી'એમ બે નવલકથા મળે છે.'શોષ' નવલકથા સ્ત્રીના મનોસંઘર્ષની સાથે સામાજિક-ઐતિહાસિક પરિવેશને પણ નિરુપે છે.આ નવલકથા વિશે પોતાનો અભિપ્રાય જણાવતા કેસર મકવાણા નોંધે છે"...નવી પેઢીની લેખિકા દક્ષા દામોદરા એમની પ્રથમ નવલકથા'શોષ'થી ગુજરાતી નવલકથાના મુખ્ય પ્રવાહની સાથે દલિત સાહિત્યમાં પણ આશાસ્પદ

સર્જક ઉન્મેષ દાખવે છે.'શોષ'માં કથા તો સ્ત્રીના મનોસંઘર્ષની છે,પરંતુ એ મનોસંઘર્ષને સામાજિકતાનો પૂટ ચઢેલો છે.તેથી કથાનો સંઘર્ષ એક સાથે મનોસામાજિક સંઘર્ષની ભો ખેડે છે.વળી દલિત નાયક સાથે નાયિકાનું આકર્ષણ અને કચ્છના ૭૦૦ વર્ષ જૂના ઐતિહાસિક પાત્ર દુદાશાના બલિદાનના કથાનક સાથે કચ્છની દલિત અસ્મિતાનું દસ્તાવેજી વિગત પણ ઉપસ્થિત થાય છે.સર્જનાત્મક ભાષા ઉન્મેષ,વૈચારિક સ્તરનો સૂક્ષ્મ મનો-સામાજિક સંઘર્ષ આખી કથાને સમાજના કંઠે વળગેલા શોષની કથા બનાવે છે."[૧૬]એમની પાસેથી બીજી નવલકથા'સાવિત્રી'મળે છે.રાષ્ટ્રપિતા જોતિબા ફૂલે અને રાષ્ટ્રમાતા સાવિત્રીબાઇના જીવનપ્રસંગોને આલેખતી આ ચરિત્રાત્મક નવલકથા છે.આ નવલકથા વિશે કેસર મકવાણા નોંધે છે"મહારાષ્ટ્રમાં દલિતોદ્ધારનો યજ્ઞ આરંભનાર જ્યોતિબા ફૂલે અને એમના પત્ની સાવિત્રીના જીવનસંઘર્ષ અને સુવાસનો સમતાયુક્ત ચિતાર અહીં અપાયો છે.ઐતિહાસિક પાત્ર પરિવેશને વિષય બનાવતી આ કથા મહારાષ્ટ્રના તે કાળના સ્થળ-કાળ-વાતાવરણને ઉચિત રીતે જીવંત કરી આપે છે.દલિતોના સુધારાના અનેક પ્રયાસોમાં પાયાના પથ્થર સમા એ દંપતિના દસ્તાવેજી જીવનને અહીં ઉચિત ન્યાય કરાયો છે.જીવનચરિત્ર નહી પણ નવલકથા સ્વરુપે-કથાના નાયક-નાયિકા રુપે આ ઐતિહાસિક પાત્રોને મૂકી એમને વેઠવા પડેલા સંઘર્ષ એમાંથી હેમખેમ પાર પડતાં પાત્રો ક્રિયા-કારિત્વથી-પ્રત્યક્ષ રુપ પામે છે.એ રીતે દલિત નવલકથા પ્રવાહમાં આ કૃતિ નવી નોખી ભાત પાડતી અને કથાપ્રવાહનો ચેતોવિસ્તાર સાધતી મહત્વની કૃતિ બની આવે છે.લેખિકાનો સ્વાધ્યાય પરિશ્રમ અહીં કળારુપનિર્મિતમાં પરિણમવામાં ઘણે અંશે સફળ રહ્યો છે."[૧૭]

કાન્તિલાલ પરમાર પાસેથી'ગેબીટીંબો'અને'વજ્રપ્રહાર'એમ બે નવલકથાઓ મળે છે.'ગેબીટીંબો' નવલકથાની પ્રસ્તાવનામાં ડો.કેશુભાઈ દેસાઈ નોધે છે"એમના ચાલતા પેટાવર્ણવાદની ઉચ્ચાવચતાનો અંત આણ્યા વિના એ સીધા સવર્ણોની પંગતમાં બેસવાની વાત કરે એ કેટલી બેહૂદી લાગે!એનું નિરાકરણ પણ સત્વરે કરવું જરુરી છે.એ સીવાય પરિસ્થિતિ ભાગ્યે જ પલટી શકાશે.મને કે કમને,એ સીવાય ધાર્યુ પરિવર્તન આણી શકાશે નહીં એ પણ એટલું જ સાચું."[૧૮]આ વાત સંદર્ભે પોતાની પ્રતિક્રિયા જણાવતા હરીશ મંગલમ નોંધે છે"પ્રસ્તાવનાકાર મારા હમદર્દ મિત્ર સામે જ નહી બલ્કે કહેવાતી ઉજળિયાત કોમની વરવી માનસિકતા સામે મારો પ્રશ્ન એ છે કે,હિન્દુ ધર્મ પ્રેરિત સમાજવ્યવસ્થામાં પ્રવર્તતા વાડાબંધી,જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેના જડબેસલાક ભેદભાવ,વર્ણાશ્રમ,અમાનવીય શોષણ,નારી પ્રત્યેના ભેદભાવ વગેરે મનુવાદીઓ તરફથી મળેલી અજાયબીઓની અજાયબ દેણગી છે તો પછી,દલિતો સામે આંગળી કરવાનું ઔચિત્ય કેટલું?"[૧૯]'વજ્રપ્રહાર'સંબંધે પ્રસ્તાવનામાં હરીશ મંગલમ નોંધે છે"પળે પળે અસ્તિત્વ સામે ઝઝૂમવું પડ્યું છે તેવાં લોકોને આ નવલકથા પોતીકી વસ જણાશે"[૨૦]તો આ નવલકથા વિશે પરિચય આપતા રમણ વાઘેલા'દલિત અધિકાર'માં નોંધે છે કે"ગામડેથી પેટિયુ રડવા શહેરોમાં આવતો દલિત સમાજ ભલે અમદાવાદ જેવા શહેરમાં વસવાટ કરી બે પૈસા કમાવા શક્તિમાન થતો હોય પણ એ બે પૈસા પાછળ રાહ જોઈને ગામડામાં મોટી વણઝાર બેઠી હોય છે.તમાચો મારીને ગાલ રાતો રાખવાની અસમંજસતામાં વિખરાયેલ સમાજની વીતક કથા કંઈક નોખી જ હોય છે.'વજ્રપ્રહાર'માં આખી વાત અલગ બને છે.મંગળ નામનો દલિત મિલ કામદાર અમદાવાદ જેવા શહેરમાં ભાડાની ઓરડી રાખી કુટુંબનું ભરણપોષણ કરવામાં સંકડામણ અનુભવે છે ત્યારે પત્ની સમેત બાળકોને પોતાના ગામડે દેવસ્થલી

મોકલી આવે છે.દેવસ્થલી ગામે મંગળના કુટુંબને વેઠવી પડતી મુશ્કેલીઓની કથા'વજ્રપ્રહાર'માં આલેખાઈ છે."[૨૧]

પ્રાગજીભાઈ ભાંભી પાસેથી'દિવાળીના દિવસો'નવલકથા મળે છે.'દિવાળીના દિવસો'નવલકથાના કથાવસ્તુ સદર્ભે જણાવતા હરીશ મંગલમ નોંધે છે કે"ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના એક છેવાડાના ગામ છબીલાના ટેકરે રહેતા દલિત જનોના'દિવાળીના દિવસો'ના ટૂંકા સમયમાં ડૂબકી લગાવી છે.એ સમય દરમ્યાન ઘટતી ઘટનાઓને ઉચિત રીતે વર્ણવી છે.ગામડાની દલિત પ્રજાના વેરઝેર,દુઃખદર્દો,આંતરસંબંધો અને જીવનમાં વણાયેલી સહજ નિખાલસતા ઊડીને આંખે વળગે છે.સવારે ઝઘડ્યા હોય પણ સાંજે બધું ભૂલીને અભરાઈએ મેલી ભેગા મળતાં લોકોના હૈયાની નિર્મળતા આપણને દંગ કરી મૂકે છે.એમનો સામાજિક,આર્થિક,ધાર્મિક પરિવેશ છબીલા ગામના ટીંબાની ફરતે ઘૂમ્યા કરે છે."[૨૨]આ નવલકથા વિશે ધીરુભાઈ ઠાકર જણાવે છે કે"આ લઘુનવલમાં ઉત્તર ગુજરાતના છેવાડાના એક ગામ છબીલાના ટીંબા પર રહેતા સાત શ્રમજીવી કુટુંબોની દિવાળીના ચાર દિવસની જીવનચર્યાનું જીવંત અને જીણવટભર્યુ ચિત્ર દોર્યુ છે.સમૂહજીવનમાં પ્રતીત થતી તિતિક્ષારુપે પ્રવર્તતી જિજીવિષાનું નિરુપણ દાદ માંગી લે તેવું છે.આ પ્રકારના અભિગમથી નવલકથાના પ્રયોગો થતા રહે તો સાહિત્યની મૂખ્ય ધારા અને દલિતધારા વચ્ચેનો ભેદ ભૂંસાઈ જવાનો સંભવ છે."[૨૩]'ઘેરાવ'નવલકથા ઈ.સ.૨૦૦૯માં મળે છે.આ નવલકથા વિશે હરીશ મંગલમ જણાવે છે"આ નવલકથા પ્રયોજનલક્ષી નવલકથા છે.લેખક પ્રતિબદ્ધ છે.સામ્યવાદને વરેલા લેખકે કોમરેડ પાત્રોનો સધિયારો લીધો છે..વિષયવસ્તુના કેંદ્રમાં ગ્રામીણ કૃષિ સમાજ છે.અસ્પૃશ્યોની સાથે સાથે અન્ય પાત્રો જેમકે નરપતસિંહ અને પ્રતાપસિંહ રાજપૂત છે.ચંદુભાઈ પટેલ જ્ઞાતિના છે.દીનાભાઈ અને સોમીબેન આદિવાસી છે.બીજા કોમરેડ પાત્રો કેસરબા,કમળાબેન,જગો,કમુ,હિંમતસિંહ,જવાનજી,શિવાજી,કુબેરજી,કોયસંગ,ઝુઝારસિંહ,જેઠમા વગેરે ગ્રામિણ પ્રદેશના જીવંત પાત્રો છે."[૨૪]

દીનુ ભદ્રેસરિયા પાસેથી'કીડીએ ખોંખારો ખાધો'નવલકથા મળે છે.આ નવલકથા વિશે કેસર મકવાણા જણાવે છે"દીનુ ભદ્રેસરિયા કૃત'કીડીએ ખોંખારો ખાધો'માં દરામલી ગામનો ભંગી યુવક રઘજી ભાદરડીના એક બાંમણની સોરીનં લૈનઅ નાહી જ્યો થી આરંભાતી આ નવલકથા સવર્ણ સમાજના પ્રત્યાઘાતો ઝીલતી અનેક આયામો રચે છે.આ વિપરિત સ્થિતિથી ઉપરતળે થતો ગ્રામસમાજ,રાજકારણ,અનામત વિરોધી આંદોલનો,ગોધરાકાંડ,વગેરે દસ્તાવેજી વિગતોથી ખચિત આ કૃતિમાં આ બધા વાનાંનો કળાત્મક આવિષ્કાર સંધાયો નથી.ગ્રામબોલી પરની પકડ,સામાજિક વાસ્તવની ધરાતલ,વાસ્તવનું પ્રત્યક્ષીકરણ ઈત્યાદિ છતાં ભાવનાનો પૂટ મુખર થતો અને લેખકનું કળાકીય અંતર જાળવી શકાયુ ન હોય,એક બુદ્ધિજીવી લેખકના સમાજ પ્રત્યેના ઋણ ફેડવાની રીતિમાં પરિણમે છે."[૨૫]

વિઠ્ઠલરાય શ્રીમાળી પાસેથી'શૈલબાળા-આઈ.એ.એસ'નવલકથા મળે છે.આ નવલકથાને બાબુ દાવલપુરાએ'સવર્ણ-દલિત સમાજની સંકુલ સમસ્યાનું મર્મસ્પર્શી કથાચિત્ર'કહી બીરદાવી છે.આ નવલકથા સંદર્ભે ડો.કેસર મકવાણા નોંધે છે"એક દલિત નારી આઈ.એ.એસ થયા પછી જિલ્લા કલેક્ટર જેવું ઉચ્ચતર પદ મેળવે છે.પણ પ્રામાણિકતા અને નિષ્ઠાથી કામ કરવા જતાં,એને જ્ઞાતિગત રીતે ઘણું

સહન કરવાનું આવે છે.સરકાર અને સમાજની બેવડી કનડગતનો ભોગ બનતી,શૈલબાળા-માનવીય હીર ઝડકાવે એ રીતે એની નિષ્ઠાભરી કાર્યશૈલીથી ઝઝૂમે છે.પળે પળે તેનો વધ થાય છે.સામાજિક વિષમતાને કારણે શૈલબાળાને સહેવી પડતી મૂશ્કેલીઓ એ કથાનું ચાલક બળ છે.દલિત ચેતનાને પરંપરિત-ધાર્મિક-રીત-રસમો,વ્રતો ઉપવાસો સાથે આડવેર છે.જીવનની એવી ઘટનાથી આરંભાતી આ કથા શિક્ષણ પુરુષાર્થનો મહિમા કરે છે,પણ અંગત ગણતરીઓને કારણે વેઠવા-સહેવાનું આવા દલિત અધિકારીઓના ભાગે જ આવતું હોય છે,એવી સાંપ્રત સમયની ઊંચાપદે પહોંચ્યા પછીની સમસ્યાઓને કેંદ્રીત કરતી આ નવલકથા,માનવતા અને સમરસતાનો મહિમા ફરકાવે છે."[૨૬]

અનિલ વાઘેલા પાસેથી'જ્ઞાતિજંતુ'(૨૦૦૭)નવલકથા મળે છે.આ નવલકથાને મુંબઈની કલાગુર્જરી સંસ્થા તરફથી ગિરાગુર્જરી એવોર્ડ-૨૦૦૪નું દ્વિતીય ઈનામ મળ્યું હતું.નવલકથાની પ્રસ્તાવનામાં ચંપક મોદી જણાવે છે"નવલકથાનું અવિસ્મરણીય પાસું છે તેના સંવાદો અને વર્ણનો,સ્થળ,સમય,પાત્ર,પ્રસંગ અને પરિસ્થિતિના આલેખનમાં લેખકનું સર્જન કૌશલ્ય,ભાષાશૈલી અને લોકબોલીમાં તેમની અનોખી પ્રતિભાની ઝાંખી થાય છે.જે નવલકથામાં અનોખું પોત પ્રગટાવે છે.નવલકથાનું સંવિધાન કઇક શિથિલ છે છતાં તેમાં ઉત્કટ રીતે અભિવ્યક્ત થયેલ સમાજ સુધારણા અને વર્તન-પરિવર્તન પ્રશસ્ય છે."[૨૭]

રમણ મૅકવાન પાસેથી'ફના'નવલકથા મળે છે.નવલકથા સંદર્ભે ડો.કેસર મકવાણા નોંધે છે"રમણ મૅકવાન કૃત'ફના'નવલકથામાં સ્વરાજ પહેલાં અને સ્વરાજ પછીની પરિસ્થિતિને લેખકે આગવી શૈલીમાં આકારિત કરી છે.સવર્ણો દ્વારા દલિતોના થતા શોષણની વાત તો છે જ,સાથોસાથ પોતાના સગા-વહાલાંઓ દ્વારા થતા શોષણની કથા પણ છે.નવા વાતાવરણમાં મૂકાયેલો દલિત સમાજ જાણે વિકાસની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો હોય,વિકટ સ્થિતિમાં જાણે ફના થઈ રહ્યો છે.એવો સૂર કથા પ્રગટાવે છે.ગ્રામજીવનના તળપદાં વાતાવરણમાં લાલી અને જીવી જેવાં સંવેદનસભર પાત્રો પણ લેખક ઉપસાવી શક્યા છે.એ લેખકની સ્વકીય નિસ્બતને જરુર પ્રગટ કરે છે."[૨૮]

નવા દલિત લેખકોમાં નરેન્દ્રકુમાર પરમાર પાસેથી'પીપળો'નવલકથા મળે છે.આ નવલકથા સફાઈ કામદારોની માથે મેલું ઉપાડવાની પ્રથાનું વરવું ચિત્ર આલેખે છે.આ વર્ગનો જાણે કે આ વારસાગત વ્યવસાય બની ચૂક્યો છે.આર.આર.પરમાર પાસેથી'મૂળિયા અને પાંખો'દલિત નવલકથા મળે છે.આ નવલકથા સંદર્ભે કેસર મકવાણા જણાવે છે"દલિતોની વર્ણાશ્રિત સ્થિતિને ખાળવા પાદરીઓ અને ગાંધીજીની પ્રવૃતિઓની સમાંતરે પરિવર્તન પામતા સમાજને સમભાવથી રજૂ કરવાનો એક સ્તુત્ય પ્રયાસ અહી જોઈ શકાય છે.ગાંધીજી છેલ્લી ઘડીએ શું બોલ્યા?હે રામ!થી પૂરી થતી કથા ભેદભાવના ભૂતકાળને તટસ્થતાથી પ્રત્યક્ષ કરે છે.કેટલાક સવર્ણ સાત્વિક પાત્રોની મદદથી સંઘર્ષ સમતો રહે,અને ભેદભાવ ભૂલવાની પ્રક્રિયા રચાતી રહે એમ આ કથા આગળ વધતી શુભમાં પરિણમે છે.મિશનરીનાં પાદરીઓનાં આંતરિક કલહને અને ભારતીય ગામડાના અઢારે વરણને આલેખતી આ કથા દલિત નવલકથા પ્રવાહમાં ઉલ્લેખનીય છે.રેમન્ડ પરમારનો સત્વશીલ સાહિત્યના પરિશીલનનો લાભ આ કથાને સૂપેરે મળ્યો છે."[૨૯]

દલિત સર્જકોની સાથે સાથે બિનદલિત સર્જકો પાસેથી દલિત સમાજજીવનના પ્રશ્નોને આલેખતી નવલકથાઓ મળે છે.દિલીપ રાણપુરા પાસેથી'સૂકી ધરતી સૂકા હોઠ'અને'આંસુ ભીનો ઉજાસ'મળે છે.ગામડામાં જઈ ચઢેલા શિક્ષિત યુવકનું અંધઃપતન'સૂકી ધરતી સૂકા હોઠ'નવલકથામાં આલેખાયું છે.તેમાં દલિત જીવનની વાત મૂખ્ય રુપે રજુ નથી થઇ તેમાં દલિત જીવનનું આંશિક ચિત્ર આલેખાયેલું જોવા મળે છે.આંસુ ભીનો ઉજાસમાં કોળી યુવાનના ગ્રામોદ્ધારની વાત સંઘર્ષની ભૂમિકાએ આલેખાઇ છે.આ ભૂમિકાની સમાંતરે જ દલિત પછાત કોમનો નાયક દેવરાજ નાતજાતના ભેદને કારણે પોતાનું પ્રેમ સ્વપ્ન ખોઈ બેસે છે તો એની આજુબાજુના ગામમાં રહેતી પછાત અસ્પૃશ્ય જાતિઓની દલિતચેતના પણ રજુ થવા પામી છે.

જયંત ગાડિત પાસેથી'બદલાતી ક્ષિતિજ'નવલકથા મળે છે.વાઘરી કોમના શિક્ષિત જીવાભાઈની વાત આ નવલકથાના કેંદ્રમાં છે.શિક્ષિત દલિતોને કઇ રીતે બન્ને બાજુએથી પીસાવું પડે છે.એ મુદાને આ નવલકથા સુપેરે અભિવ્યક્ત કરે છે.શિક્ષિત હોવાને કારણે એક બાજુ તેઓ પોતાના વાઘરી સમાજમાં સમાયોજન સાંધી શકતા નથી તો બીજી બાજુ દલિત વાઘરી કોમના હોવાથી સવર્ણો તેમનું જાતિગત શોષણ કરે છે.આ વાત ખુબ જ પ્રસ્તુત છે.'પ્રશામું'નવલકથામાં પણ દલિત સમાજજીવનની સંવેદના આલેખાઇ છે.

કિશોરસિંહ સોલંકી પાસેથી 'મશારી'નવલકથા મળે છે.કથાના કેંદ્રમાં ચમાર જાતિના ભગત અને એનું મશારું છે.રઘુવીર ચૌધરીની'ઇચ્છાવર'દલિત સમાજજીવનની વાતને આલેખે છે.પૂનમ જેવી અછૂત યુવતી માટે હંમેશા લાળ પાડતો ગોસાઇ જાહેરમાં પુનમના હાથનું પાણી પીતા અભડાય છે.જેવી અનેક ઘટનાઓ આ નવલકથામાં આલેખાઇ છે.મણિલાલ હ.પટેલની'અંધારું'વસવાયા તરીકે ગામના છેવાડે ટેકરીઓ પર વસતા અને જીવન ગાળતા આદિવાસી-નાયકા કોમનાં રુમાલ અને રેશમના અંગત જીવનને નિમિત્ત બનાવી ઉજળિયાતો અને સવર્ણોના આ કોમ તરફના શોષણયુક્ત વલણોને આલેખે છે.આ ઉપરાંત'કાળો અંગ્રેજ'(ચીનુ મોદી),'વરાળ'(રામચંદ્ર પટેલ),'પ્રલંબ પંથ'(પિનાકીન દવે)જેવી દલિત નવલકથાઓ બિનદલિત સર્જકો પાસેથી મળે છે.

## સંદર્ભ સૂચિઃ


૧.ગુજરાતી દલિત નવલકથા ઉદભવ અને વિકાસ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૭

૨.હયાતી,સંપાદકઃ હરીશ મંગલમ અને અન્ય,માર્ચ-૨૦૦૯,અંક-૪૬

૩.ગુજરાતી દલિત નવલકથા ઉદભવ અને વિકાસ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૮

૪.એજન,પૃ.૯

૫.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૭૪

૬.પ્રતિબદ્ધ,ભરત મહેતા,પાર્શ્વ પબ્લિકેશન,પ્રથમ આવૃતિ,પૃ.૨૭

૭.ગુજરાતી દલિત નવલકથા ઉદભવ અને વિકાસ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૩૩

૮.દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,ઓગષ્ટ-૨૦૧૩,પૃ.૮

૯.ગુજરાતી દલિત નવલકથા ઉદભવ અને વિકાસ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૧૫

૧૦.નવલકથા અને હું,સંપાદકઃહર્ષદ ત્રિવેદી,ગુજરાત સાહિત્ય અકાદમી,પૃ ૧૮૧

૧૧.દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,જુન-૨૦૧૦,પૃ.૪

૧૨.રંગ તરંગ,રમણલાલ જોશી,માર્ચ-૧૯૯૬

૧૩.બુદ્ધિપ્રકાશ,સંપાદકઃ   માર્ચ-૧૯૯૮

૧૪.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૫૭

૧૫.એજન,પૃ.૫૬

૧૬.એજન,પૃ.૫૬

૧૭.ગેબીટીંબો,કાન્તિલાલ પરમાર,પ્રસ્તાવના

૧૮.ગુજરાતી દલિત નવલકથા ઉ દભવ અને વિકાસ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૪૮

૧૯.વજ્રપ્રહાર,કાન્તિલાલ પરમાર,પ્રસ્તાવના

૨૦.દલિત અધિકાર,પાક્ષિક,સંપાદકઃચંદુ મહેરિયા,સપ્ટેમ્બર-૨૦૧૩,પૃ.૮

૨૧.ગુજરાતી દલિત નવલકથા ઉદભવ અને વિકાસ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૩૫-૩૬

૨૨.અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-૫,ધીરુભાઈ ઠાકર,ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,પૃ.૨૫૩

૨૩.ગુજરાતી દલિત નવલકથા ઉદભવ અને વિકાસ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૩૫-૩૬

૨૪.કીડીએ ખોંખારો ખાધો,દીનુ ભદ્રેસરિયા,પ્રસ્તાવના

૨૫.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૫૭

૨૬.એજન,પૃ.૫૭

૨૭.જ્ઞાતિજંતુ,અનિલ વાઘેલા,પૃ.૧૩

૨૮.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૫૮

૨૯.એજન,પૃ.૫૮-૫૯

## પ્રકરણ : ૧.૪ :

# ગુજરાતી દલિત આત્મકથા

ગુજરાતી દલિત સાહિત્યમાં કવિતા,વાર્તા અને નવલકથામાં જેટલું સર્જન થયેલુ જોવા મળે છે એને મુકાબલે આત્મકથાત્મક રચનાઓ ખૂબ નહિવત મળે છે અથવા તો ખૂબ ઓછા દલિત સર્જકોએ પોતાના જીવનના અનુભવોને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.મરાઠી દલિત સાહિત્યમાં દલિત સર્જકો પાસેથી આત્મકથાત્મક કૃતિઓ નવલકથા કરતાં સવિશેષ લખાયેલી જોવા મળે છે.ચાર દાયકાના ગુજરાતી દલિત સાહિત્યમાં કવિતા,વાર્તા,નલકથા જેવા સ્વરૂપો સામે આત્મકથાનું ખેડાણ નહિવત્ થયેલું છે.ગુજરાતી દલિત સાહિત્યકારો દ્વારા અત્યાર સુધી લખાયેલી આત્મકથાઓમાં‘આત્મકથા’(લલિત પરમાર),‘જીવન સંઘર્ષઃએક આદર્શ ક્રાન્તિકથા’(ડાહ્યાભાઇ.ર.દીનબંધુ),‘પૂર્ણ સત્ય’(બી.કેશરશિવમ),‘થોરનું ફૂલ ભાગઃ૧થી ૪’(પી.કે.વાલેરા),‘બજતા જાયે એકતારા’(વીઠ્ઠલરાય શ્રીમાળી),‘વડફળિયું’(મણિલાલ રાનવેરિયા)નો સમાવેશ થાય છે.

‘આત્મકથા’લલિત પરમાર દ્વારા લખાયેલી અને ૧૯૯૭માં પ્રકાશિત થયેલી આત્મકથા છે.આ આત્મકથામાં જન્મથી લઈને માધવસિંહ સોલંકીની સરકારમાં નાયબમંત્રી તરીકે પોતે કરેલી કામગીરીનું વર્ણન આત્મકથાકારે કર્યુ છે.અહી દલિત સમાજની સાંસ્કૃતિક સ્થિતિની સાથોસાથ તત્કાલિન ગુજરાતની રાજકીય સ્થિતિનું પણ ચિત્ર મળે છે.આ આત્મકથા વિશે ડો.કાન્તિ માલસતર જણાવે છે“આ આત્મકથામાં આત્મકથાકારના દલિત તરીકેના સંઘર્ષ કરતાં કે દલિતોની વેદના-સંવેદના કરતાં રાજકારણ સંબંધી વિગતો વિશેષ આલેખન પામી છે.”[૧]

ખેમચંદ ચાવડા પાસેથી ઈ.સ.૨૦૦૫માં‘અતીતના અનેરાં સંસ્મરણો’આત્મકથા મળે છે.આ આત્મકથામાં સંસદસભ્ય તરીકે આત્મકથાકારને થયેલા અનુભવો વધારે આલેખાયેલા જોવા મળે છે.તેથી ડો.કાન્તિ માલસતર જણાવે છે કે“લલિત પરમારની આત્મકથાની જેમ ખેમચંદ ચાવડાની આત્મકથામાં પણ દલિત સંઘર્ષ જોવા મળતો નથી.”[૨]

'જીવનસંઘર્ષ:એક આદર્શ ક્રાન્તિ કથા'ડાહ્યાભાઈ.ર.દિનબંધુ પાસેથી મળે છે.આ આત્મકથામાં આત્મકથાકારનો ૭૫ વર્ષ સુધીનો જીવનસંઘર્ષ આલેખાયો છે.આ આત્મકથા વિશે ડો.કાન્તિ માલસતર જણાવે છે કે"જીવન સંઘર્ષ:એક આદર્શ ક્રાન્તિ કથાને આત્મકથાના સ્વરુપની દૃષ્ટિએ તપાસીએ તો ઘણી મર્યાદા છે.અસંખ્ય જોડણીની ભૂલો છે.વાક્યરચના પણ ક્લિષ્ટ છે.પ્રસંગોનું ઉચિત સંકલન થયુ નથી.પ્રસંગોનું પુનરાવર્તન પણ થયુ છે.આત્મકથાકાર આત્મકથાને જીવનવૃત્તાંત કે અહેવાલ લેખનથી આગળ લઈ જઈ શક્યા નથી.પત્ની કે પરિવાર વિશેની માહિતી પણ ઝાઝી જોવા મળતી નથી.છતાં તેમણે કરેલો દલિતોદ્ધાર માટેનો સંઘર્ષ નોંધપાત્ર છે.તેમણે સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ દ્વારા અસ્પૃશ્યતા નિવારણના નાટકોનો પર્દાફાશ કર્યો છે;તો પોતાના સમાજના ભણીગણીને અધિકારી કે રાજકારણી બન્યા પછી સમાજ સાથે નાતો તોડનારાઓની પણ ટીકા કરી છે."[3]

'શૂળ' (૧૯૯૫), 'મૂળ અને ધૂળ' (૨૦૦૦), 'પત્ની' (૨૦૦૪)જેવી નવલકથાઓ અને 'જન્મદિવસ'(૨૦૦૦) 'ડો.સીમા' (૨૦૦૩) 'લક્ષ્મી'(૨૦૦૧) 'મધપૂડો'(૨૦૦૫) 'શહીદ'(૨૦૦૦) 'માણકી'(૨૦૦૭)'વિમળા'(૨૦૦૮)જેવા વાર્તાસંગ્રહો અને'ગાય જો ડેરો'(૨૦૦૭)'હયાતીના હસ્તાક્ષર'જેવા નિબંધસંગ્રહો જેમની પાસેથી મળે છે એવા બી.કેશરશિવમ પાસેથી'પૂર્ણ સત્ય'(૨૦૦૨)નામની આત્મકથા મળે છે.આ આત્મકથામાં આત્મકથાકારે ૧૯૪૦થી ૧૯૯૮ સુધીના પોતાના જીવનની વાસ્તવિકતાને આલેખી છે.આ વાસ્તવિકતાને તેમણે બે ભાગોમાં વિભાજીત કરીને પ્રસ્તુત કરી છે.આ આત્મકથા સંદર્ભે ડો.કાન્તિ માલસતર જણાવે છે કે"પૂર્ણ સત્યમાંથી પસાર થતા કહી શકાય કે તેમણે પોતાની પીડા-યાતના,પ્રમોશન કે અંગત લાભને બાજુ પર રાખીને દલિતો-પીડિતોના હક્ક હિતમાં લગીરે ઉણપ વરતાવા દીધી નથી."[૪]તો પી.કે વાલેરાએ આ આત્મકથા સંદર્ભે કહ્યું છે કે"લેખકે પોતાની નોકરી સાથે આ દલિત સેવા જ્યાં જ્યાં તક અને સ્થાન મળ્યાં છે ત્યાં ત્યાં ચાલું જ રાખી છે;તેનો હું સાક્ષી છું."[૫]આ આત્મકથાની વિશેષતા વિશે વાત કરતા હરીશ મંગલમ જણાવે છે કે"આત્મકથાનું વાસ્તવ સાથેનું સંધાન બરાબર જળવાયું છે"[૬]તો ડો.ચંદ્રકાંત ટોપીવાળા જણાવે છે કે"પૂર્ણ સત્ય જેવી કિશોર વયની આત્મકથા દ્વારા એમણે દલિતોને પીડતો અસ્પૃશ્યતાનો અને અભાવોનો ઓથાર સહજ અને સરળ રીતે પ્રગટાવ્યો છે,દલિત કિશોરના કુટુંબની,એની ગ્રંથિઓની,એના શોષણની,બોનમિલ અને બોઈલરની મજુરીની કથા એક બાજુ તદ્દન અંધારા ખંડનો નિકટથી પરિચય

કરાવે છે તો બીજી બાજુ દલિતના વૈયક્તિક તેમજ સામુહિક ચેતન-અચેતનની સામગ્રીને પ્રકાશમાં લાવે છે."[૭]તો હિમ્મત ભાલોડિયા આ આત્મકથા વિશે જણાવતા નોંધે છે"'પૂર્ણ સત્ય'એ સ્મૃતિકથા નિમિત્તે લખાયેલી આત્મકથ છે.'પૂર્ણ સત્ય'માં સંપૂર્ણ સત્ય હકીકતો અને નક્કર વાસ્તવિકતાનું આલેખન કરવાનો પ્રયાસ થયો છે.આત્મકથાકારે પૂરી હિંમત બતાવીને નિખાલસતા અને સત્યનિષ્ઠાથી આ સ્મૃતિકથાનું નિરુપણ કર્યુ છે.અહી તેમણે પોતાના જીવનમાં અનુભવેલી હીનતા,કઠોરતા,અવહેલના,શોષણના વગેરેને અતિશયોક્તિ વિના આલેખી છે.'દાસીપુત્ર'હોવાને કારણે જે મુસીબતોનો સામનો કરવો પડયો હતો તેનાથી પણ અનેક ગણી મુશ્કેલીઓ આ સર્જકને દલિત સમાજમાં જન્મ લઇને વેઠવી પડે છે.એટલે કે દલિત,અસ્પૃશ્ય કે દાસસમાજમાં જન્મ લઇ જે અપરાધભાવ અનુભવ્યો છે તેનું જીવંત આલેખન'પૂર્ણ સત્ય'માં જોઇ શકાય છે."[૮]આ આત્મકથાનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ગીતા ચૌધરીએ The Whole Truth and Nothing but the truth શીર્ષકથી કર્યો છે.તો ટોરેન્ટોની યોર્ક યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં આ આત્મકથાને સ્થાન મળ્યું છે.

'થોરનું ફૂલ'-ભાગ ૧થી ૪ આત્મકથા પી.કે વાલેરા પાસેથી મળે છે.આ આત્મકથા ચાર ભાગમાં પ્રકાશિત થઇ છે.જેનો પ્રથમ ભાગ ઇ.સ.૨૦૦૭માં અને અંતિમ ભાગ ઇ.સ.૨૦૧૪માં પ્રસિદ્ધ થયો છે.ભાગ-૧માં આત્મકથાકારના બાળપણથી માંડીને કૉલેજમાં પ્રવેશ મેળવ્યા પૂર્વેની વાસ્તવિકતા આલેખાઇ છે.તો ભાગ-૨માં ઉચ્ચ શિક્ષણથી લઇ વ્યાવસાયિક કારકિર્દી દરમ્યાનના પોતાના જીવનના અનુભવોને આલેખ્યા છે.ભાગ-૩માં આત્મકથાકારની વ્યારા પ્રાંત અધિકારી તરીકેની સેવાથી લઇ આઇ.એ.એસ બન્યા સુધીની હકીકત  આલેખાઇ છે.તો અંતિમ ભાગમાં આત્મકથાકારને આઇ.એ.એસ અધિકારી તરીકે શહેરી વિકાસ વિભાગમાં નાયબ સચિવ તરીકેની નિમણુક મળી ત્યાંથી લઇને સનદી સેવામાંથી નિવૃત્ત થયા ત્યાં સુધીના તેમના અનુભવો આલેખાયા છે.અરુણ વાઘેલા આ આત્મકથાની વિશેષતા તારવી આપતા જણાવે છે કે"આત્મકથાકારની મહત્વની વિશેષતા એ છે કે તેઓએ દલિત સમાજ,તેના પ્રશ્નોની જેમ આદિવાસીઓના પ્રશ્નોને પણ સંવેદનાપૂર્ણ અને અસરકારક રીતે રજૂ કર્યા છે.જે તેમનામાં પડેલાં જાગૃત અને સંવેદનશીલ અધિકારીને છતો કરે છે."[૯]તો પથિક પરમાર આ આત્મકથા વિશે કહે છે કે"સારી વાત એ છે કે આ આત્મકથા સત્યથી ભરપૂર છે.લેખક ક્યાંય સત્યથી ચલિત થયા નથી.દલિત સમાજના રીતરસમોનાં વર્ણનોમાં ક્યાંક પોતાના અંગત પ્રતિભાવો પણ વ્યક્ત કર્યા છે.તેમ કરવાથી

આત્મકથામાં થોડુંક ચિંતનતત્વ ભળ્યું છે.ભલે અહી સર્જનાત્મકતાના નવોન્મેષને બદલે કથનાત્મક વર્ણનાત્મકતાની બહુલતા હોય,પણ એમની આ આત્મકથા એમના જેવા દલિત જનોને પોતાની કથની આલેખવા પ્રેરે અને ઉશ્કેરે તો એમનો આ યત્ન સાર્થક બની રહેશે અને એમ થશે તો એમાંથી સત્યના પ્રયોગો જેવી કોઈ આત્મકથા નીવડી આવશે."[૧૦]ડો.કાન્તિ માલસતર નોંધે છે કે"આત્મકથાકારે સચિવાલયમાં ચાલતા રાજકીય કાવાદાવા,ષડયંત્રો ઉપરાંત ભદ્રવર્ગની સામે ચાલતી ખામ(જેને આત્મકથાકાર ઝીણાભાઈ,માધવસિંહ સોલંકી અને સનતભાઈનું માનસ સંતાન ગણાવે છે)વિચારધારાની વ્યુહરચના,સામાજિક-રાજકીય પરિસ્થિતિનું વિગત ખચિત વર્ણન કર્યું છે,પણ આત્મકથાકારનું એક અધિકારી તરીકેનું સ્પષ્ટ વલણ,તટસ્થતા,સાંબરડાના દલિતોના હિજરતના કેસમાં જોવા મળે છે."[૧૧]

'બજતા જાયે એકતારા'(અર્ધ સત્ય)આત્મકથા વિઠ્ઠલરાય શ્રીમાળી પાસેથી ઈ.સ.૨૦૦૯માં મળે છે.આ આત્મકથા ચાર પ્રકરણમાં વહેચાયેલી છે.આ ચાર પ્રકરણના શીર્ષક છે 'અરુણોદય','પ્રભાત','મધ્યાહન'અને'સમી સાંજ'.ડો.કાન્તિ માલસતર આ આત્મકથા વિશે પોતાનો પ્રતિભાવ આપતા જણાવે છે કે"આ આત્મકથા દ્વારા આઝાદી પૂર્વે અને આઝાદી પછી મહેસાણા,મોટી દાઉ જેવા ગામ અને અમદાવાદ વગેરે શહેરમાં વસતા અંત્યજોની સામાજિક સ્થિતિની હકીકત સાંપડે છે."[૧૨]તો બાબુ દાવલપુરા જણાવે છે કે"અંત્યજ સમાજની દયનીય પરિસ્થિતિ અને સવર્ણ ઉચ્ચવર્ગના લોકો જેમને ઢેડ કહી બોલાવતા એ અસ્પૃશ્ય લેખાતા દલિત-પીડિત ઉપેક્ષિત વર્ગની કફોડી હાલતનું ચિત્ર સબળ કલમે અંકિત થયુ છે."[૧૩]

મણિલાલ રાનવેરિયા પાસેથી'વડફળિયુ'આત્મકથા ઈ.સ.૨૦૧૫માં મળે છે.ડો.કાન્તિ માલસતર આ આત્મકથા વિશે જણાવતા કહે છે"પ્રસ્તુત આત્મકથામાં આઝાદી પહેલાનાં થોડા વર્ષોનો,આઝાદી પછીના એટલે કે વીસમી સદીનો ઉત્તરાર્ધ અને એકવીસમી સદીના પંદર વર્ષ સુધીનાં દલિત જીવનની હકીકત સાંપડે છે."[૧૪]તો ચંદુ મહેરિયા આ આત્મકથાની વિશેષતા-મર્યાદા તરફ આંગળી ચીધતા કહે છે"લેખક ગુજરાતીના અધ્યાપક,લેખક અને કોલમિષ્ટ છે.પરંતુ આત્મકથાને અહેવાલ લેખન કે વૃત્તાંતથી આગળ લઈ જઈ શક્યા નથી"[૧૫]

'સમાજમિત્ર'સામયિકના સંપાદક નટુભાઈ પરમાર પાસેથી 'મનસ્થ'આત્મકથા ઈ.સ.૨૦૦૭માં મળે છે.જાણીતા દલિત કવિ શંકર પેન્ટર પાસેથી'માંયલો ભીતર તો જલે'આત્મકથા તો નહી પણ સંસ્મરણકથા ઈ.સ.૨૦૧૫માં મળે છે.અહીં તેમણે પોતાના અગણોસીતેર વર્ષના જીવનના કેટલાક હૃદયદ્રાવક અનુભવોને વ્યક્ત કર્યા છે.આ આત્મકથા વિશે પોતાનું નિરીક્ષણ જણાવતા ડો.ભરત મહેતા કહે છે"આ કેફિયત એક પૂર્ણ આત્મકથાની ઉત્સુકતા ઊભી કરે છે.આવી આત્મકથાઓ ગુજરાતના દલિતોનો ઈતિહાસ રચવામાં અત્યંત મહત્વની સામગ્રી બની રહેશે."[૧૬]

આ ઉપરાંત ડો.વિનુભાઈ મોગરિયા પાસેથી'મારું જીવતરનું ગાડું',ભાનુપ્રસાદ પુરાણી પાસેથી 'સ્મરણવીથિકા'આત્મકથા મળે છે.તો કર્મશીલ ચંદુ મહેરિયા પાસેથી આત્મકથાના કેટલાક અંશ'દલિત અધિકાર'સામયિકમાં પ્રકાશિત થયા છે.તો અનિલ વાઘેલાની આત્મકથા'હયાતી'સામયિકમાં અને મનુભાઈ મકવાણાની આત્મકથા'દલિત ચેતના'સામયિકમાં હપ્તાવાર પ્રકાશિત થઈ રહી છે.

ડો.કાન્તિ માલસતર ગુજરાતી દલિત સાહિત્યમાં મળતી આત્મકથાઓ સંદર્ભે પોતાનું મંતવ્ય આપતા કહે છે કે"આત્મકથાના સ્વરુપની દૃષ્ટિએ ગુજરાતી દલિત આત્મકથાઓ ઉણી ઉતરે છે.બધી જ આત્મકથાઓમાં પુનરાવર્તનો ખૂબ છે,ક્યાંક વાક્યરચના પણ ક્લિષ્ટ જણાય છે,જોડણી ભૂલો પણ છે,વસ્તુનું ઉચિત સંકલન થઈ શક્યું નથી."[૧૭]આ સંદર્ભે વરિષ્ટ ગુજરાતી દલિત સાહિત્યકાર જોસેફ મેકવાનનું  નિરીક્ષણ નોંધપાત્ર છે"કવિતા,નવલકથા,નવલિકા અને રેખાચિત્રો તો ગુજરાતી દલિત સાહિત્યમાં જીવતરની સચ્ચાઈ નીતરતા બળકટ સ્વરુપે પ્રગટ્યાં,પણ મરાઠી દલિત સાહિત્યમાં પ્રગટેલી આત્મકથાઓએ રાષ્ટ્રિય સ્તરે જે ઊહાપોહ સર્જ્યો એવી આત્મકથાઓનો ગુજરાતી દલિત સાહિત્યમાં આવિર્ભાવ ન થયો."[૧૮]

## સંદર્ભ સૂચિઃ


૧.ભારતીય દલિત આત્મકથા,કાન્તિ માલસતર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૯,પૃ.૧૩૪

૨.એજન,પૃ.૧૩૫

૩.એજન,પૃ.૧૩૬

૪.એજન,પૃ.૧૪૨

૫.પૂર્ણ સત્ય,બી.કેશરશિવમ,પ્રથમ આવૃતિ ૨૦૦૧,પૃ.૪૯૯

૬.એકવચન,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૩,પૃ.૩૯

૭.શબ્દસૃષ્ટિ,માર્ચ ૨૦૧૧,પૃ.૨

8.Research Guru,Volume-5,online Journal,Page No.56-57

૯.થોરનું ફૂલ ભાગ-૩,પી.કે.વાલેરા,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૨૪૦

૧૦.થોરનું ફૂલ ભાગ-૨,પી.કે.વાલેરા,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃ.૮

૧૧.ભારતીય દલિત આત્મકથા,કાન્તિ માલસતર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૯,પૃ.૧૬૩

૧૨.એજન,પૃ.૧૬૮

૧૩.હયાતી,સંપાદકઃહરીશ મંગલમ અને અન્ય,જુન-૨૦૧૦,પૃ.૩૫

૧૪.ભારતીય દલિત આત્મકથા,કાન્તિ માલસતર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૯,પૃ.૧૭૬

૧૫.પ્રત્યક્ષ,સંપાદકઃ રમણ સોની,એપ્રિલ-જુન ૨૦૧૬,પૃ.૨૦

૧૬.સંદર્ભસંકેત,ભરત મહેતા,પાર્શ્વ પબ્લિકેશન,બીજી આવૃતિ ૨૦૧૬,પૃ.૯૪

૧૭.ભારતીય દલિત આત્મકથા,કાન્તિ માલસતર,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૯,પૃ.૧૯૧

૧૮.થોરનું ફૂલ,પી.કે.વાલેરા,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રસ્તાવના

## પ્રકરણ ૧.૫

## ગુજરાતી દલિત નાટક અને એકાંકી

નાટકનું સ્વરુપ એ અન્ય સ્વરુપો કરતાં ઘણું જૂનું અને પ્રચલિત સ્વરુપ છે.પશ્ચિમમાં એમ ભારતીય સાહિત્યમાં પણ સાહિત્ય વિવેચન-સૌન્દર્યશાસ્ત્રની ચર્ચા નાટકના સ્વરુપને કેંદ્રમાં રાખીને થયેલી જોવા મળે છે.આજે નાટકના સ્વરુપમાં ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે.સમાજજીવનના પ્રશ્નોને સંવાદ જેવા અસરકારક માધ્યમમાં રજૂ કરવા માટે ખૂબ જ ઉપકારક નીવડે છે.અને આ સાહિત્યનું દશ્ય-શ્રાવ્ય સ્વરુપ હોવાથી વાચક/ભાવક ઉપર સીધી અસર કરે છે.ગુજરાતી સાહિત્યમાં નાટકનું સ્વરુપ ખેડાયું છે.ભારતને પશ્ચિમના નાટ્યસ્વરુપનો પરિચય અંગ્રેજોના સંપર્કમાં આવ્યા પછી થાય છે.સુધારકયુગમાં દલપતરામ પાસેથી'મિથ્યાભિમાન'નાટક મળે છે.એ પછી નાટકનું સ્વરુપ ખેડાતું જાય છે.આ પહેલા મધ્યકાળમાં ભવાઈની સમૃદ્ધ પરંપરા ગુજરાતી સમાજજીવનમાં પ્રચલિત હતી.અસાઈત ઠાકર નામના વ્યક્તિએ એ સમયે ગુજરાતી રંગભૂમિમાં ભજવાતા ૩૬૫ જેટલા વેશોને લખવાનું કામ કર્યુ હતું.અહી 'ઢેડની ભવાઇ'જેવો વેશ પણ ભજવાયેલો જોવા મળે છે.

ગુજરાતી દલિત નાટકની વાત કરીએ તો ગાંધીયુગમાં ઉમાશંકર જોશી કૃત'સાપના ભારા'એકાંકી સંગ્રહમાં'ઢેડના ઢેડ ભંગી'એકાંકી મળે છે.જે દલિત કથાવસ્તુને નિરુપે છે.એ પછી ઈ.સ.૧૯૬૯માં ચંદ્રભાઈ ભટ્ટ પાસેથી'એકલવ્ય'અને'માનવીનું મૂલ્ય'નામે એકાંકીઓ મળે છે.'માનવીનું મૂલ્ય'માયાના બલિદાનની કથા કહે છે.જસવંત ઠાકર પાસેથી'અછૂતનો ભવાઈ વેશ'અને ચીનુ મોદી પાસેથી'જસમા ઓડણ'નાટક મળે છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં નાટકો ખૂબ ઓછા લખાયા છે એકાંકીની સંખ્યામાં અદલિત નાટયકારોની જેમ દલિત નાટક લખનારાઓએ માયાના બલિદાનને ધ્યાનમાં રાખી નાટક/એકાંકીઓ લખ્યા છે.ઈ.સ ૧૯૭૮માં શિવાભાઈ નાનાભાઈ પરમાર પાસેથી વીર માયાની કથા પર આધારિત'માયાની મહાનતા'અને હવસી દેગામાના જીવન પર આધારિત 'માનવતાની જ્યોત'નામે નાટક મળે છે.જ્યંતિ મકવાણા લેખિત અને દિગ્દર્શિત ડો.આંબેડકરના જીવન પ્રસંગોને ઉજાગર કરતું 'યુગપુરુષ'નાટક મળે છે.

ગુજરાતી દલિત નાટક અને એકાંકી ક્ષેત્રે દલપત ચૌહાણનું નામ મોખરે છે.તેમની પાસેથી 'અનાર્યાવર્ત'નાટયસંગ્રહ અને 'હરીફાઈ'એકાંકીસંગ્રહ મળે છે.'અનાર્યાવર્ત'નાટ્યસંગ્રહમાં સમાવિષ્ટ ત્રણ નાટકોમાંથી બે નાટકો'અનાર્યાવર્ત'અને'અંતિમ ધ્યેય'મહાભારતના કથાવસ્તુ ઉપર આધારિત છે જ્યારે'પાટણને ગોંદરે'વીર માયાના કથાવસ્તુ ઉપર આધારિત છે.તો'હરીફાઈ'એકાંકીસંગ્રહમાં સમાવિષ્ટ બધા જ એકાંકીઓ દલિત નથી 'દીવાલો','ગળેફાંસો','અંતિમ ચરણ'દલિત કથાવસ્તુને નિરુપે છે.આ સંગ્રહના એકાંકીઓ વિશે જણાવતા સતીષ વ્યાસ પ્રસ્તાવનામાં નોંધે છે"દલપત પહેલાએ ગુજરાતી નાટક કેવું હોવું જોઈએ એનું સબળ નિદર્શન'મિથ્યાભિમાન'દ્વારા પૂરું પાડયું છે.દલપત બીજા દ્વારા દલિત નાટક કેવું હોવું જોઈએ એની મથામણ'અનાર્યાવર્ત'અને'હરીફાઈ'દ્વારા નિદર્શિત થઈ રહી છે.મેં તો આ પૂર્વે પણ દલિત સાહિત્યનો પ્રચાર પ્રસાર કરવા માટે નાટક અત્યંત સબળ માધ્યમ હોવાનું કહ્યું જ

છે.દલપત ચૌહાણના આ એકાંકીઓ મારી માન્યતાની સાહેદી પૂરે છે.નાટકને પરાપૂર્વથી સંઘર્ષ-વિરોધ-તનાવ સાથે નાતો રહ્યો છે.દલિત સમાજ પણ સદીઓથી ઝૂઝી રહ્યો છે.ક્યાંક ક્યાંક આ ઝૂઝે ઝાંઝનું સ્વરુપ પણ લીધું છે.શોષણના વરવાં રુપો ઠાવકાઇનો,ધાર્મિકતાનો,વડપણનો,સંસ્કારિતાનો અંચળો ઓઢી એની તમામ બેહૂદગીઓ સાથે પ્રગટ થતાં રહ્યાં છે.આમાંથી જ દલિત સાહિત્યનો ઉદય થયો છે."[૧]

શ્રીકાંત શર્મા પાસેથી'ત્રિવેણી સંગમ'નામે એકાંકીસંગ્રહ મળે છે.જેમાં'વીરમાયો','સંત રોહિદાસ'અને'સ્વામી તેજાનંદ'ના જીવન પર આધારિત એકાંકીઓ મળે છે.કૃષ્ણચંદ્ર પાસેથી માયાને કેંદ્રમાં રાખીને લખાયેલું'ટીંપે ટીંપે શોણિત આપ્યા'નાટક મળે છે.આલોક આનંદ પાસેથી ડો.બાબાસાહેબના કેટલાક પ્રસંગોને આવરી લઈને લખાયેલું'ક્રાંતિવીર આંબેડકર'નામે એકાંકી મળે છે.

દલિત જીવનના પ્રસંગોને કલાત્મકતાથી આવરી લેતાં એકાંકી અને શેરીનાટક ઈ.સ.૧૯૮૧ના અનામતિયા હુલ્લડ પછી લખાયેલા જોવા મળે છે જેમાં બ્રાહ્મણવાદની ઠેકડી ઉડાડતું શેરીનાટક'બ્રાહ્મણવાદની બારાખડી'(૧૯૮૧)રાજુ સોલંકી પાસેથી મળે છે.તો આવું જ એક બીજું શેરીનાટક દલપત ચૌહાણ પાસેથી'હું માણસ'(૧૯૮૨)મળે છે.

દલિત એકાંકી ક્ષેત્રે દલપત ચૌહાણ બાદ બીજું અગત્યનું નામ મોહન પરમારનું છે.તેમની પાસેથી 'બહિષ્કાર' એકાંકી સંગ્રહ મળે છે.આ સંગ્રહના એકાંકીઓમાં 'બહિષ્કાર', 'શાપમૂક્તિ'અને 'સત્યનારાયણની સત્યકથા'દલિતચેતનાની દૃષ્ટિએ વિશિષ્ટ ઓળખ ઊભી કરતા એકાંકીઓ છે.

આ સીવાય દલિત નાટક/એકાંકીઓના કોઇ વ્યક્તિગત સંગ્રહ મળતા નથી.પરંતુ દલિત સાહિત્યિક ત્રૈમાસિક'હયાતી'નો એકાંકી વિશેષાંક ખાસ યાદ કરવો પડે.આ વિશેષાંકમાં દલિત-અદલિત નાટયકારો પાસેથી બાર જેટલા એકાંકીઓ મળે છે.જેમાં રાજેન્દ્ર મહેતા કૃત 'નકલંક',સીતારામ બારોટ કૃત'તિરંગા',મીતા બાયોદરા કૃત'સ્વપ્ન', ડો.કેશુભાઇ દેસાઇ કૃત'ગોબર ગોડાજી',હરીશ મંગલમ કૃત'લ્યો ચાંપ પાડો!',દલપત ચૌહાણ કૃત'ગળફાંસો',વિઠ્ઠલરાય શ્રીમાળી કૃત'મૂંઠી ઊંચેરી બાળા',લક્ષ્મણ પરમાર કૃત'અંગ્રેજ',બી.કેશરશિવમ કૃત'રામની મૂર્તિ',કાંતિલાલ મકવાણા કૃત'આભડછેટ'અને મૌલિક બોરીજા કૃત'મહેફીલ' જેવા નાટક/એકાંકીઓનો સમાવેશ થાય છે.

સંદર્ભ સૂચિઃ

૧. હરીફાઇ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,બી.આ.૨૦૧૦,પૃ.પ

## પ્રકરણઃ૧.૬ઃ

## ગુજરાતી દલિત વિવેચનઃ

સામાજિક આંદોલનના ભાગરુપે અસ્તિત્વમાં આવેલા દલિત સાહિત્યનું ખેડાણ ભારતની વિવિધ ભાષાઓમાં થયુ.મહારાષ્ટ્રમાં કે જ્યાં દલિત આંદોલનના મૂળ પડેલા છે.ત્યાંની મરાઠી ભાષામાં આ દલિત સાહિત્ય સૌ પ્રથમ લખાયું હતું.ડો.બાબાસાહેબ આંબેડકરે પોતાના એક ભાષણમાં કહ્યું હતું કે"તમે તમારા સાહિત્યસર્જન દ્વારા ઉદાત્ત જીવનમૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરો.તમારાં વિચારો સંકુચિત કે સીમિત ન રાખતાં તેમને ઉદાર અને ઉદાત્ત બનાવો તમારી વાણીને ચાર દિવાલોમાંથી મૂક્ત કરો.તમારી કલમનો પ્રકાશ તમારાં જ આંગણામાં મર્યાદિત ન રાખતાં ગામેગામના ગહન અંધારાં દૂર કરવા,ચોમેર ફેલાવો.તમારે ભૂલવું ન જોઈએ કે આપણા દેશમાં ઉપેક્ષિતોનું,દલિતોનું અને દીન-દુખિયારાંઓનું એક અલગ વિશ્વ છે.તેમનું દુઃખ,તેમની વ્યથા સમજો અને સાહિત્ય દ્વારા તેમનું જીવન ઉદાત્ત બનાવવા તમે તમારી સર્જનશક્તિ સમર્પિત કરો-ખરી માનવતા એમાં જ છે."[૧]અને આમ મરાઠી ભાષામાં માનવતા પ્રસરાવવાનું કામ શરુ થયુ.કવિતા,વાર્તા,નવલકથા,આત્મકથા,નાટક જેવાં સાહિત્યિક સ્વરુપોમાં દલિત પીડિત જનોની વેદના પીડાની અભિવ્યક્તિ દલિત સમાજમાંથી આવતા સર્જકે કરી.આ સાહિત્યિક આંદોલન ધીમે ધીમે અન્ય ભાષાઓમાં પ્રસર્યુ.મરાઠીની પડોશી ભાષા ગુજરાતીમાં દલિત સાહિત્યનું સર્જન છઠ્ઠા-સાતમાં દાયકામાં આરંભાયુ.પહેલા કવિતા જેવા નાજુક નમણા સ્વરુપમાં ત્યારબાદ વાર્તા,નવલકથા,નાટક,આત્મકથા,રેખાચિત્રો જેવા સ્વરુપોમાં દલિત ચેતનાની અભિવ્યક્તિ થવા માંડી.આજે પાંચમાં-છઠ્ઠા દાયકામાં પ્રવેશલ ગુજરાતી દલિત સાહિત્યએ મૂખ્ય પ્રવાહના સાહિત્યમાં પોતાની ઓળખ નિશ્ચિત કરી છે.

સર્જનની સાથેસાથે સાહિત્યિક કૃતિની તપાસ,એનું વિવેચન,આસ્વાદન કરવું પણ જરુરી છે.જો એમ ન થાય તો સાહિત્યિક કૃતિનું મૂલ્ય જોખમાય છે.એના સારાં નરસા પાસાની જાણ થવી જોઈએ.ગુજરાતી દલિત સાહિત્ય સર્જનની સાથોસાથ એનું વિવેચન આસ્વાદન કરાવતાં પુસ્તકો પણ મળ્યા છે.બિન દલિત વિવેચકો-અભ્યાસુઓએ પણ દલિત સાહિત્યની તપાસ કરી છે.દલિત વિવેચકોમાં હરીશ મંગલમ,દલપત ચૌહાણ,ભી.ન.વણકર,પથિક પરમાર,રાજેશ મકવાણા,રતિલાલ રોહિત,કેસર મકવાણા,દીનુ ભદ્રેસરિયા,કાન્તિ માલસતર વગેરે નામો આપી શકાય તો બિનદલિત વિવેચકોમાં ભરત મહેતા,બાબુ દાવલપુરા,રઘુવીર ચૌધરી,સુમન શાહ,સતીષ વ્યાસ,મણિલાલ.હ.પટેલ વગેરેએ દલિત સાહિત્યકૃતિઓનું આસ્વાદન-વિવેચન કરી દલિત સાહિત્ય પ્રવાહને ઉત્તરોઉત્તર વેગવાન બનાવા માટે પોતાના સૂચનો કરતા રહ્યાં છે.

ગુજરાતી દલિત વિવેચનને લગતા પુસ્તકોની વાત કરીએ તો 'સંવિત્તિ'(૧૯૮૪), 'વિદિત', 'પ્રત્યાયન', 'પણછ', 'ગુજરાતી દલિત સાહિત્ય-સ્વાધ્યાય અને સમીક્ષા', 'અનુસંધાન', 'એકવચન', 'સમ્યક', 'યથાર્થ', 'નવોન્મેષ', 'રણદ્વિપ', 'પદચિન્હ', 'સમર્થન', 'શબ્દભેદ', 'દલિત ચેતના કેંદ્રિત હિન્દી-ગુજરતી ઉપન્યાસ', 'સાંપ્રત દલિત સાહિત્ય પ્રવાહ', 'પર્યાય', 'પ્રતિબદ્ધ', 'દલિત સાહિત્ય', 'દર્પણ', 'પ્રતિધ્વનિ', 'સૂર્યાયન', 'ગુજારતી દલિત નવલકથા ઉદભવ

અને વિકાસ', 'ગુજરતી દલિત સાહિત્યની કેડીએ', 'ગુજરતી દલિત સાહિત્યની રુપરેખા'(સંપાદન), 'ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં'(સંપાદન), 'દલિત કવિતાના ચાર દાયકા', 'દલિત કવિતાઃઉદભવ અને વિકાસ', 'દલિત સંવેદના અને સાહિત્ય', 'શબ્દ અને સંસ્કૃતિ', 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા ભાગ-૫', 'વિવિક્ષા', 'ગ્રામજીવનની આઠોતરી ગુજરાતી નવલકથા', 'કથાયન', 'વાર્તાપર્વ', 'કથાપર્વ', 'અણસાર', 'વાર્તારોહણ', 'સાહિત્ય અને સમાજ'વગેરે પુસ્તકો મળે છે.

'સંવિત્તિ'હરીશ મંગલમ અને મોહન પરમાર એમ સયુક્ત વિવચકો દ્વારા મળતું વિવેચનનુ આ પ્રથમ પુસ્તક દલિત કાવ્યસંગ્રહો અને સંપાદનોની કડક આલોચના કરે છે.શરુઆતના તબક્કે પૂરી વિવેચકીય સજ્જતા છતાં અધકચરા કવિતાફાલનું ક્ષમતા અને હિંમતથી કલાગત પૃથક્કરણ કરી આપ્યું છે.'વિદિત'હરીશ મંગલમનો દલિત સાહિત્ય વિવેચન/સમીક્ષા લેખોનો સંગ્રહ છે.દલિત સાહિત્યને સમજવા માટે દલિત સંજ્ઞાને સમજવી જરુરી બને છે.અહી તેમણે દલિત સંજ્ઞાને વધુ સ્પષ્ટ કરી,દલિત સાહિત્યનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અવલોકન કર્યુ છે.દલિત આંદોલન શું છે?દલિત સાહિત્ય શું છે?એનું ધ્યેય શું છે?વગેરેની સ્પષ્ટતા કરી ગુજરાતી દલિત સાહિત્યની પાયાની વિભાવનાઓ સમજાવી દલિત સંજ્ઞાના ભ્રામક ખ્યાલોને તોડી એક વિસ્તૃત સમજૂતી આપી છે.અહી તેમણે પાંચ દલિત કાવ્યરચનાઓનું રસદર્શી વિવેચન પણ કરી આપ્યું છે.તુલસીભાઈ પટેલ'વિદિત'ના ૧૧ વિવેચન લેખોની વાત કરતા નોંધે છે"આ પુસ્તકમાં શ્રી હરીશ મંગલમ દલિત સાહિત્યની વ્યાખ્યા આપતા ઉદાર દ્દષ્ટિકોણનો પરિચય આપે છે,ત્યારે દલિત સાહિત્યની સ્વીકૃતિ બાબતમાં ભદ્રવર્ગ પોતાના સંકીર્ણ વલણનો ત્યાગ કરશે કે?"[૨]

'પ્રત્યાયન'(જાન્યુ.૧૯૯૪) એ ભી.ન.વણકર પાસેથી મળતું દલિત સાહિત્ય વિવેચનનું પુસ્તક છે.આ પુસ્તકને તેમણે ક.દલિત સાહિત્ય(સૈદ્ધાંતિક,ઐતિહાસિક અને સામાજિક પીઠિકા ધરાવતા લેખો), ખ.પુસ્તક સમીક્ષા,ગ.કવિતા આસ્વાદ અને ઘ.મુલાકાત(જાણીતા દલિત સાહિત્યકાર યશવંત વાઘેલા સાથેની મૂલાકાત) એમ ચાર વિભાગમાં વહેચ્યુ છે.અહી નિવેદનમાં તેઓ જણાવે છે એમ છેલ્લા દસ વર્ષ દરમ્યાન દલિત સાહિત્યને અનુલક્ષી અલગ અલગ સમયે પ્રસંગોચિત લખાયેલા લેખો સંગ્રહિત થયા છે.તેઓ જણાવે છે"અહી,દલિત પીડિત,શોષિત વર્ગવિશેષની વેદના અને વિદ્રોહના સાહિત્યને સામાજિક સંદર્ભે સમજવાનો અને સમીક્ષા કરવાનો સવિશેષ અભિગમ છે."[3] 'સામાજિક નિસબતને તાકતી સમીક્ષા'રુપે પ્રસ્તાવના લખનાર સતીષ વ્યાસ જણાવે છે "અહીં દલિત કવિતા,વાર્તા,નવલકથા,નાટક,ચરિત્ર સાહિત્ય આદિની વિગત પ્રચૂર સામગ્રી અંકે કરવામાં આવી છે.દલિત સાહિત્યનો અભ્યાસ-આસ્વાદ કરવા માંગતા રસિકોને આમાંથી સારું એવું ભાથું મળી રહે એમ છે.શ્રી ભી.ન.વણકરની આ દિશાની પરિપક્વતા સમ્મિશ્રિત સજ્જતા પ્રશસ્ય છે."જોકે પુસ્તકની મર્યાદા બતાવતા તેઓ નોંધે છે "પુનરાવર્તનો ઘણાં છે-વિચારોનાં,વાક્યોનાં,પંક્તિઓનાં,અવતરણોનાં.લેખો જુદે જુદે સમયે થયા હોઈ આમ થયું હશે પણ ગ્રંથાકારે મુકાતાં એમાનાં ઘણાં પુનરાવર્તનો ગાળી શકાયાં હોત."[૪]

‘પણછ’(૨૦૦૧)હરીશ મંગલમનું દલિત કવિતા આસ્વાદ/વિવેચનનું પુસ્તક છે.અહી તેમણે પોતાને ગમેલી પચીસેક જેટલી દલિત કવિતાઓનો આસ્વાદ આપ્યો છે.અને અંતે ‘ગુજરાતી દલિત કવિતા-ઉદભવ અને વિકાસ’અભ્યાસલેખ પણ આપ્યો છે.કવિતા વિશે અને એમાં પણ દલિત કવિતાનું વિવેચન/આસ્વાદન કરતી વખતે વાચકે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ એ સમજવું હોય તો આ પુસ્તક જરુર વાચવું જોઈએ એમ મને લાગે છે.

‘ગુજરાતી દલિત સાહિત્ય-સ્વાધ્યાય અને સમીક્ષા’એ મોહન પરમાર અને હરીશ મંગલમના સંયુક્ત ઉપક્રમે સંપાદિત થયેલું પુસ્તક છે.આ પુસ્તકમાં ૧૨ કાવ્યસંગ્રહો,૬ વાર્તાસંગ્રહો,૧૩ નવલકથાઓ,૪ વિવેચન ગ્રંથ,૨ રેખાચિત્ર,૬ સંપાદન,૧ આત્મકથા,એક સંપાદકીય અને એક ગુજરાતી દલિત વાર્તાનો સ્વતંત્ર લેખ મળી ૪૫ અવલોકન લેખોનો સમાવેશ થાય છે.‘અનુસંધાન’એ ભી.ન.વણકર પાસેથી મળતું દલિત સાહિત્ય વિવેચનનું પુસ્તક છે.દલિત સાહિત્ય અંગેના લેખો,પુસ્તક સમીક્ષા,કાવ્ય આસ્વાદ,સર્જક પરિચય અને મૂલાકાત જેવા પાંચ વિભાગોમાં વહેચાયેલો છે.‘એકવચન’હરીશ મંગલમ પાસેથી મળતું ત્રીજું પુસ્તક છે.અહી દલિત સાહિત્ય વિશેના ૧૯ જેટલા લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.ડો.રાજેશ મકવાણા એકવચનને‘પ્રતિબદ્ધતાની પ્રત્યક્ષ પ્રતીતિ’કહી આવકારે છે.અહી દલિત કૃતિઓમાં ચાર કૃતિલક્ષી અવલોકનો છે.છ પ્રસ્તાવના લેખો,પાંચ ‘હયાતી’ના તંત્રીલેખો છે.વતનનું એક રેખાચિત્ર અને એક સાહિત્યિક મૂલાકાત છે.દલિત કવિ,વાર્તાકાર યશવંત વાઘેલા પાસેથી‘સમ્યક’વિવેચન લેખોનો સંગ્રહ ઈ.સ.૨૦૦૩માં મળે છે.અહી તેમણે ૧૦૮ જેટલા દલિત સર્જકોના કાવ્યસંગ્રહોના પરિશિષ્ટ સાથેના વિવેચન/સમીક્ષાત્મક લેખો આપ્યા છે.તેમણે ઈતિહાસના મૂળમા જઈને મહારાષ્ટ્રમાં ઉદભવેલું દલિત આંદોલન કઈ રીતે સાહિત્યિક આંદોલનમાં પરિવર્તિત થયુ અને વિકસ્યુ એની વિશદ ચર્ચા કરી છે.‘યર્થાથ’એ ભી.ન.વણકર પાસેથી મળતું દલિત સાહિત્ય વિવેચનનું ત્રીજું પુસ્તક છે.અહી ગુજરાતી,ભારતીય,અને વિશ્વકક્ષાની દલિત પીડિત કેન્દ્રી ૪૫ કવિતાના અવલોકનો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.ભી.ન.વણકર પાસેથી ચોથું પુસ્તક‘નવોન્મેષ’મળે છે.ભારતીય દલિત સાહિત્ય,બ્લેક લિટરેચર વિશેની પરિચયાત્મક લેખમાળા,ટોની મોરિસન અને નામદેવ ઢસાળની સર્જનયાત્રાના પરિચય સાથે ૩૨ વિવેચન લેખોનો સમાવેશ ઉપલબ્ધ થાય છે.‘રણદ્વિપ’(૨૦૦૩)ભી.ન.વણકરનું પાંચમું પુસ્તક છે.૩૧ દલિત સાહિત્યકારોના જીવન અને સર્જનનો પરિચય કરાવતું આ સંકલન દલિત સાહિત્યકારોના જીવનનો અંતરંગ પરિચય આપે છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં જેમનું આગવું યોગદાન છે એવાં કવિ,વાર્તાકાર,નવલકથાકાર દલપત ચૌહાણ પાસેથી દલિત સાહિત્યની ચર્ચા-આસ્વાદ આપતા ત્રણ વિવેચન લેખસંગ્રહ મળે છે.‘પદચિન્હ’,‘સમર્થન’અને‘શબ્દભેદ’. તેમનો પ્રથમ વિવેચન-લેખસંગ્રહ ‘પદચિન્હ’ ઈ.સ.૨૦૦૧માં મળે છે.આ સંગ્રહમાં કુલ ઓગણીસ લેખ છે.આ લેખોમાં તેમણે માત્ર ગુજરાતી દલિત કૃતિઓ વિશે જ નહી પણ કન્નડ અને હિન્દી સાહિત્યની બે દલિત કૃતિઓ વિશે પોતાનો અભ્યાસ રજૂ કરતા લેખો સમાવિષ્ટ કર્યા છે.

પ્રથમ છ લેખ (૧)દલિત કવિતા તરફ એક નજર.(૨)દલિત પદ્ય અને દલિત પ્રશ્નો.(૩)આધુનિકોત્તર કવિતા.(૪)સાંભળો,આ કવિને તમે ભૂલી નહી શકો! (૫)માનવીય સંવેદનાનો દસ્તાવેજ અને (૬)સ્વર્ગ તરફ પ્રયાણ વાયા ઓવરબ્રિજ ગુજરાતી દલિત કવિતા સંદર્ભેના છે. 'પદચિન્હ' પછી તેમની પાસેથી બીજો વિવેચન લેખસંગ્રહ'સમર્થન'મળે છે.આ સંગ્રહમાં કુલ ત્રેવીસ લેખો છે.જેમાં મોટાભાગના લેખો અલગ અલગ સ્થળોએ સેમિનારના ભાગરુપે રજૂ થયેલા છે.પ્રથમ ચાર લેખ સમગ્ર દલિત સાહિત્યને પ્રસ્તુત કરે છે.બે લેખ દલિત કવિતા વિશે,ત્રણ લેખ દલિત નવલકથા વિશે,છ લેખ દલિત વાર્તા વિશે,પાચ લેખ દલિત નાટક વિશે અને અન્ય મુદાઓને રજૂ કરતા લેખો મળે છે.દલિત ચેતના અને સાહિત્ય લેખમાં મહારાષ્ટ્રમાં શરુ થયેલુ દલિત સાહિત્યનું આંદોલન ગુજરાતી ભાષા સાહિત્યમાં ઉતરી આવ્યુ એ પહેલા ગુજરાતમાં દલિતોને જાગૃત કરવાનું કામ થઈ ચૂક્યુ હતું એમ તેઓ નોંધે છે.ગુજરાતી ભાષામાં અદલિત સાહિત્યકારો દ્વારા દલિત ચેતનાને અભિવ્યક્ત કરતી રચનાઓ મળે છે એમ તેઓ જણાવે છે.ઔધોગિક ક્રાંતિ અને શહેરો તરફની કૂચને લીધે દલિતોને ભણતરનો મોકો મળ્યો જેમાંથી દલિતોની એક ભણેલી-અક્ષરજ્ઞાન મેળવેલી પેઢી તૈયાર થઈ જેને દલિતોમાં જાગૃતિ લાવવાનું કામ કર્યુ એમ તેઓ જણાવે છે.સાહિત્યના સંપર્કમાં આવેલી આ પેઢીએ શબ્દ દ્વારા દલિતોની વેદનાને વાચા આપવાનું કામ કર્યુ.દલિત નાટક-એકાંકી દલિતચેતના-જાગૃતિમાં મહત્વનો ભાગ ભજવી શકે છે.ગુજરાતી દલિતસાહિત્યમાં દલિત સાહિત્યકારો દ્વારા નાટક એકાંકી લખાયા છે જેમાં વીરમાયાને વિષયવસ્તુ બનાવીને ઘણા નાટક-એકાંકી લખાયા છે.સાહિત્યનાં મુખ્ય પ્રવાહમાં ભવાઈને અસાઈત ઠાકરનું સર્જન માનવામાં આવ્યુ છે.આ જુઠાણાને નકારતા તેઓ અહી જણાવે છે"અસાઈત ઠાકરે બધા વેશ લખી લીધા પણ એ તેનું સર્જન નથી,તેણે લખી લીધા એટલુ જ સત્ય બાકી તો બધુ જુના સમયથી અસ્તિત્વમાં હતું જ,આ વેશમાં જ પહેલીવાર ક્રાંતિની વાતો સમાવાઈ છે."તો દલિત નવલકથાની પહેલી કૃતિના લક્ષણ તેમને ઈ.સ.૧૮૬૨માં સોરાબશા મુનસફ દ્વારા અનુવાદિત'હિન્દુસ્તાન મધ્યેનું ઝૂંપડું'માં દેખાય છે.એ પછી અત્યારસુધી લખાયેલી દલિત નવલકથાઓનો આલેખ રજૂ કર્યો છે.

'દલિત ચેતના કેન્દ્રિત હિન્દી-ગુજરાતી ઉપન્યાસ'(૨૦૦૪)એ સંશોધનના ઉપક્રમે ડૉ.ગીરીશકુમાર એન.રોહિત પાસેથી મળતું પુસ્તક છે.હિન્દી દલિત સાહિત્યની મૂખ્ય નવલકથાઓમાં 'છપ્પર'(જયપ્રકાશ કર્દમ), 'મિટ્ટીકી સોગંધ'(પ્રેમ કાપડિયા), 'જસી તસી ભઈ સવેર'(સત્યપ્રકાશ)અને 'મૂક્તિપર્વ'(મોહનદાસ નૈમિસરાય) તો ગુજરાતી દલિત સાહિત્યની નવલકથાઓમાં જોસેફ મેકવાનની 'આંગળિયાત','મારી પરણેતર', 'બીજત્રીજના તેજ', હરીશ મંગલમની 'તિરાડ', 'ચોકી',દલપત ચૌહાણની 'મલક', 'ગીધ', મોહન પરમારની 'પ્રિયતમા',બી.કેશરશિવમની 'શૂળ', 'મૂળ અને ધૂળ' અને ગણેશ આચાર્યની'અસ્તિત્વ'નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.ડૉ.પથિક પરમાર પાસેથી'સાંપ્રત દલિત સાહિત્ય પ્રવાહ'(૨૦૦૪)પુસ્તક મળે છે.આ પુસ્તકમાં ગુજરાતી દલિત કવિતા-૧,૨,'પ્રકંપ'અને 'પગેરું' કાવ્યસંગ્રહ,દમિયલ લોકલ' કાવ્યરચના, 'કુંભી'અને 'જીવ' વાર્તાસંગ્રહ, 'ડાહ્યા પસાની વાડી', 'શોષ'નવલકથા, 'માડી મને સાંભરે રે'રેખાચિત્રો અને સર્જન પ્રક્રિયા એમ બાર જેટલા લેખો મળે છે. 'પર્યાય'(૨૦૦૪)એ દલિતસાહિત્ય વિવેચક ભી.ન.વણકરનું પુસ્તક છે.આ પુસ્તકમાં તેમણે ૨૩ જેટલા લેખોને ત્રણ વિભાગમાં વહેચ્યા છે.સવાયા દલિત વિવેચક તરીકે જેમને

સન્માનિત કરવામાં આવ્યા છે અને ગુજરાતી સાહિત્યના મૂખ્ય પ્રવાહના સાહિત્યિક વિવેચનમાં જેમની નામના અને ઓળખ  છે એવા ડો.ભરત મહેતા પાસેથી 'પ્રતિબદ્ધ' નામનું પુસ્તક મળે છે.આ પુસ્તકમાં તેમણે દલિત વાર્તા,નવલકથાની વિવેચના આપી છે.ભી.ન.વણકર પાસેથી'દલિત સાહિત્ય'પુસ્તક મળે છે.તેમણે અહી પુસ્તકને ત્રણ વિભાગમાં વિભાજીત કર્યુ છે.દલિત સાહિત્યના નવોન્મેષને સામાજિક/ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તપાસવાનો પ્રયત્ન કર્યો છે.આ ઉપરાંત સ્વતંત્ર પ્રકરણોમાં મરાઠી,હિન્દી,પંજાબી,તેલુગુ,તમિલ અને પૂર્વોતર ભાષાઓના દલિત સાહિત્યનો સમીક્ષાત્મક પરિચય આપ્યો છે.જાણીતા દલિત કવિ અરવિંદ વેગડા પાસેથી કુલ અગિયાર લેખો સાથે બે સર્જક પરિચય અને ત્રણ પરિશિષ્ટનો સમાવેશ કરતું'દર્પણ'પુસ્તક મળે છે.મધુકાંત કલ્પિત નોંધે છે "હૃદયસ્પર્શી,ઊંડા પરિશીલનની ચાડી ખાતા અભ્યાસપૂર્ણ લેખો સાહિત્ય પદારથને સૂક્ષ્મ દ્રષ્ટિએ નિહાળી,તટસ્થ ભાવે નીડરતાથી પોતાના કથ્યને ઉદઘાટિત કરે છે.'દર્પણ'શીર્ષકને એમણે આ અર્થમાં પણ સાર્થક કરી આપ્યુ છે."[૫]

'સૂર્યાયન'એ ભી.ન.વણકરનું ૪૦ જેટલા દલિત કવિઓની કાવ્યરચનાઓનો આસ્વાદ કરાવતું પુસ્તક છે.દિનેશ દેસાઈ નોંધે છે"ભી.ન.વણકર પ્રતિબદ્ધ સર્જક તરીકે લેખન કર્મ કરતા રહ્યા છે.કાવ્ય-કાવ્યાસ્વાદ,ટૂંકી વાર્તાઓ,ચરિત્ર અને નિબંધોના મળીને ૧૪ પુસ્તકો તેમણે આપ્યા છે.'સૂર્યાયન'એમનો દ્વિતીય કાવ્યાસ્વાદ સંગ્રહ છે.૪૦ કવિઓની કવિતાઓના ગુણગ્રાહી આસ્વાદો કરવામાં આવ્યા છે.ચૂંટેલી કવિતાનું વૈવિધ્ય સામાજિક નિસબત સાથે અનુસંધાન ધરાવે છે."[૬]'દલિત સંવેદના અને સાહિત્ય'એ ડો.નાથાલાલ ગોહિલનું દલિત સાહિત્ય વિશેનું પુસ્તક છે.પુસ્તકની પ્રસ્તાવનામાં જોસેફ મૅકવાન લખે છે"આ ગ્રંથમાં સમીક્ષકે દલિત સાહિત્યની વિભાવના બાંધી ગુજરાતી દલિત સાહિત્યની સમીક્ષા કરવાનો ઉપક્રમ અહી સેવ્યો નથી.પરંતુ એમણે તો દલિત સંવેદના સાહિત્યરુપ કઇ રીતે ધારણ કરે છે તે દર્શાવી દલિત લોક સાહિત્ય,દલિત સંત સાહિત્ય,દલિત સમાજનું બારોટી સાહિત્ય અને દલિત સમાજમાં ચાલતી ધાર્મિક ગુપ્ત સાધના પરંપરા અને તેનું સાહિત્ય સંશોધનાત્મક દ્રષ્ટિથી અહીં મૂકી આપ્યું છે."[૭]'શબ્દ અને સંસ્કૃતિ'નામક ધીરુભાઈ ઠાકરના વિવેચન ગ્રંથમાં ગુજરાતી દલિત સાહિત્ય માટે એક અલાયદા પ્રકરણમાં દલિત સાહિત્યની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સુપેરે વાત કરી છે.'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા-ભાગ-૫'નામના ધીરુભાઇ ઠાકર દ્વારા લિખિત સાહિત્ય ઈતિહાસ વિષયક પુસ્તકમાં દલિત સાહિત્ય વિષયક એક અલગ પ્રકરણ રાખી ગુજરાતી દલિત સાહિત્યની નોંધ લેવામાં આવી છે.'વિવિક્ષા'એ ડો.હાસ્યદા પંડયાનું ગુજરાતી દલિત સાહિત્ય વિષયક પુસ્તક છે.કેફિયતમાં લેખિકા નોંધે છે"સાહિત્ય રુચિ,અધ્યયન અને અધ્યાપન નિમિત્તે અનેક પ્રવાહો અને સર્જન ધારામાં મહાલવાનું થયુ.વિવિધ સર્જકો અને વિવેચકો દ્વારા ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન થતું રહ્યું છે,તેમની ઉલ્લેખનીય કૃતિઓ,વિચાર સ્પર્શ્યા અને પડકારી ગયા.ગુજરાતી સાહિત્યક્ષેત્રે નારીવાદ અને દલિતવાદ પણ સળવળાટ કરતો ગતિ કરી રહ્યો હતો.અભ્યાસનો શાસ્ત્રીય માર્ગ જડયો."[૮]લેખો વિવિધ સાહિત્યિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં આપેલ વ્યાખ્યાનો છે અને વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલા છે.સાહિત્યિક પ્રકારો પ્રમાણે ૨૮ લેખો ચાર ભાગમાં વહેચાયેલા છે.

‘ગ્રામજીવનની આઠોતરી ગુજરાતી નવલકથા’એ ડો.કેસર મકવાણાનું આઠમાં દાયકામાં મળેલી જાનપદી નવલકથાઓનો અભ્યાસ રજૂ કરતું પુસ્તક છે.અહી તેમણે દલિત નવલકથાનો પ્રગટેલો નવોન્મેષ એ શીર્ષક હેઠળ જોસેફ મૅકવાનની‘આંગળિયાત’,‘લક્ષ્મણની અગ્નિપરીક્ષા’,‘મારી પરણેતર’,દલપત ચૌહાણની ‘મલક’,મોહન પરમારની ‘નેળિયું’,‘પ્રિયતમા’,હરીશ મંગલમની ‘તિરાડ’,‘ચોકી’એમ આઠ નવલકથાઓને દલિત સમસ્યા અને દલિત સંવેદનની દષ્ટિએ અવલોકી છે.બાબુ દાવલપુરાએ ગુજરાતી દલિત સાહિત્યને એમની વિવેચન દષ્ટિથી અવલોક્યું છે તેમની પાસેથી મળતાં ‘કથાયન’,‘વાર્તાપર્વ’,‘કથાપર્વ-૨’જેવા વિવેચન ગ્રંથોમાં દલિત નવલકથા,વાર્તા,રેખાચિત્ર સ્વરુપની કૃતિઓનું વિવેચન કરતા લેખો મળે છે.‘કથાયન’માં ‘આંસુ ભીનો ઉજાશ’,‘આંગળિયાત’ અને ‘અંધારું’ જેવી દલિત સમાજજીવનના કથાવસ્તુને આલેખતી નવલકથાઓની સમીક્ષા થયેલી મળે છે.‘વાર્તાપર્વ’માં મોહન પરમારની‘હિરવણું’,હરીશ મંગલમની ‘દાયણ’જેવી વાર્તાઓનું ટૂંકી વાર્તાના કળાકીય સ્વરુપની દષ્ટિએ વિશ્લેષણ-અવલોકન કર્યુ છે.તો‘કથાપર્વ-૨’માં તેમણે ‘તિરાડ’(નવલકથા),‘એરુંઝાંઝરું’(વાર્તા),‘મરદ કસુંબલ રંગ ચઢે’(વાર્તા)ની સમીક્ષા પ્રસ્તુત કરી છે.જાણીતા દલિત વાર્તાકાર–નવલકથાકાર મોહન પરમાર પાસેથી અણસાર વિવેચન સંગ્રહ મળે છે.આ સંગ્રહમાં ૨૧ લેખોમાંથી પાંચ લેખો દલિત સાહિત્યની સમીક્ષા અંગેના છે.‘સાહિત્ય અને સમાજ’એ વિદ્યુત જોશીનું સાહિત્ય અને સમાજ વચ્ચેના આંતરસંબંધોને પ્રસ્તુત કરતું પુસ્તક છે. આ પુસ્તકમાં તેમણે સાહિત્ય અને સમાજ વચ્ચેના આંતરસંબંધોની ચર્ચા કરી છે.તેમણે અહી ‘દલિત સાહિત્ય અને જૂથ સંદર્ભ’લેખમાં દલિત સંજ્ઞાના ઉદભવની દસ્તાવેજી માહિતી પીરસ્યા પછી દલિત સાહિત્યના સ્વરુપની ચર્ચા કરવામાં આવી છે અને દલિત સાહિત્યના વિવિધ પ્રકારોમાંથી હાથવગા થયેલા દલિત સાહિત્યનું સવિસ્તાર અવલોકન કર્યુ છે.‘દલિત કવિતાના ચાર દાયકા’જાણિતા દલિત કવિ પથિક પરમાર પાસેથી ગુજરાતી દલિત કવિતાના ચાર દાયકાની વિશેષતાઓ અને મર્યાદાઓ સમેત ચર્ચા કરતું પુસ્તક મળે છે.

## સંદર્ભસૂચિઃ

૧.હયાતી,સંપાદકઃહરીશ મંગલમ અને અન્ય,સપ્ટેમ્બર-૨૦૦૭,પૃ.૧૧૫

૨.એજન,પૃ.૮૫

૩.પ્રત્યાયન,ભી.ન.વણકર,ગૂર્જર એજન્સીઝ,પ્રથમ આવૃતિ ૧૯૯૪,પૃ.૫

૪.એજન,પૃ.૧૦

૫.હયાતી,સંપાદકઃહરીશ મંગલમ અને અન્ય,સપ્ટેમ્બર-૨૦૦૭,પૃ.૮૮

૬.બુદ્ધિપ્રકાશ,ઓક્ટોબર-૨૦૦૭

૭.હયાતી,સંપાદકઃહરીશ મંગલમ અને અન્ય,પૃ.૮૯

૮.એજન,પૃ.૯૦

**પ્રકરણ ૧.૭:**

## ગુજરાતી દલિત નિબંધ

ગુજરાતી દલિત સાહિત્યમાં નિબંધનું સ્વરુપ પણ ખેડાયું છે.ગુજરાતી દલિત નિબંધક્ષેત્રે જોસેફ મેકવાન(સંસ્કારના વાવેતર)બી.કેશરશિવમ(હયાતીના હસ્તાક્ષર અને ગાય–જો-ડેરો)દલપત ચૌહાણ(હું સંભારણા અને સફર)તેમજ સંપાદિત થયેલા નિબંધસંગ્રહોમાં ચંદુ મહેરિયા સંપાદિત'માડી મને સાંભરે રે'અને બાલકૃષ્ણ આનંદ સંપાદિત'પિતૃગાથા'નો સમાવેશ થાય છે.

ગુજરાતી દલિત સાહિત્યક્ષેત્રે જેમની વિશેષ ઓળખ છે એવા જોસેફ મેકવાન પાસેથી ત્રણ નિબંધસંગ્રહો મળે છે.૧.'પગલા પ્રભુના'(ચિંતનાત્મક)'વ્યતિતની વાટે'તેમજ'સંસ્કારના વાવેતર'દલિત નિબંધસંગ્રહ તરીકે વિશેષ ધ્યાન ખેંચે છે.ગુજરાત ટાઇમ્સની'તીર્થસલિલ'નામની કોલમના ભાગરુપે લખાયેલા ૩૦ જેટલા નિબંધોનો સંગ્રહ'સંસ્કારના વાવેતર'છે.નિબંધસંગ્રહના નિવેદનમાં નિબંધકાર જણાવે છે"ઉદારીકરણના વાવાઝોડા પછી મલ્ટિનેશનલ દેશોના અનેક દૂરિતો આપણાં બેઠકખંડોથી માંડી રસોડા સુધી પહોચી ગયા છે અને આપણી ઉછરતી પેઢી નૈતિક મૂલ્યો પ્રત્યે દિન-બ-દિન વધુને વધુ ઉદાસીન બનતી જઈ રહી છે,આવા સંક્રામક સમયે સત્વશીલ સાહિત્યનો પ્રચાર-પ્રસાર અગત્યનો બની રહે છે.માનવચેતનાને સંકોરવાની ક્ષમતા મારા આ લખાણોમાં ક્યાંક ને ક્યાંક પડી જ છે,તો એ પુસ્તકરુપે પ્રકાશિત થાય,એના પ્રતિસાદ રુપે'સંસ્કારના વાવેતર'રજૂ કરવા પ્રેરાયો છુ"[૧]ડો.રમેશ સાગઠિયા આ નિબંધસંગ્રહની સમીક્ષા કરતા જણાવે છે"આ નિબંધોને સર્જકના વાચન,વિચાર,ચિંતન-મનન,મનોવલણ વ્યથા,વિષાદ,વિદ્વતા,વ્હાલપ,વાસ્તવની સાથોસાથ ભાવપ્રબલતા,વિશ્લેષક તેમજ વિષયને તર્કસંગત,ભાવસંગત કે વિવેકસંપૂતતાનો લાભ મળે છે.તેઓશ્રી વિષયને લટકવા કે અટકવા દેતા નથી,તર્ક કરે પણ તારણ સુધી પણ પહોચાડે છે.સાંપ્રતસ્થિતિ સંદર્ભે ચિંતા કરે છે.તો ચિંતન કરીને તેનો અર્ક આપણને આપે પણ છે જ.દેશ-વિદેશના દાર્શનિકોના વિચારસૂત્રોથી નિબંધો નરવા-ગરવાને વિશિષ્ટ બને છે.નર્મ-મર્મ,વ્યંગ-વક્રોક્તિ,ઉપદેશ,શબ્દની પસંદગી,પ્રેમપ્રીતિ,લયલહેકો,દલિત સર્જનની છાપ,મુક્તકોથી માંડીને કહેવતો,રુઢિપ્રયોગો,વર્ણનો,સંવાદશૈલી,વ્યક્તિચિત્રોથી લઈને પોતીકું વક્તવ્ય એમના મનોવિશ્વને પામવા-માણવા ભાવકને મજબૂર કરે તેવાં છે.અભિવ્યક્તિના બળૂકા સર્જકના હાથવગા હથિયાર-ઓજાર તેમની પાસે છે જ.માનવ મહિમાની સાથોસાથ તેમની નિજાનંદી નિજમુદ્રા આ'સંસ્કારના વાવેતર'નિબંધસંગ્રહની વિશિષ્ટતા બને છે."[૨]

'પૂર્ણ સત્ય' જેવી આત્મકથા જેમની પાસેથી મળે છે એવા વાર્તાકાર-નવલકથાકાર બી.કેશરશિવમ પાસેથી'હયાતીના હસ્તાક્ષર' તેમજ'ગાય-જો-ડેરો' જેવા બે નિબંધસંગ્રહો મળે છે. 'હયાતીના હસ્તાક્ષર'ઈ.સ.૨૦૦૭માં પ્રકટ થયેલો તેમના ૧૭જેટલા નિબંધોને સંગ્રહિત કરતો નિબંધસંગ્રહ છે.આમાંના મોટાભાગના નિબંધો કોઈને કોઈ સામયિક,સેમિનાર-પરિસંવાદ સાહિત્યિક સંમેલન કે પ્રસંગોપાત પ્રગટ થયેલા છે.આ સંગ્રહના નિબંધોની સમીક્ષા કરતા ડો.રમેશ સાગઠિયા નોંધે છે "'હયાતીના હસ્તાક્ષર'નિબંધસંગ્રહમાં બધા જ નિબંધો વિષયસામગ્રીની દૃષ્ટિએ દલિત સમાજની ચિંતા-

ચિંતનથી લઈને સર્જકની કેફિયત તેમજ વિચાર,વાચન,વિશ્લેષણ,વિવેક તેમજ સમસ્યાઓ અને તેના ઉકેલ તરફી ઈશારા કરે છે.વાસ્તવ જીવન સાથેના ગાઢને ગુઢ નાતો ધરાવતા આ નિબંધો ભલે બહુ કલાત્મક નથી,પરંતુ વાસ્તવ સાથેનો તેનો સીધો સંબંધ છે તેને કલાત્મક રીતે મુકવાની સર્જકની મથામણ છે.ક્યાંક મુખરતા,વધુ તીવ્રાવેગ છે તો બોલી પ્રયોગો,કહેવતો,રુઢિપ્રયોગો,સંવાદશૈલી અને દેશ-વિદેશના સંદર્ભગ્રથોની અલગ યાદી થઈ શકે,તે દ્રષ્ટિએ આ વૈચારિક પક્ષના નિબંધો બને છે,છૂટાં છવાયાં પ્રસંગો સંવેદનની તીક્ષ્ણ ધારવાળા બન્યા છે,જે સર્જની મોટી સિદ્ધિ બની શકે તેમ છે.ઉદેશપ્રધાન ક્યાંક ઉપદેશપ્રધાન બની જાય છે,કેફિયતની દીર્ઘસૂત્રતા અને પુનરાવૃતિનો સર્જક ભાર ઓછો કરી શક્યાં હોત અંતે સર્વાંશે સામગ્રી,સંકલન,શબ્દ સંવેદના,સર્જકતા અને સંદેશની સાથોસાથ શીર્ષક બાબતે‘હયાતીના હસ્તાક્ષર’દલિત નિબંધસંગ્રહ તરીકે નોંધપાત્ર કૃતિ છે.”[3]

તેમની પાસેથી ગાય-જો-ડેરો બીજો નિબંધસંગ્રહ મળે છે .આ સંગ્રહમાં કુલ ૧૩ નિબંધો છે.નિવેદન લેખમાં ડો.બહેચરભાઈ પટેલ ‘ગાય-જો-ડેરો’ને ચરિત્રાત્મક સીમાસ્તંભરુપ નિબંધસંગ્રહ ગણાવે છે. કુલ ૧૩ નિબંધોમાંથી પ્રથમ ચાર નિબંધ પોતાના સર્જનની કેફિયત અંગેના છે.તો ત્રણ નિબંધ જાહેર જીવનને લગતા, છ નિબંધ વૈયક્તિક જીવનની અભિવ્યક્તિ વિશેના છે. ડો.રમેશ સાગઠિયા આ નિબંધસંગ્રહ વિશે પોતાનો પ્રતિભાવ આપતા જણાવે છે “પ્રસંગચિત્રો, પ્રકૃતિચિત્રો, વ્યક્તિચિત્રો, સમાજચિત્રો અને માનસચિત્રોમાં તેમની દલિત સર્જકની પ્રતિબદ્ધતા દેખાતી રહે છે.ટટ્ટાર અને તેજસ્વી, ટકોર અને વિષાદની તીવ્ર ચીસ, સૂક્ષ્મ નિરીક્ષણ અને સહજ અભિવ્યક્તિથી આ નિબંધો વિશિષ્ટ બન્યા છે.”[૪]

‘માડી મને સાંભરે રે’ચંદુ મહેરિયા સંપાદિત ૨૧ જેટલા નિબંધોનો સંગ્રહ છે.દલિત સર્જકોના પોતાના માતૃમહિમાને પ્રગટ કરતા આ નિબંધો છે.‘નયા માર્ગ’માં ૧૯૮૫થી૧૯૯૨ના અંકોમાં છપાયેલા ૨૧ જેટલા નિબંધો આ સંગ્રહમાં સ્થાન પામ્યા છે.આ સંગ્રહના નિબંધો વિશે ડો.રમેશ સાગઠિયા જણાવે છે“આ એકવીસ નિબંધના શીર્ષક કાવ્યાત્મક શૈલીના ભાવપ્રધાન છે.નીરવ પટેલના માતા દીવાળીમા,જોસેફ મેકવાનના માતા હીરીમા,બબલદાસ ચાવડાના માતૃશ્રી માણેકમા,હરીશ મંગલમના માતા દીવાબેન,દલપત ચૌહાણના માતા મોંઘીમા,ડેનિયલ મૅકવાનના માતા જીવીમા,પ્રા.યશવંત વાઘેલાના માતા પૂ.મોતીબહેન,શ્રી મધુકાંત કલ્પિતના માતા મંછીમા,પથિક પરમારના માતાશ્રી મૂળીબેન,જસુમતી પરમારના માતા રેવામા,કિસન સોસાના માતા રતનમા અને ચંદુ મહેરિયાના માતા ડાહીબેન ઉપરાંત લાડુભાભી,કાળુમા,નાથુમા,ધૂળીકાકી, જેવાં માતૃતીર્થ વ્હાલપના વિરામ-વિશ્રામ સ્થાનો છે.”[૫]

માતૃવંદનાની જેમ જ પિતાના વ્યક્તિત્વને વ્યક્ત કરતો ‘પિતૃગાથા’નિબંધસંગ્રહ બાલકૃષ્ણ આનંદના સંપાદન હેઠળ મળે છે.અહી દલિત સર્જકો દ્વારા લખાયેલા ૫૧ જેટલા નિબંધો સ્થાન પામ્યા છે.સંપાદક નિવેદનમાં જણાવે છે એમ“ડો.નરેન્દ્ર જાધવની મરાઠી કુળ કથાનો ગુજરાતી અનુવાદ‘અમારો બાપ અને અમે’(અનુવાદ:કિશોર ગૌડ)વાંચીને,મારાં એકલાના બાપ વિશે લખાય એના કરતાં અન્ય કેટલાક દલિત બાપાઓ વિશે લખાય તો અનેકઘણું વૈવિધ્ય અને ઐતિહાસિક તથ્યો ઉજાગર થાય.”[૬]આ સંગ્રહના નિબંધોનું અવલોકન કરતા ડો.રમેશ સાગઠિયા નોંધે છે“સ્વજનોના લેખનકાર્યમાં આત્મિય

ભાવના ઘાટાંને ઘેરા લાગણીના રંગો ભળી જતાં જ હોય છે.અહીયા તે દલિત મિજાજને મનોભાવના પણ વાચક બનતા જોઈ શકાય છે.ભલે બહું તટસ્થ ન બની રહેતા હોય,તો પણ સંપૂર્ણ પૂર્વગ્રહવશ થયેલા આ નિબંધો નથી.તેની ખૂલી અને ખેલદિલ ખાનદાનીની નોંધ પણ પિતૃગાથા સંદર્ભે લેવી રહી.ભાવપક્ષે આ નિબંધો વધુ તીવ્ર અને ગતિશીલ,જીવંતને જાજ્વલ્યમાન છે.કાળી મજૂરી કરીને જીવતરને વફાદાર રહેતાં,કરુણાશીલ અને કર્મયોગીની ગુણગરિમાનું ગાન કરતી પિતૃગાથા કહે છે.સંસ્કાર,સમજણ,શીલ અને જીવનસંવાદ એ કોઈનો ઈજારો નથી.બાવન કલમોની સત્વસમૃદ્ધિ અને સંવેદન સમૃદ્ધિ પ્રસ્તુત નિબંધની નિજમુદ્રા છે,તેનાથી શોભતી પ્રસ્તુત કૃતિ ખરે જ ગુજરાતી દલિત નિબંધસંગ્રહની ઐતિહાસિક શબ્દઘટના ગણી શકાય."[૭]

## સંદર્ભ સૂચિઃ


૧.સંસ્કારના વાવેતર,જોસેફ મેકવાન,પ્રથમ આવૃતિ ૨૦૦૩,નિવેદન

૨.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ   ૨૦૧૩,પૃ.૧૦૪

૩.એજન,પૃ.૧૦૬-૧૦૭

૪.એજન,પૃ.૧૦૭

૫.એજન,પૃ.૧૦૯

૬.પિતૃગાથા,સંપાદકઃબાલકૃષ્ણ આનંદ,નિવેદન

૭.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૩,પૃ.૧૧૨

## પ્રકરણ ૧.૮

## ગુજરાતી દલિત પ્રકીર્ણ સાહિત્ય

કવિતા, ટૂંકી વાર્તા, નવલકથા, નાટક-એકાંકી, આત્મકથા, નિબંધ, વિવેચન જેવા સ્વરુપોના ખેડાણની સથે ગુજરાતી દલિત સાહિત્યમાં રેખાચિત્ર,જીવનચરિત્ર તેમજ અનુવાદ ક્ષેત્રે પણ સારું એવું ખેડાણ થયેલું જોવા મળે છે. સૌ પ્રથમ ગુજરાતી દલિત સાહિત્યમાં મળેલી રેખાચિત્રના સ્વરુપની કૃતિઓની જાણકારી મેળવી લઈએ. ગુજરાતી દલિત રેખાચિત્રમાં જોસેફ મેકવાનનું નામ અગ્ર હરોળમાં છે.તેમની પાસેથી મળતાં રેખાચિત્રો ગુજરાતી દલિત સાહિત્યમાં જ નહી પણ મૂખ્ય પ્રવાહના સાહિત્યમાં પણ અલગ ભાત પાડે છે. તેમની પાસેથી અગિયાર સ્વતંત્ર રેખાચિત્ર સંગ્રહો પ્રાપ્ત થાય છે.'વ્યથાના વિતક', 'વ્હાલના વલખાં', 'મારી ભિલ્લું', 'જનમજલાં','જીવતરના નાટારંગ', 'માણસ હોવાની યંત્રણા','ન યે ચાંદ હોગા', 'રામના રખોપા', 'લખ્યા લલાટે લેખ', 'નીંભાડે નીપજેલા', 'ધરતી જાયા ધીંગા મનેખ'એ તેમના રેખાચિત્ર સંગ્રહોના નામ છે. તેમનો પ્રથમ રેખાચિત્ર સંગ્રહ ઈ.સ.૧૯૮૫માં પ્રગટ થાય છે.આ સંગ્રહના કુલ ૧૯ પ્રકરણમાં લાડુભાભી, શામળી, રુથભાભી, હેઝલ, પશી, આશીમા વગેરે જેવી સ્ત્રીઓનું રેખાચિત્ર મળે છે. દલપત ચૌહાણ જણાવે છે "સ્વામી આનંદ પછી ગુજરાતી દલિત સાહિત્યમાં જોસેફ મેકવાન 'વ્યથાના વીતક'લઈ આવે છે.જાણે કે ત્યારથી જ દલિત સાહિત્યની કળાઓ ઉઘડવા માંડે છે.જોસેફ મેકવાને ગુજરાતી રેખાચિત્રોનો ચહેરો બદલી નાખ્યો.માનવીય સંવેદના,દલિત જીવતરના ભાવ-અભાવ,સુખ દુઃખ,જીવાતું જીવન,યથાર્થ અને ગ્રામ જીવનનું યથાતથ જીવતર હૂબહૂ ચિતર્યું છે"[૧]

જીવનચરિત્ર સ્વરુપની રચનાઓ પણ દલિત સાહિત્યમાં મળે છે.જો કે કોઈ દલિત વ્યક્તિ કે સાહિત્યકારનું જીવનચરિત્ર લખાયેલું મળતું નથી.મરાઠી દલિત સાહિત્યમાં જીવનચરિત્ર લખાયાં છે ખાસ કરીને ડો.બાબાસાહેબ આંબેડકરના જીવન વિશેના પુસ્તકો અને જીવનચરિત્ર ભાષાંતરિત થઈને ગુજરાતીમાં આવ્યા છે.આ સીવાય કેટલાક સાહિત્યકારોએ બાબાસાહેબના જીવનપ્રસંગોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.જેમાં'આર્ષદષ્ટા ડો.બાબાસાહેબ આંબેડકર'(ડો.પી.જી.જ્યોતિકર,૧૯૯૮)'દલિતોના મસીહા'(જયસિંહ વ્યથિત,૧૯૯૧)'ડો.આંબેડકર'(ચંદુ મહેરિયા,૨૦૦૨)'પૂજ્ય માતા રમાબાઈ આંબેડકર'(રાજન પટણી,૨૦૦૪)નો સમાવેશ થાય છે.

સંદર્ભ સૂચિઃ

૧.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૯૬